
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ


વાર્ષિક લવાજમ
રૂ. ૧૨૫/-
સપ્ટેમ્બર, ૨૦૨૧



## દયા અને દિવ્યતાના દસ્તાવેજ

લાખો પત્રો દ્વારા પ્રમુખસ્વામી મહારાજના
ટેરવેથી ટપકતું આત્મીયતાનું અમૃત ઝરણું...






તીર્થધામ સારંગપુરમાં બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાન્નિધ્યમાં રક્ષાબંધન પર્વ ભક્તિભાવપૂર્વક ઊજવાયું હતું. સ્વામીશ્રીએ દેશ-વિદેશના તમામ ભક્તોની સર્વપ્રકારે રક્ષા થાય તેવી પ્રાર્થના સાથે આશીર્વાદ આપીને રાખડીઓ પ્રસાદીભૂત કરી આપી હતી. આજે રાખડીઓથી સુશોભિત હિંડોળે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને ઝુલાવીને સ્વામીશ્રીએ ભક્તિ અદા કરી હતી. (તા. ૨૨-૮-૨૦૨૧)

શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય



# પત્રો દ્વારા પ્રમુખસ્વામી મહારાજના ટેરવેથી ટપકતી અવિરત પ્રેમધારા...

પ્રસિદ્ધ જર્મન કવિ, વિજ્ઞાની અને લોકનેતા જોહાન વોલ્ફગંગ ગોથેએ લખ્યું છે:

‘પત્રો એ માનવીની સૌથી મોટી સ્મૃતિ છે, જે તેની પાછળ મૂકી જાય છે.’

તો પત્રલેખન વિષે લાગણીસભર શબ્દો ઉચ્ચારે છે, કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોર:

‘પત્ર તો ફક્ત કાગળ ઉપર લખાયેલા શબ્દોનો જ વાહક છે. શબ્દોમાં રહેલી લાગણીની ભીનાશ અને તપશ્ચર્યાને દર્શાવવામાં તો એ હંમેશાં નિરુત્તર જ રહે છે. હૈયું વલોવીને, ઉજાગરા વેઠીને, આંખમાં અશ્રુઓ સાથે લખાયેલા પત્ર પાછળ રહેલી આ તપશ્ચર્યાની બીજે દિવસે સજીધજીને, ટેબલ ઉપર બેસીને, નિરાંતે ચા ગટગટાવતા આ પત્રના વાંચનારને શું ખબર હોય?’

પત્રલેખન, એટલે લાગણીઓના કે ભાવનાઓના પ્રવાહ વહાવતું એક અનોખું માધ્યમ. પત્રો એટલે જાણે એક સ્મારક. સદીઓથી પત્રો માનવી-માનવીની લાગણીઓને જોડતો સેતુ બની રહ્યા છે. દૂર દૂર વસતા પરિચિતો, સ્વજનો, પ્રિયજનો, રોજ પત્રોની કાગડોળે રાહ જોતા હોય, એવો હજુ થોડાં વર્ષ પહેલાંનો જ માહોલ હતો. ટપાલી ટપાલ લાવે ત્યારે જાણે લાગણીઓની લ્હાણી કરતો હોય એવું લાગતું. પરંતુ હવે હાથે લખેલા પત્રોથી જામતું સ્નેહ-લાગણીઓનું એ વાતાવરણ મુરઝાઈ રહ્યું છે. ચોવીસેય કલાક હાથવગા મોબાઈલ ફોન અને એસએમએસ, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક જેવાં સોશિયલ માધ્યમોના આ યુગમાં નવી પેઢી માટે હાથે લખેલા પત્રોનો સ્પર્શ દુર્લભ બન્યો છે.

એવા સમયે જેમના પત્રલેખન માટે એક વિશાળ કદનો ગ્રંથ પણ ઓછો પડે એવા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની યાદ આવે છે.

માણસ લખી લખીને એક જીવન-કાળ દરમ્યાન કેટલા પત્રો લખી શકે? એના તમામ સંભવિત ઉત્તરો કરતાં પ્રમુખસ્વામી મહારાજે વધુ પત્રો લખ્યા-વાંચ્યા હતા!

સાડા સાત લાખ પત્રો!

પ્રમુખસ્વામી મહારાજનો પત્ર-વ્યવહાર એટલે અસંખ્ય લોકોના સર્વાંગી ઉત્કર્ષ માટે સતત ચાલતો એક યજ્ઞ, જેમાં તેઓએ પોતાના અસ્તિત્વને હોમી દીધું હતું. કેવી પરિસ્થિતિ, કેવા સંજોગોમાં તેમણે નાનામાં નાના હરિભક્ત કે બાળકોના પત્રોની સાચા પ્રેમથી માવજત કરી છે, તે જેણે નજરે નીરખ્યું છે, તે ક્યારેય વીસરી નહીં શકે.

પ્રમુખસ્વામી મહારાજ ગામડે-ગામડે ઘૂમતા હોય, રોજનાં છ-સાત ગામડાંઓમાં વિચરણ અને અવિરત પધરામણીઓનો અહોરાત્ર ચાલતો દોર, ઠેર ઠેર જાહેર સભાઓ અને સત્સંગ સમારોહો, રોજના સેંકડો ભક્તો-ભાવિકો સાથે વ્યક્તિગત મુલાકાતો અને વળી, તેમના પ્રશ્નોમાં સહભાગી થવાનું, સાથે સાથે એક-એક વ્યક્તિને મળી મળીને એમનો નિરંતર ચાલતો વ્યસન-મુક્તિ યજ્ઞ, અને દિન-રાત દેશ-વિદેશમાં અનેક આયામોમાં વિસ્તરતી બી.એ.પી.એસ. સંસ્થાના સંપૂર્ણ સંચાલનનો અતુલનીય કાર્યભાર તો ખરો જ! એમાં રોજ ભક્તોના-ભાવિકોના-આમ જનતાના વ્યક્તિગત કે પારિવારિક સમસ્યાઓના પત્રોના ઢગલા થાય! અને એ દરેક પત્ર લખનારને

“

**‘દરેકમાં પરમાત્માનાં દર્શન કરતાં શીખીએ તો પછી કોને ત્રાસ આપવાનું મન થાય? કોને હેરાન કરવાનું મન થાય? જે પરમાત્મા તમારામાં છે એ જ સામામાં છે. એ જ બધામાં છે, ને એ જ પશુ-પક્ષી કે નાનાં જીવ જંતુમાં છે. આટલું સમજાય તો દુનિયામાંથી હિંસા બંધ થઈ જાય. શાંતિ શાંતિ થઈ જાય...’**

**– પ્રમુખસ્વામી મહારાજ**

”

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય – સાધુ અક્ષરવત્સલદાસ

૬. શતાબ્દી પ્રસંગસ્મૃતિ - રેલવે સ્ટેશનના કોલાહલ વચ્ચે ભક્તવત્સલતાના હસ્તાક્ષર...

૮. શતાબ્દી બોધ-સ્મૃતિ - ભગવાન માટે રાજીપે લાલી લેખે કરવું...

૧૦. શતાબ્દી પ્રેરક અનુભૂતિ - પ્રમુખસ્વામીજી જે હંમેશાં બીજાને આગળ લાવે છે...

૧૨. સ્વામિનારાયણીય પત્ર-સાહિત્યનો વિરલ ખજાનો – સાધુ અક્ષરવત્સલદાસ

૧૮. દયા અને દિવ્યતાના દસ્તાવેજ – સાધુ આદર્શજીવનદાસ

૩૦. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૪૨. યુએઈ ખાતે નિર્માણાધીન મંદિરમાં યોજાયો કુંભી પૂજનવિધિ

૪૩. ગઢપુર ખાતે યોજાઈ મેડિકો સ્પિરિચ્યુઅલ સ્ટુડન્ટ્સ કૉન્ફરન્સ

૪૪. ચીનો હિલ્સ મંદિરની દર્શન-મુલાકાતે જમૈકા દેશની ટ્રેક ટીમ

૪૮. અક્ષરવાસ

૫૦. યોગ અને અધ્યાત્મ


સ્વામીશ્રી સાથે આત્મીયતાનો કે શ્રદ્ધાનો એક અતૂટ નાતો હોય! અને એટલે જ એ સૌ સ્વામીશ્રીના પ્રત્યુત્તરની કાગડોળે રાહ જોતા હોય, કારણ કે એ પત્રો દ્વારા જાણે સ્વયં સ્વામીશ્રી તેમને મળીને તેમની સમસ્યાને ઉકેલવાના છે એવી પત્ર લખનારા સૌની દૃઢ શ્રદ્ધા હતી!

પરંતુ આવી એક સેકન્ડનીય ફુરસદ ન હોય તેવી રોજની ઘટમાળમાં પ્રમુખસ્વામી મહારાજને પત્રલેખનનો સમય ક્યાંથી મળતો હતો? અને તે પણ આટલા બધા પત્રો! હા, કોઈને પણ સવાલ થાય. પરંતુ જવાબરૂપે, અતિ વ્યસ્તતા વચ્ચે પણ સેકંડ-સેકંડનો સમય બચાવીને પત્રલેખન કરતા પ્રમુખસ્વામી મહારાજનાં કેટલાંક દૃશ્યોનું સહજ સ્મરણ થાય છે:

ગાડાં-ટ્રેક્ટરમાં સ્વામીશ્રીની નગરયાત્રા ચાલતી હોય, આભે ચડેલો સૂર્ય ઉપરથી ગરમીનો પ્રકોપ વરસાવતો હોય, ગુલાલની સાથે ધૂળનીય ડમરીઓ ઊડતી હોય, ભજનમંડળીઓનો અને ક્યારેક બૅન્ડવાજાં તો ક્યારેક શરણાઈ-ભૂંગળ-પિપૂડીઓનો કોલાહલ અકળાવી મૂકે તેવો હોય, વચ્ચે-વચ્ચે સ્વામીશ્રીને હાર-તોરા પહેરાવવા આવનારાઓની હારમાળા લાગી હોય, આવી ઘોંઘાટભરી પરિસ્થિતિ વચ્ચે શાંત ચિત્તે એકાગ્રતાથી સતત ૨-૩ કલાક ચાલતી નગરયાત્રામાં સ્વામીશ્રી ભક્તો-ભાવિકોના પત્રો વાંચતા હોય! ૧૯૭૦-૧૯૮૦-૯૦ના દાયકાઓમાં સ્વામીશ્રીનાં આ દર્શન સહજ હતાં.

એ દૃશ્ય પણ યાદ આવે છે કે સવારના પહોરમાં સ્વામીશ્રી દાતણ કરવા બિરાજ્યા હોય, ત્યારે પણ ડૉક્ટર સ્વામી અથવા અન્ય પત્ર-સેવક તેમની બાજુમાં બેસીને મોટેથી પત્ર-વાંચન કરતા હોય અને તેને સાંભળીને સ્વામીશ્રી તેનો પ્રત્યુત્તર પાઠવતા હોય!

વાસદમાં ૧૦૨ ડીગ્રી તાવે સ્વામીશ્રીને ઘેરી લીધા હતા, એમાં વળી ભર ઉનાળાના તાપ વચ્ચે એકાદશીના નિર્જળ ઉપવાસમાં ૧૨૦ ઘરોમાં વીજળી વેગે ચાલતી હતી તેમની પધરામણીઓ! સૌએ કહ્યું: ‘આપને તાવ છે, માટે હવે ઉતારે જઈને આપ આરામ કરો.’ પરંતુ સ્વામીશ્રીએ આરામને બદલે એકાદશીનું આખું બપોરીયું; તાપ, તાવ અને ભૂખ કે થાકને ગણકાર્યા સિવાય, એક જ આસને બેસીને પત્રલેખન કર્યું!

સ્વામીશ્રીને દાંતનાં ચોકઠાંની તકલીફ વર્ષો સુધી રહી. મુંબઈમાં એવી તકલીફ માટે લગભગ રોજ દાદરથી કોલાબા દાંતના દવાખાને જતા હતા. એકવાર સ્વામીશ્રી ગાડીમાં બેસવા જતા હતા અને કોઈકે એમને એક પત્ર આપ્યો. ચાલુ વાહને એ પત્ર વાંચીને સ્વામીશ્રીએ રસ્તામાં જ સેવકની ડાયરીમાંથી એક પાનું લઈને પત્રનો ઉત્તર લખી દીધો, અને દવાખાનેથી મંદિરે પાછા પધાર્યા એટલે તરત યોગ્ય વ્યક્તિને એ પત્ર હાથોહાથ આપી પણ

dીધો!
આ હતી તેમની ત્વરા!
એકવાર તેઓ ગોંડલમાં સ્મૃતિ મંદિરે દર્શને જઈ રહ્યા હતા. રસ્તામાં એક ભાઈ પત્ર આપી ગયા. ચાલતાં ચાલતાં જ ચિઠ્ઠી ખોલીને સ્વામીશ્રીએ તે વાંચી લીધો અને એક ઠેસ આગળ જ એ વાંચન પૂરું થયું! સ્વામીશ્રીએ ત્યાં ને ત્યાં તે હરિભક્તને એનો ઉત્તર આપી દીધો. એક ભક્તના જીવનમાં આવેલી મુશ્કેલીને હટાવવા માટે સ્વામીશ્રીએ પોતાના પગ આગળ આવેલી ઠોકરને સ્વીકારી લીધી.

સ્વામીશ્રીને મન એ એક-એક પત્રને સંભાળવો તે ભક્તિરૂપ હતો. એટલે જ તેમને ક્યારેય સંજોગો નડી શક્યા નહીં.

દેવગઢ બારિયામાં એક ઘરે સ્વામીશ્રીએ રાત્રે અલ્પાહાર કર્યો અને જમવાના આસને જ સ્વામીશ્રીએ પત્રવાંચન શરૂ કર્યું. એટલામાં લાઈટ ગૂલ થઈ, પરંતુ સ્વામીશ્રીએ મીણબત્તીના ઝાંખા અજવાળે વાંચવાનું ચાલુ જ રાખ્યું. આવા તો સેંકડો પ્રસંગોની હારમાળા અહીં નોંધી શકાય તેમ છે.

સ્વામીશ્રીએ ૧૯૭૭ના વિદેશપ્રવાસ દરમ્યાન એક પત્રમાં લખ્યું હતું: '...પ્રવાસનો પાર નહિ અને ટપાલનો પણ પાર નહિ. તે ઊઠતાં-બેસતાં-સૂતાં ને મોટરમાં તે જ કરવાનું. ત્યારે પહોંચી વળાય છે. બાપાનું બળ છે તે થાય છે.'

પળેપળનો ઉપયોગ કરીને પત્રો દ્વારા લાખો ભક્તોને પ્રેમની દોરીએ આશ્વાસન-માર્ગદર્શન-પ્રેરણા આપતા સ્વામીશ્રીના પત્રલેખનના આ અપાર શ્રમને આપણે ક્યાંથી સમજી શકીએ!

લીંબડીમાં નગરપાલિકા તરફથી સ્વામીશ્રીનો જાહેર સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો સ્વામીશ્રીની દિવ્યતાનાં ગુણગાન ગાઈ રહ્યા હતા. સામે ઊમટેલા હજારો ભક્તો-ભાવિકો પણ સ્વામીશ્રી તરફ મીટ માંડીને બેઠા હતા. આ દરમ્યાન સ્વામીશ્રીને સન્માનપત્ર અર્પવાની એ પળ આવી, જેના માટે આ સમારોહ હતો. સ્થાનિક જનતા વતી મહાનુભાવો સન્માનપત્ર લઈને છેક સ્વામીશ્રીના આસન સુધી પહોંચી ગયા ત્યાં સુધી સ્વામીશ્રી પત્રલેખનમાં વ્યસ્ત હતા. કોઈકે ધ્યાન દોર્યું એટલે સહજતાથી ચશ્માં બાજુમાં મૂકીને નમ્રતાપૂર્વક સન્માનપત્રનો સ્વીકાર કર્યો અને બીજી જ ક્ષણે પાછા મશગૂલ બની ગયા!

સ્વામીશ્રીને મન પોતાને મળતાં સન્માન કરતાંય મહત્ત્વના હતા પત્રો, જેમાં લોકોનાં દુ:ખ-દર્દ હતાં.

આવી ઘટનાઓ પણ અગણિત છે. જેના માટે સ્વામીશ્રી બત્રીસ-બત્રીસ વર્ષથી પ્રયાસ કરી રહ્યા હતા એ દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામના

(અનુસંધાન પૃષ્ઠ ૪૭ પર)

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૩, અંક : ૯, સપ્ટેમ્બર, ૨૦૨૧**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક** : સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક પ્રસંગસ્મૃતિઓ...


# શતાબ્દી સ્મૃતિ



## રેલવે સ્ટેશનના કોલાહલ વચ્ચે ભક્તવત્સલતાના હસ્તાક્ષર...

તા. ૩૧-૧૨-૧૯૮૯નો બપોર પછીનો સમય હતો. પ્રમુખસ્વામી મહારાજ દક્ષિણ ભારતમાં કોઈમ્બતુરમાં બિરાજમાન હતા. તેઓને ઈશ્વરચરણદાસ સ્વામીના ફોન દ્વારા સમાચાર મળ્યા કે અમદાવાદના અગ્રણી હરિભક્ત શ્રી અંબાલાલભાઈ બકરીપોળવાળા ૩-૧૫ વાગે અક્ષરનિવાસી થયા છે. સત્સંગના સંનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી તેથી તેઓના મુખ ઉપર ગ્લાનિના ભાવો ઊપસી આવ્યા. તેઓને અંજલિ અર્પીને પ્રાર્થના કર્યા બાદ સ્વામીશ્રીએ કહ્યું, 'ભગતે બહુ સેવા કરી. મહેસાણામાં આ વખતે વિચરણમાં ભેગા હતા. સત્સંગની સારી સેવા કરી. કથા-વાર્તાના ઈશકી. અમદાવાદ મંદિરના પાયામાં.' ત્યારબાદ તેઓના દીકરા માણેકભાઈને ફોન જોડ્યો અને બળ આપતાં કહ્યું, 'ભગત તો ધામમાં જ બેઠા છે. એમણે આપણને ખૂબ સત્સંગ આપ્યો છે. જોગી બાપાને રાજી કર્યા છે. એટલે શોક કરવાનો હોય નહીં. જો કે આખા સત્સંગને ખોટ પડી છે. ત્યાં ધૂન કરજો. બીજું કાંઈ કરવું નહીં. જેથી બધાને શાંતિ રહે. સંતો અંતિમ વિધિ કરવા આવશે. જો કે અમારે આવવું જોઈએ, પણ દૂર છીએ. અહીં અમે પ્રાર્થના કરી છે. આશીર્વાદ છે.' એમ કહીને તેઓને બળ અને હૂંફ પૂરાં પાડ્યાં.

આજે સ્વામીશ્રી અહીંથી વિદાય લેવાના હોવાથી કાર્યક્રમમાં ખૂબ જ વ્યસ્તતા હતી. વળી, મળનારા મહાનુભાવો ઉપરાંત પ્રસિદ્ધ



કોઈમ્બતુરના સ્ટેશન પર ધમાલ અને કોલાહલ વચ્ચે ટ્રેન ઊપડવાની છેલ્લી ક્ષણોમાં પણ પત્રલેખન કરીને ભક્તો પર વાત્સલ્યની ગંગા વહાવતા સ્વામીશ્રીની આ છબિ એક સાથે કેટલા બધા સંદેશ આપી જાય છે... (છબિ સામેના પૃષ્ઠ પર)

સંતો-મહંતો પણ પધારવાના હતા. આથી, સમયનો અભાવ હતો. પરંતુ તેમ છતાં સ્વામીશ્રીને અમદાવાદ ખાતે ઈશ્વરચરણદાસ સ્વામી અને કોઠારી સત્સંગિજીવનદાસ સ્વામીને ફોન કરીને અંબાલાલભાઈના અગ્નિસંસ્કાર માટે વિગતપૂર્વક સૂચનાઓ આપવાની ઇચ્છા હતી.

પરંતુ કાર્યક્રમની ઘટમાળ એવી હતી કે તેમાં વચ્ચે ક્યાંય જગ્યા જ નહોતી. સ્વામીશ્રીએ આમ તો અંબાલાલભાઈના પરિવારને ફોન દ્વારા સારી રીતે મળી જ લીધું હતું. વળી, તેમના અંતિમ સંસ્કાર માટે પણ પૂરી સૂચનાઓ આપી જ દીધી હતી. આમ છતાં, સ્વામીશ્રીના મનમાં એક પત્ર લખવાનું રમતું હતું.

આજે રાત્રે તો સ્વામીશ્રી કોઈમ્બતુરથી વિદાય લઈ નીલગીરી એક્સપ્રેસ દ્વારા ચેન્નાઈ પધારવાના હતા. આથી, સ્વામીશ્રી સેકંડે સેકંડે એક પછી એક કામ આટોપતાં આટોપતાં રેલવે સ્ટેશને પધાર્યા.

ટ્રેનનો સમય થઈ ગયો હતો. મુસાફરો ટ્રેનમાં બેસવા માટે આમ તેમ ધસી રહ્યા હતા. પ્લૅટફૉર્મ પર પધાર્યા ત્યારે 'નીલગીરી એક્સપ્રેસ' ટ્રેન સામે રાહ જોતી ફૂંફાડા મારતી હતી. સ્વામીશ્રીએ પ્લેટફૉર્મ પર પહોંચતાં જ પૂછ્યું, 'ટ્રેનને ઊપડવામાં કેટલી વાર છે?'

જવાબ મળ્યો કે થોડોક સમય છે. તત્ક્ષણ સ્વામીશ્રીએ પત્રસેવકને કહ્યું: 'લેટરપેડ અને પેન લાવો.' લેટરપેડ અને પેન આવી ગયાં, એટલામાં કોઈ સામે રહેલા સ્ટોલમાંથી ઝડપથી સાદી ખુરશી લઈ આવ્યું. સંતોએ તેના પર ચાદર પાથરી દીધી. તેના પર બેસીને સ્વામીશ્રી સ્ટેશન પરના કોલાહલ વચ્ચે પત્રલેખનમાં મશગૂલ થઈ ગયા, જાણે તેઓ એકાંતમાં બેઠા હોય તેવી રીતે!

પત્ર હતો - અંબાલાલભાઈના અંતિમ વિધિમાં આવતી કાલે સંતો જવાના હતા, એ સંદર્ભમાં તેમણે વિધિમાં શું શું કરવું તેની સૂચનાઓ અંગેનો! એટલામાં ટ્રેનની વ્હિસલ વાગી અને સ્વામીશ્રીએ આ સવિસ્તર પત્ર પૂર્ણ કરી દીધો. પછી કોઈમ્બતુરના હરિભક્ત વિષ્ણુભાઈને આપીને સૂચના આપી કે 'આ પત્ર અમદાવાદ સંતોને ફોન-ફેક્સ કરી દેજો.'

આવી હતી સ્વામીશ્રીની ભક્તવત્સલતા! એમણે લખેલો એક એક પત્ર એમની ભક્તવત્સલતાનો અનોખો દસ્તાવેજ બની રહ્યો છે. ◆

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક બોધ-સ્મૃતિઓ...

# શતાબ્દી બોધકથા

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## ભગવાન માટે રાજીપે લાલી લેખે કરવું...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની એક પ્રાસાદિક બોધકથા. આ બોધકથા તેઓ લડાવીને એવી રીતે રજૂ કરતા કે સૌ હસી હસીને બેવડ વળી જતા. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની બોધકથા માણીએ...

શાસ્ત્રો કહે છે શ્રદ્ધાપૂર્વક દાન કરવું.


શ્રદ્ધા વિનાનું દાન અર્થ વિનાનું છે.

એક પટેલ હતા. બહુ જ સુખી. જબરા ખેડૂત એટલે ગાયો, બળદ તો હોય પણ ઘોડીય રાખતા. વતનદાર અને લાંબી જમીન એટલે આંટો મારવા ઘોડી રાખે. પતિ અને પત્ની, વસ્તારમાં એક દીકરી - લાલી. દીકરી ૨૦ વર્ષની પરણાવવા યોગ્ય થઈ એટલે એના માટે સારો મૂરતિયો ગોતતા હતાં. એના માટે ઘરેણાં વગેરે તૈયાર રાખ્યાં હતાં. માને દીકરી ઉપર અપાર હેત હતું. એને રોજ પરણાવવાની વાત કરે. એટલામાં ભગવાનનું કરવું ને દીકરીની આવરદા આવી રહી. માને અપાર શોક થયો. રાત-દિવસ 'લાલી', 'લાલી', 'લાલી' જ કર્યાં કરે. કો'કને ઘેર જાય ત્યારેય લાલીની જ વાત કરે. એને સંભારી સંભારીને રડ્યાં કરે.

એમાં એક દિવસ એક પંડિત એના ઘરે આવ્યો. બપોર હતો એટલે પટેલ ખેતરે હતા. બૈરાં તો લાલીને જ સંભાર્યાં કરે. એટલે પંડિતનેય પૂછ્યું કે 'લાલીના કાંઈ સમાચાર ખરા?'

પંડિત હુંશિયાર હતો. જાણી ગયો. એટલે કહેઃ 'હું લાલીના સમાચાર આપવા જ આવ્યો છું.' પેલી તો આ સાંભળીને ખુશ ખુશ થઈ ગઈ. કહેઃ 'મેં એના માટે કેટલી તૈયારી કરી હતી.'

પંડિત કહેઃ 'લાલી ત્યાં બહુ જ સુખી છે અને મને કહ્યું છે કે બાએ તૈયાર કર્યું છે એ



બધું લેતા આવજો.' એટલે પેલી મા તો વધારે કાલીઘેલી થઈ ગઈ અને લાલીનાં લગન માટે ભેગું કરેલું બધું જ પેટીમાં ભરીને આપી દીધું. પેલો પંડિત વિચાર કરે કે હવે તો જિંદગીમાં લોટ માંગવાનું મટી ગયું. એ તો બધું લઈને ઊપડી ગયો.

હજુ તો એકાદ ખેતરવા દૂર ગયો હશે ત્યાં પટેલ ઘરે આવ્યા. પટલાણીને હરખપદુડી જોઈને કહેઃ 'આજે કેમ આનંદમાં છે?' તો કહે, 'લાલીના સમાચાર આવ્યા!' પટેલે વિચાર કર્યોઃ 'ગયું એના સમાચાર ક્યાંથી હોય? નક્કી કાંઈક લાગે છે.' પછી બધી વાત કરીને પટલાણી કહેઃ 'મેં તો બધું આપી સોત દીધું!'

પટેલનું મોં ફાટી ગયુંઃ 'તેં બધું આપી સોત દીધું?'


તો કહેઃ 'હા.' પટેલે બધું પૂછી લીધું ને ઘોડી મારી મૂકી. પંડિતે જોયું કે પટેલ આવ્યા છે. પકડાઈશું તો મૂકશે નહીં. એટલે વડલા આગળ જઈને ઉપર ચઢી ગયો. પટેલે આ જોયું એટલે વડલા નીચે ઘોડી બાંધીને ઉપર ચઢ્યો. બેય આંબલી-પીપળી રમવા મંડ્યા! પેલો પેલી ડાળે જાય ત્યાં પેલો બીજી ડાળે પહોંચે. આમ ઊંચો-નીચો થતાં પેલો નીચે ઊતરી ગયો અને પટેલની ઘોડી છોડીને મારી મૂકી. પટેલ ઘા ખાઈ ગયા. ચાલતાં ઘરે આવ્યા. પટલાણીએ પૂછ્યું : 'ઘોડી ક્યાં ગઈ?' તો કહેઃ 'તારી જેમ મેંય લાલી લેખે કરી નાંખી!'

એમ આપણેય ભગવાનને દાન-ધર્માદો ન કરીએ પણ જ્યારે આવું થાય ત્યારે પરાણે 'લાલી લેખે' કરીએ છીએ માટે પરાણે કરવા કરતાં આપણે ભગવાન લેખે રાજીપે કરવું.

આપણે યથાશક્તિ ધન કમાઈએ છીએ. પણ સાથે સાથે ભગવાન માટે કાંઈક શ્રદ્ધાપૂર્વક કરવાનું છે. એમની આજ્ઞા પાળીને રાજી કરવાના છે.

બીજું, કોઈ પણ વસ્તુમાં હું ને મારાપણાનો ભાવ આવે ત્યારે દુઃખ જ આવે છે. તમે છાપામાં વાંચો 'કે એક છોકરો મોટરની અડફેટમાં આવી ગયો ને મરી ગયો.' તો તમને કંઈ આંચકો નહિ લાગે. ઊલટું બે જણને એમ જ કહેશો 'એ તો મરે જ તો ને! આમ, જેમ તેમ ડાફોળિયા મારતો હશે. એવા તો એ જ લાગના.' પણ જો ખબર પડે કે એ છોકરો બીજા કોઈનો નહીં પણ તમારો પોતાનો છે. તો શું થાય? દુઃખ થાય, રોકકળ થાય. કેમ? કારણ કે મમત્વ છે. એવા મમત્વથી આપણે દુઃખી થઈએ અને બીજા પણ આપણને દુઃખી કરે.

પણ આવું મમત્વ ભગવાન અને સંત વિષે થઈ જાય તો કામ થઈ જાય. ◆



શતાબ્દી અનુભૂતિ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

# પ્રમુખસ્વામી મહારાજ, જે હંમેશાં બીજાને આગળ લાવે છે...



**શ્રી બિલ ક્લિન્ટન**
(યુ.એસ.એ.ના ૪૨મા રાષ્ટ્રપ્રમુખ અને માનવતાવાદી નેતા)

હું પ્રમુખસ્વામી મહારાજને પહેલી વખત માયામી(યુ.એસ.એ., ૨૦૦૦)માં મળ્યો ત્યારથી હું હૃદયથી રોમાંચિત થઈ ગયો છું. હું જ્યારે તેમની આંખોમાં જોઉં છું, ત્યારે મને તે શુદ્ધ ભાવનાથી છલકાતી દેખાય છે.

આ દુનિયામાં કેટલાય નેતાઓ, કેટલીય ધર્મસંસ્થાઓ અને બીજા કેટલાય લોકો એમ માને છે કે બીજાને નીચે પછાડીને જ, બીજાની બાદબાકી કરીને, તેમને એકલા પાડી દઈને, બધાથી જુદા પાડી દઈને તમે પોતાની જાતને ઉપર લાવી શકો. પરંતુ તેમાં એક આ મહાપુરુષ જુદા છે. પ્રમુખસ્વામી મહારાજ પોતે જોડાય છે - સૌ સાથે, પોતાની આસપાસ રહેલા દરેક સાથે, તેઓ સંવાદિતા સાધે છે. આ સુમેળ દ્વારા, જોડાણ દ્વારા તેઓ કાર્ય કરે છે. અને એટલા માટે જ તેઓ શાંતિ અને સંવાદિતા લાવી શક્યા છે, આટલા બધા માણસોને ભેગા રાખી શક્યા છે.

પોતાની માન્યતા સિદ્ધ કરવા લોકોએ બીજાનું અને તેમની માન્યતાનું ખંડન કરવું પડતું હોય છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ એક એવી વ્યક્તિ મેં જોયા છે કે જેઓ આનાથી પર છે. અને હું માનું છું કે આજે વિશ્વમાં એકતાની આવી વિશાળ ભાવના હોવી એ વિશ્વનો મોટો પડકાર છે. પોતાના ધર્મનો, જાતિનો તથા સમાજનો આનંદ માણવો, છતાં માનવજાત સાથે સુમેળ રાખીને ભગવાન સાથે અનુસંધાન રાખવું એ ખૂબ અગત્યનું છે. તમે પોતે પણ દરેક વખતે મેં કહ્યું છે તે જોઈ-અનુભવી શકશો.

બધા જ ધર્મો એક જ વાત કરે છે. છતાં કોણ જાણે કેમ પણ, લોકોને એવું લાગે છે કે બીજાને આદર આપવામાં તેમનું અસ્તિત્વ નહીં રહે!


મને લાગે છે કે જેમની પાસે સત્તા કે સંપત્તિ છે તેમણે આવો કોઈ ભેદભાવ રાખવો ન જોઈએ. તેઓ થોડાક વધુ ભાગ્યશાળી છે એટલું જ. (બાકી તેઓ કાંઈ મોટા નથી થઈ ગયા.) હકીકતે તો ગામડાંઓમાં જઈને દરેક પ્રકારના લોકોની સેવા કરવામાં તેમણે પોતાનાં મોટાં ભાગ્ય સમજવાં જોઈએ.

પ્રમુખસ્વામી મહારાજની સંસ્થા શા માટે ટોચ પર છે? કારણ કે તેઓ સમાજના નાનામાં નાના સમુદાયને ઊંચે લઈ જાય છે! સ્વામીજીની જબરજસ્ત તાકાત છે - સમર્પણ, પ્રેમભાવના અને સ્વયંસેવકો, અને કદાચ એટલે જ તેઓનાં બધાં જ કાર્યો સુંદર હોય છે.

તમારા સ્વયંસેવકો સર્વ રીતે સજ્જ છે અને શિસ્તબદ્ધ છે. કારણ કે પ્રમુખસ્વામીજીના હૃદયમાં કોઈ જ ભેદભાવ નથી. (એપ્રિલ ૨૦૦૧, ગાંધીનગર ખાતે કરેલ વાર્તાલાપમાંથી)

નૂતન પ્રકાશન

# બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ




₹ ૨૦૦/-

**ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના વિસ્તૃત જીવનચરિત્ર શ્રેણીનો પાંચમો ભાગ પ્રકાશિત થઈ ચૂક્યો છે...**

**લેખકઃ સાધુ આદર્શજીવનદાસ**

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનો પાંચમો ગ્રંથ પ્રકાશિત થઈ ચૂક્યો છે.


સન ૧૯૮૩ થી સન ૧૯૮૬ સુધીનાં તેમનાં જીવનવર્ષોનું ચરિત્રલેખન આ પાંચમા ભાગમાં માણવા મળે છે.

અવિરત વિચરણ, ગામોગામ પધરામણીઓ, અસંખ્ય લોકોનાં સુખ-દુઃખના ભાગીદાર બનીને તેમની સાથેની આત્મીયતાપૂર્ણ વ્યક્તિગત મુલાકાતો અને લોકસેવાનાં વિરાટ કાર્યોની અવિરત વણઝાર...


પરંતુ સ્વામીશ્રીની ચેતના એવી ને એવી ચેતનવંતી રહી હતી.

તેથી હૃદયરોગના હુમલા બાદ પૃથ્વીની પરિક્રમા કરીને, લંડનમાં ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવ ઊજવીને અને ભારતમાં ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવના ડંકા વગાડીને તેમણે લાખો લોકોને પ્રેરણાથી ચેતનવંતા કર્યા. ગામડાંઓમાં અવિરત વિચરણની એમની વણથંભી યાત્રા વચ્ચે એક પછી એક નવા વિક્રમો સર્જાતા જતા હતા. પરંતુ સૌથી વિક્રમજનક બાબત હતી – આવી ક્ષણેક્ષણની વ્યસ્તતા વચ્ચે પ્રગટતું એમનું શાંત અને નિઃસ્પૃહ વ્યક્તિત્વ. જીવનચરિત્ર શ્રેણીના પાંચમા ભાગમાં તેની પ્રસ્તુતિ માણીએ...


**'અક્ષર અમૃતમ્'** એપ પર જીવનચરિત્રના એક થી પાંચ ભાગની ઓડિયો બુકનું શ્રવણ કરવાનો આનંદ પણ નિઃશુલ્ક માણો...




**આવો, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ વર્ષે તેઓશ્રીનાં અવિરત સત્સંગ વિચરણ અને વિરલ કાર્યોનું વાંચન-શ્રવણ કરીને કૃતાર્થ થઈએ...**




# સ્વામિનારાયણીય પત્ર-સાહિત્યનો
# વિરલ ખજાનો



લેખન કરી રહેલા પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની એક ચિત્રપ્રતિમા, ચિત્રકાર : શ્રી વાસુદેવ કામથ

■ સાધુ અક્ષરવત્સલદાસ

ભારતમાં પ્રાચીન સમયથી લઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સુધી પત્રલેખનનો એક દીર્ઘ ઇતિહાસ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પત્રલેખનના વિશિષ્ટ પાસાંના
આ અંકમાં કરાયેલા સ્મરણ સાથે, પ્રાચીન ભારતીય અને સ્વામિનારાયણીય પત્ર-પરંપરાનું અહીં એક આચમન છે.
ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયથી લઈને સ્વામિનારાયણ સંપ્રદાયમાં છેલ્લાં ૨૦૦ વર્ષમાં લખાયેલા પત્રોની એક સુદીર્ઘ ગાથા છે. અહીં એ પૈકી એક અલ્પ આચમન છે....



પત્રલેખન એ પ્રાચીન સમયથી ભારતમાં સંદેશા વ્યવહારનું મુખ્ય માધ્યમ રહ્યું છે. આજથી ઓછામાં ઓછાં એક હજાર વર્ષ પહેલાં ચંદેલા મંદિર સ્થાપત્યમાં કોતરાયેલાં શિલ્પોમાં પ્રસિદ્ધ ‘પત્રલેખા’નું શિલ્પ પ્રાચીન ભારતીય પત્રલેખનની કલાત્મક ગવાહી પૂરે છે. ૬૦૦ વર્ષ પહેલાં સંસ્કૃતમાં કોઈ અજ્ઞાત લેખક દ્વારા ‘લેખપદ્ધતિ’ નામનો એક ગ્રંથ રચવામાં આવ્યો હતો, જેની ૧૫મી સદીમાં કરાયેલી એક હસ્તપ્રતની નકલ ગુજરાતમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથ વહીવટી ક્ષેત્રે કેવી રીતે પત્રો લખવા ત્યાંથી લઈને કેવી રીતે વ્યવસાય અને પતિ-પત્ની વચ્ચે કેવી રીતે પત્રો લખાવા જોઈએ તેનું માર્ગદર્શન આપે છે. પ્રાચીન ભારતમાં તામ્રપત્રોથી લઈને ભોજપત્રો સુધી લખાતા લેખ પણ એક પ્રકારના પત્રો જ હતા.

કેટલાક વિદ્વાનો ભલે માનતા હોય કે પ્રાચીન ભારતમાં લખવાની કળા વિકસી નહોતી. પરંતુ હડપ્પન સંસ્કૃતિના અવશેષોથી લઈને અનેક એવાં પ્રમાણો ઉપલબ્ધ છે કે જેમાં પ્રાચીન ભારતીય લેખન શૈલીનો પરિચય મળે છે અને પ્રતીતિ થાય છે કે ભારતમાં લેખન શૈલીનો ઈતિહાસ ખૂબ પુરાણો છે. હા, એ વાત સર્વસ્વીકૃત છે કે વૈદિક યુગમાં તો મુખ્યત્વે મુખપાઠી વિદ્યા હતી, પરંતુ એનો અર્થ એવો પણ નથી થતો કે વૈદિક ભારતના મહાન ઋષિઓ લેખન પદ્ધતિ વિશે જાણતા જ નહોતા. ભારતીય વાંગ્મય સાહિત્યમાં, અનુવૈદિક યુગમાં વેદવ્યાસજીએ મહાભારત ગ્રંથ રચ્યો ત્યારથી શાસ્ત્રીય સંદર્ભોમાં લેખન પદ્ધતિનો ઉલ્લેખ સુપેરે જોવા મળે છે. પાણિનિ કૃત અષ્ટાધ્યાયી અને વશિષ્ઠ કૃત ધર્મસૂત્ર વગેરે ગ્રંથો પણ પ્રાચીન ભારતીય લેખનપદ્ધતિનાં જાણીતાં ઉદાહરણો છે. પાણિનિ અષ્ટાધ્યાયીમાં ‘લિપિકાર’ શબ્દ પ્રયોજે છે, જેનો

અર્થ થાય છે - લેખન કરનાર. આજથી અઢી હજાર વર્ષ પહેલાં, બૌદ્ધ અને જૈન ધર્મોના ઉદ્‌ભવ સમયે લેખન પરંપરા ખૂબ વિકસી ચૂકી હતી તેનાં ભરપૂર પ્રમાણો રૂપે જાતક કથાઓથી લઈને જૈન આગમો પ્રચલિત છે. વિશ્વની સર્વપ્રથમ યુનિવર્સિટી, ભારતની પ્રસિદ્ધ પ્રાચીનતમ યુનિવર્સિટી તક્ષશિલા યુનિવર્સિટીમાં ખોદકામ દરમ્યાન લેખન પદ્ધતિમાં શાહીનો ઉપયોગ થયો હોવાનાં પ્રમાણો મળ્યાં છે. તક્ષશિલા યુનિવર્સિટીમાં 'રસરત્નાકર' નામની વિજ્ઞાન વિદ્યાશાખામાં શાહી કેવી રીતે બનાવવી તેની રેસીપી વિકસિત કરવામાં આવી હતી, જે આમળાં અને જુદાં જુદાં કઠોળના રસમાંથી બનાવવામાં આવતી હતી. તેના માટે 'મસ્સી' શબ્દ પ્રયોજવામાં આવતો હતો. આજે પણ ભારતના ઘણા પ્રાંતમાં શાહી માટે તે શબ્દનો પ્રયોગ થાય છે. 'રસરત્નાકર' જુદા જુદા છોડ અને ખનિજ તત્ત્વોનાં મિશ્રણથી અલગ અલગ રંગોની શાહી બનાવવાનો પણ ઉલ્લેખ કરે છે.

> આજથી ઓછામાં ઓછા એક હજાર વર્ષ પહેલાં ચંદેલા મંદિર સ્થાપત્યમાં કોતરાયેલાં શિલ્પોમાં પ્રસિદ્ધ 'પત્રલેખા'નું શિલ્પ પ્રાચીન ભારતીય પત્રલેખનની કલાત્મક ગવાહી પૂરે છે. ૧૨૦૦ વર્ષ પહેલાં સંસ્કૃતમાં 'લેખપદ્ધતિ' નામનો એક ગ્રંથ રચવામાં આવ્યો હતો, જેની ૧૫મી સદીમાં કરાયેલી એક હસ્તપ્રતની નકલ ગુજરાતમાં ઉપલબ્ધ છે.



શાહીની જેમ લેખનનાં સાધનો અંગે પણ પ્રાચીન ભારતીય પ્રમાણો મળી રહે છે. જેમ કે - શાહીમાં બોળી બોળીને લખવા માટે પક્ષીઓના પીંછાની અણીનો ઉપયોગ કરવામાં આવતો હતો. અને લખાણ માટેના સાધન તરીકે વસ્ત્રનો ઉપયોગ કરવામાં આવતો હતો. સિંકદરે ભારત પર આક્રમણ કર્યું ત્યારે તેની સાથે આવેલા સેનાપતિ નિરકોસે તેની નોંધ લીધી છે.

વિક્રમ સંવતના આરંભથી ભારતમાં ઠેર ઠેર વિકસેલી ૨૭ કરતાં વધારે યુનિવર્સિટીઓમાં ગ્રંથાગારોની અલમારીઓ વિપુલ માત્રામાં ગ્રંથોથી ઊભરાતી હતી. જેમાંનું એક શ્રેષ્ઠ ઉદાહરણ નાલંદા યુનિવર્સિટી છે. આજથી ૧૬૦૦ વર્ષ પહેલાં નાલંદા યુનિવર્સિટીનો યુગ સોળે કળાએ ખીલ્યો હતો. પ્રસિદ્ધ ચીની યાત્રીઓ - ફાહિયાન, હ્યુ-એન-ત્સંગ, ઇત્સિંગ વગેરેએ તેનાં ખૂબ પ્રમાણો આપ્યાં છે. તેમાં જેનો ખૂબ આદરપૂર્વક ઉલ્લેખ કરાયો છે, તે છે તેના ગ્રંથાગારો. નાલંદામાં રત્નોદધિ, રત્નરંજક, રત્નસાગર નામના ત્રણ વિશાળ ગ્રંથાગારોમાં અનેક પ્રાચીન ભારતીય વિદ્યાઓની ૯૦ લાખ હસ્તપ્રતો રહેતી હતી. તુર્કી આક્રમણકાર અને મુસ્લિમ શાસક મુહમ્મદ બખ્તિયાર ખલજીએ સન ૧૨૦૨માં આગ લગાડીને, એ લાખો હસ્તપ્રતોને બાળીને, ખાક કરી નાંખી હતી. આ હસ્તપ્રતોની સંખ્યા એટલી વિશાળ હતી કે તેને સળગાવતાં બખ્તિયારને મહિનાઓ લાગ્યા હતા! આ ઘટના ભારતમાં લેખન પદ્ધતિ કેટલી વિકસિત થઈ હશે તેનો એક અંદાજ પૂરો પાડે છે.

આ અરસામાં ભારત આવેલા આરબ વિદ્વાન અલ-બિરૂનીએ ભારતીય લેખન પદ્ધતિ વિશે ઘણું નિરીક્ષણ કરીને તે વિશે પોતાની પ્રવાસનોંધમાં લખ્યું છે. અલ-બિરૂનીના કહેવા મુજબ ભારતમાં શાળાઓમાં બાળકો માટે કાળી પાટી વાપરવામાં આવતી હતી, જે આજે પણ વપરાય છે. ગ્રંથલેખન કે પત્રલેખન માટે દક્ષિણ ભારતમાં કેળપત્રો વાપરવામાં આવતાં હતાં, જ્યારે ઉત્તર અને મધ્ય ભારતમાં ભોજપત્ર વાપરવામાં આવતાં હતાં. કેળનાં પાન અને ભોજવૃક્ષની છાલને વિવિધ પ્રકારનાં તેલથી ઘસીને લેખન માટે કેળવવામાં આવતાં હતાં. તેમાંથી આ કેળપત્રો કે ભોજપત્રો તૈયાર કરવામાં આવતાં હતાં. તેના પર લખવા માટે ધાતુ કે વાંસમાંથી બનાવવામાં આવેલા કિત્તા તૈયાર કરવામાં આવતા હતા. દક્ષિણ ભારતમાં તેને 'નારયમ' કહે છે.

એમ માનવામાં આવે છે કે ચીનથી ભારતમાં કાગળ બનાવવાની પદ્ધતિ વ્યાપક રીતે ઊતરી આવી તે પહેલાં પણ છૂટી છવાઈ કાગળની બનાવટ થતી હતી. ભારતમાં કાગળ બનાવવાનો પહેલો ઉદ્યોગ ૧૪૦૦ના વર્ષમાં કાશ્મીરમાં શરૂ થયો. ત્યારબાદ ભારતમાં લગભગ ૨૦ જેટલાં કેન્દ્રોમાં કાગળ બનાવવાનો ઉદ્યોગ શરૂ થયો હતો. જેમાં પંજાબ, બિહાર, બંગાળ, મૈસૂર અને ગુજરાતમાં અમદાવાદનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે ૧૫મી સદીમાં ગુજરાતમાં કાગળ બનાવવાનો ઉદ્યોગ સમગ્ર ભારતમાં સૌથી વધુ વિકસ્યો હતો. અહીંથી કાગળની નિકાસ દેશ-વિદેશમાં થતી હતી.

આ સમય દરમ્યાન ભારતમાં વાંસના કિત્તામાંથી બનાવેલી કલમે શાહીના ખડિયામાં બોળી બોળીને લખવાની પદ્ધતિ હતી, તેમાં બ્રિટિશરોનું આગમન થયું અને થોડું

પરિવર્તન આવ્યું. કિત્તા લેખનની સાથે સાથે ધાતુમાંથી બનેલી નીબવાળી પેન પણ ધીમે ધીમે ઉપયોગમાં આવી. ત્યારબાદ લેખનની શૈલી વધુ વિકસી.

કાગળ, શાહી અને લેખનનાં સાધનો સહજ બનવા લાગ્યાં તેમ તેમ ભારતમાં ગ્રંથલેખનની સાથે સાથે પત્રલેખનની પ્રવૃત્તિ પણ વધુ વિકસવા લાગી.

૧૯મી સદીના સૂર્યોદયે ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાતમાં પોતાનું યુગકાર્ય આરંભ્યું, તે સમયે પત્રલેખન ઘણું વ્યાપક બન્યું હતું. એ જમાનામાં કોઈ ઝડપી યાંત્રિક વાહનો નહોતાં, ત્યારે સંદેશાવ્યવહાર માટે, પત્રો પહોંચાડવા માટે ઊંટડી અથવા અશ્વોનો ઉપયોગ થતો. ઊંટડી કે ઘોડા પર સવાર થઈને સંદેશવાહક પત્રો પહોંચાડવા માઈલોના માઈલોનું અંતર કાપી નાંખતો. ઊંટડી કે ઘોડી પર દોડતા સંદેશવાહક માટે એક સ્થળેથી લઈને બીજા સ્થળ સુધી સુરક્ષિત રીતે પત્રો લઈ જવા તે એક પડકારજનક કાર્ય હતું. તેથી પત્રોને સુરક્ષિત રાખવા માટે ધાતુનાં ભૂંગળાંઓનો ઉપયોગ કરાતો હતો.


સામાન્ય વ્યવહારમાં ખેપિયાઓ મારફતે પત્રો મોકલવાની પદ્ધતિ હતી. ખેપિયાઓ મોટે ભાગે પદયાત્રાઓ કરતા. ખેપિયાઓ કોઈ ધંધાદારી લોકો નહોતા, પરંતુ એકબીજાના પરિચિત લોકો ખેપ મારીને પત્રો કે સંદેશ પહોંચાડવાનું કામ કરતા. કેટલાક લોકો વારંવાર આવું કરતા હોવાથી તેમને ખેપિયાનું બિરૂદ મળી જતું. ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠવર્ણી તરીકે ૧૮ વર્ષની ઉંમરે લોજમાંથી તેમના જીવનનો પ્રથમ પત્ર લખ્યો તેને પહોંચાડવાનું ખેપિયાનું કામ તે સમયના પ્રસિદ્ધ અને અગ્રણી હરિભક્ત શ્રી મયારામ ભટ્ટે કર્યું હતું. લોજથી બે પત્ર લઈને ખેપિયા તરીકે મયારામ ભટ્ટ ભુજ નગરમાં બિરાજતા રામાનંદ સ્વામી પાસે પહોંચ્યા હતા. નીલકંઠવર્ણીના પત્રની સાથે મુક્તાનંદ સ્વામીએ પણ પત્ર લખ્યો હતો. આ બંને પત્રો લઈને ખેપિયા તરીકે મયારામ ભટ્ટે પગપાળા જ પ્રવાસ કર્યો હતો.

એ સમયે ગુજરાતમાં આબરૂદાર વેપારીઓ કે રાજા-મહારાજાઓ પોતાના કાયમી સંદેશવાહક વ્યક્તિઓ રાખતા, જેના દ્વારા પત્રવ્યવહાર કરવામાં આવતો. તે લોકો 'કાસદ' તરીકે ઓળખાતા. સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક સાહિત્ય પરથી જોઈ શકાય છે કે કાસદનું કામ કરનારા લોકો મોટે ભાગે બ્રાહ્મણો હતા.

“

નીલકંઠવર્ણી તરીકે ૧૮ વર્ષની ઉંમરે લોજમાંથી તેમના જીવનનો પ્રથમ પત્ર લખ્યો તેને પહોંચાડવાનું ખેપિયાનું કામ તે સમયના પ્રસિદ્ધ અને અગ્રણી હરિભક્ત શ્રી મયારામ ભટ્ટે કર્યું હતું. લોજથી બે પત્ર લઈને ખેપિયા તરીકે મયારામ ભટ્ટ ભુજ નગરમાં બિરાજતા રામાનંદ સ્વામી પાસે પહોંચ્યા હતા. નીલકંઠવર્ણીના પત્રની સાથે મુક્તાનંદ સ્વામીએ પણ પત્ર લખ્યો હતો.

”




એકવાર ભગવાન સ્વામિનારાયણ લોયામાં સુરાખાચરના દરબારમાં સભામાં બિરાજમાન હતા, તે વખતે ઝાલાવાડનો એક અતિ વૃદ્ધ અને દરિદ્ર બ્રાહ્મણ તેઓની સામે આવીને ઊભો રહ્યો. તેણે માથે અતિ જીર્ણ પાઘડી બાંધી હતી, અને તેની ગાંઠો હાથ વડે સંભાળી રહ્યો હતો. શ્રીહરિ તેને એકી નજરે જોઈ રહ્યા હતા.


પછી તે ગાંઠ છોડીને તેમાંથી એક રૂપિયો હાથમાં લઈ તે શ્રીહરિ પાસે આવ્યો, એટલે મહારાજ બોલ્યાઃ 'એને આવવા દો.' શ્રીહરિ પાસે આવીને તે બ્રાહ્મણે હાથ લાંબો કરીને એક રૂપિયો આપ્યો અને શ્રીહરિએ એ લીધો, અને પૂછ્યુંઃ 'ડોસા! આ રૂપિયો ક્યાંથી લાવ્યા છો?' એટલે બ્રાહ્મણે કહ્યુંઃ 'હું ઝીંઝુવાડાનું કાસદું કરવા ગયો હતો, ત્યાંથી આ રૂપિયો મળ્યો છે, તે તમને આપવા માટે રાખી મૂક્યો હતો.' શ્રીહરિ કહેઃ 'તમારી પાઘડી ફાટી ગઈ છે તે નવી ન લીધી?' બ્રાહ્મણે કહ્યુંઃ 'પાઘડી લઉં તો તમને શું આપું? મારા ઘરમાં બીજો રૂપિયો નથી. આ પાઘડીએ તો ચાલ્યું જાય છે.' આ સાંભળી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને પૂછ્યુંઃ 'સ્વામી! આ બ્રાહ્મણને કરવાનું કાંઈ બાકી રહ્યું?' સ્વામીએ કહ્યુંઃ 'એણે પોતાનું કામ સંપૂર્ણ સિદ્ધ કરી લીધું છે.'

સન ૧૮૩૦માં રાજકોટ ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની ગવર્નર સર જહોન માલ્કમ સાથે મુલાકાત થઈ તે પૂર્વે કાસદ અને ખેપિયા દ્વારા આવો પત્રવ્યવહાર પાંચ વખત થયો હતો, જેને લાવવા - લઈ જવાનું કામ ખેપિયા અને કાસદોએ કરેલું, એમાં પણ બ્રાહ્મણો હતા.

ભગવાન સ્વામિનારાયણના દેહાંતના સમય પછી ધીમે ધીમે ખેપિયાઓ વ્યાવસાયિક પણ બન્યા હતા. ખેપિયાઓ એક ગામથી બીજે ગામ પત્રો લઈને પહોંચે અને બૂમો પાડે કે 'કાગળ વીરમગામના', 'કાગળ વઢવાણ લીમડીના.' એ સમયે ત્યારે આધુનિક શૈલીના કદના પત્રો નહોતા, પરંતુ લાંબા ભૂંગળાં પ્રકારના કાગળો હતા. તેને ગુંદરથી ચોડી તેના ઉપર જે તે વ્યક્તિનું નામ કે સરનામું લખવામાં આવતું.





સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના પત્રના હસ્તાક્ષર





સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના પત્રના હસ્તાક્ષર





સદ્‌ગુરુ અક્ષરાનંદ સ્વામીના પત્રના હસ્તાક્ષર




આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજના પત્રના હસ્તાક્ષર




વરતાલના કોઠારી શ્રી ગોરધનદાસના હસ્તાક્ષર




ભક્તરાજ શ્રી જાગાભક્તના હસ્તાક્ષર




બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજના હસ્તાક્ષર




બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજના હસ્તાક્ષર




સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસ સ્વામીના હસ્તાક્ષર



બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજના હસ્તાક્ષર



બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજના હસ્તાક્ષર



પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી મહંત સ્વામી મહારાજના હસ્તાક્ષર

**ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન મહાન સંતો સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના પત્રોના હસ્તાક્ષરોથી લઈને વર્તમાન સમયે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સુધીની પરંપરાના હસ્તાક્ષરોની એક વિરલ સ્મૃતિ...**

ગુજરાતમાં અર્વાચીન યુગના પ્રસિદ્ધ કવીશ્વર દલપતરામે પણ પગપાળા ખેપિયા તરીકે કામ કર્યું હતું. તેઓએ લીમડીમાં શ્રીમાળી બ્રાહ્મણની નાતના કોઈ પ્રસંગ વેળાએ ગામોગામ કંકોત્રીઓ આપવા જવાનું કામ થોડીક આવકની આશાએ કર્યું હતું. ધોળકા, અમદાવાદ, સોજીત્રા, ખંભાત, ભરૂચ, ડભોઈ થઈ વડોદરા વગેરે શહેરોમાં ગયા હતા. વડોદરામાં તેમને માહિતી મળી કે નિત્યાનંદ સ્વામી પચાસેક સંતોના વૃંદ સાથે ઉમરેઠમાં બિરાજે છે. આથી, ઉમરેઠમાં નિત્યાનંદ સ્વામીનાં દર્શને જઈને, વડતાલ દર્શન કરી, તે વઢવાણ પાછા ફર્યા હતા. ખેપિયા તરીકેના તેમના આ પ્રવાસમાં તેમને પચાસેક રૂપિયાની આવક થઈ હતી.

સન ૧૮૪૬માં અમદાવાદમાં જજ તરીકે નિયુક્ત થયેલ એલેક્ઝાંડર કિન્લોક ફારબસ અને દલપતરામ વચ્ચેના પત્રવ્યવહાર પરથી જાણી શકાય છે કે છેક ૧૮૪૬ સુધી પગપાળા ખેપિયા દ્વારા જ ટપાલ પહોંચાડવામાં આવતી.


એ અરસામાં ગુજરાતમાં આંગડિયાઓ પણ અસ્તિત્વમાં આવી ગયા હતા. આંગડિયાઓ એટલે એવી ખાનગી પેઢી, જે જુદા જુદા લોકોના પત્રો ભેગા થયા પછી એક સ્થળેથી બીજા સ્થળે લઈ જાય અને જે તે વ્યક્તિને પહોંચાડી દે. જેમાં ક્યારેક ૫૦-૬૦ લોકોના પત્રો એક સાથે લઈ જવાતા. આવી ટપાલની પ્રવૃત્તિઓ માટે મુંબઈ અને અમદાવાદમાં ખાનગી પેઢીઓ સ્થપાઈ હતી. જો કે બ્રિટિશ સરકારે ૧૯મી સદીના મધ્યમાં સરકારી પોસ્ટ વિભાગ શરૂ કરતા આવી ખાનગી પેઢીઓ વિરમી ગઈ હતી.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પત્રલેખનનો ઇતિહાસ શ્રી નીલકંઠવર્ણીએ લખેલા પૂર્વોક્ત પ્રથમ પત્રથી શરૂ થાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના જીવનકાળ દરમ્યાન સેંકડો પત્રો સંતો-પરમહંસોને કે હરિભક્તોને લખ્યા હોવાનાં પ્રમાણો ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ પ્રાસાદિક પત્રોનું મહત્ત્વ અનન્ય છે, કારણ કે આ પત્રોમાં સ્વયં ભગવાનનાં વચનો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની મહિમાવંતી અનેક પ્રાસાદિક વસ્તુઓનો સંગ્રહ ઠેર ઠેર નીરખવા મળે છે. લાખો ભક્તો તેનું ખૂબ આદરપૂર્વક દર્શન કરે છે. તેમાં આ પત્રોનું સ્થાન સૌથી ચડિયાતું રહ્યું છે.


ભગવાન શ્રી સ્વામિનારાયણે લખાવેલા પત્રો પૈકી, મોટાભાગના પત્રો તેમના પત્રસેવક શુકમુનિ કે મૂળજી બ્રહ્મચારી દ્વારા તેઓએ લખાવ્યા છે. જ્યારે વહીવટી કામકાજના મોટાભાગના પત્રો તેઓએ લીમલીના શેઠ મૂળજીભાઈ દ્વારા લખાવેલા છે. એ સમયે એવો રિવાજ હતો કે ભગવાન સ્વામિનારાયણ જે પત્રો લખાવતા તેની એક નકલ પણ કરી લેવામાં આવતી હતી, કારણ કે ક્યારેક પત્ર ન મળવાને કારણે ફરીથી પત્ર મોકલવાની પરિસ્થિતિ ઊભી થાય તો નકલ દ્વારા ફરીથી તે પત્ર મોકલી આપવામાં આવતો. અને ક્યારેક શ્રીજીના પ્રાસાદિક આદેશની સ્મૃતિ માટે પણ પત્રની નકલ કરી લેવામાં આવતી હતી. જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ પત્ર લખાવતા, ત્યારે તેઓ 'લિખાવિતં સ્વામી શ્રી સહજાનંદજી' એમ લખાવતા અને પત્રલેખક પત્રના અંતે કે પત્રના પ્રારંભે પોતાનું નામ અને પત્ર લખ્યાની તિથિ લખતા. કેટલાક પત્રો ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે પોતાની કલમે લખેલા છે. સંપ્રદાયના ઇતિહાસમાં એવા પત્રો હજુ જાહેર માધ્યમોમાં પ્રસ્તુત થયા નથી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણના હસ્તાક્ષર સહિતનો એવો એક વિરલ પ્રાસાદિક પત્ર, તેના મૂળ સ્વરૂપે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ગઢડા ખાતે 'સ્વામિનારાયણ દર્શન પ્રદર્શન'માં દર્શનાર્થે પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આવા કેટલાક પ્રાસાદિક પત્રોનું એક પુસ્તક, અમદાવાદના સત્સંગીબંધુ અને સાંપ્રદાયિક ઇતિહાસમાં રસ-રુચિ-સૂઝ ધરાવતા પ્રકાશક શ્રી માધવલાલ દલસુખરામ કોઠારીએ આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાં પ્રકાશિત કર્યું છે. 'શ્રીજીની પ્રસાદીના પત્રો, યાને ભગવાન શ્રી સ્વામિનારાયણે લખેલા કાગળો'ના નામથી પ્રકાશિત થયેલ આ પુસ્તક અમદાવાદમાં તત્કાલીન પ્રેસ 'આદર્શ પ્રિન્ટિંગ પ્રેસ'માં શાહ વાડીલાલે છાપ્યું હતું. આ પુસ્તકના ઉપોદ્‌ઘાતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પત્રોનું વિશ્લેષણ કરતા શ્રી માધવલાલભાઈ લખે છે કે 'શ્રીજીની ભાષા શરૂઆતમાં તો **(અનુસંધાન પૃષ્ઠ ૪૫ પર)**

## સાડા સાત લાખ કરતાં વધારે પત્રો દ્વારા
## લાખોનાં હૃદય સુધી પહોંચનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની
## અજોડ પત્રસેવાની એક ઝલક...



# દયા અને દિવ્યતાના દસ્તાવેજ



■ સાધુ આદર્શજીવનદાસ

પત્રલેખન અને પ્રમુખસ્વામી મહારાજ - એક એવો વિષય છે, જેમાં તેઓની એક કરુણામૂર્તિ સંત તરીકેની અને માનવ માનવ પ્રત્યેની અનોખી પ્રીતિનું દર્શન થાય છે. દ્વિધામાં અટવાયેલા લાખો ભક્તો-શ્રદ્ધાળુઓ માટે પ્રમુખસ્વામી મહારાજે તેમને લખેલા પત્રો એટલે સંજીવની. આધિ-વ્યાધિ- ઉપાધિના ત્રિવિધ તાપમાં જલતા એ સૌ માટે પ્રમુખસ્વામી મહારાજ એવો ઘેઘૂર સ્વજન-વડલો બની રહ્યા હતા, જેની શીતલ છાયા સૌને પોતાની લાગતી અને સૌને ત્યાં શીતળતા, શાંતિ અને સુખની અનુભૂતિ થતી. આમ તો પ્રમુખસ્વામી મહારાજનું કોઈ સ્થાયી સરનામું નહોતું. તેઓ સતત ગામડે ગામડે પરિભ્રમણ કરતા રહેતા, અને ઠેર ઠેર રોજના સેંકડો લોકોને મળીને તેમના ત્રિવિધ તાપ શમાવતા, તેમની મૂંઝવણને ઉકેલી આપતા, તેમની હૈયા-વરાળને શમાવતા શાંતિ આપતા, પરંતુ એવા સમયે બીજી તરફ રોજના એવા પણ કેટલાય લોકો હતા કે જેઓ પત્રોના માધ્યમથી સ્વામીશ્રીને મળીને તેમનું અનુભવપૂર્ણ માર્ગદર્શન મેળવતા હતા. એમાં રોજિંદા જીવનના સામાજિક-પારિવારિક-વ્યાવસાયિક-આર્થિક મૂંઝવણના પ્રશ્નો હોય, વિદ્યાર્થીઓના કારકિર્દીના પ્રશ્નો હોય, કે મુમુક્ષુઓના આધ્યાત્મિક પ્રશ્નો હોય. એમના પ્રશ્નોના ઉત્તરમાં સ્વામીશ્રીના અક્ષરોમાં ટપકતું અમૃત એ સૌ માટે જીવનનું અંતિમ સત્ય બની રહેતું, સદા-સદાનું ભાથું બની રહેતું. સ્વામીશ્રીની એ પત્ર-લેખનની આગવી વિશેષતા પર દૃષ્ટિ કરતાં લાગે કે એ સાડા સાત લાખ કરતાંય વધુ પત્રો દયા અને દિવ્યતાના અનોખા દસ્તાવેજ સમા છે. આવો, પ્રસ્તુત લેખમાં તેઓના શતાબ્દી પર્વે, તેઓના કરુણાભર્યા પત્રલેખનની સ્મૃતિઓને માણીએ - વિદ્વાન લેખક આદર્શજીવન સ્વામીની કલમે...

પત્રવ્યવહાર એ પ્રમુખસ્વામી મહારાજના જીવનનું આગવું અંગ હતું. તે દ્વારા અનેકની દ્વિધાઓ મિટાવતા તેઓ રોજની સરેરાશ પચાસેક ટપાલો વાંચતા અને લખતા. પત્રોના આ પંથે ચાલીને પણ તેઓ ઘરોઘર અને ગામોગામ પહોંચ્યા છે. સ્વામીશ્રીના હસ્તે લખાયેલા આ પત્રો તેઓની દયા અને દિવ્યતાના દસ્તાવેજ સમા છે, કારણ કે એ હસ્તાક્ષરમાંથી તેઓનું વિરાટ વ્યક્તિત્વ ઊપસે છે.

## ■ પત્રવ્યવહારઃ પરાભક્તિનો એક પ્રકાર

તા. ૧૭-૧-૯૦ની સાંજે ચંદ્રપુરમાં બિરાજતા સ્વામીશ્રી ગુજરાતી સમાજના હૉલમાં સ્થાનિક અગ્રણીઓએ કરેલો સત્કાર સ્વીકારી ઉતારે પધાર્યા. અહીં તેઓ પત્રલેખનમાં પરોવાયા ત્યારે એકધારું લખી રહેલા તેઓને જોઈ એક સંતે પૂછ્યુંઃ 'બાપા! આપ આટલું લખો છો તો હાથે દુખતું નથી?'

'દુખે એનો વાંધો નહીં. સેવા મળી છે તો કરી લઈએ.' લખતાં-લખતાં જ સ્વામીશ્રી બોલ્યા.

આમ, તેઓ માટે પત્રવ્યવહાર એ પરાભક્તિનો જ એક પ્રકાર હતો.

તેથી જ તા. ૨૦-૩-૯૦ની સાંજે સારંગપુરમાં ઠાકોરજીનો પ્રસાદ લઈ રહેલા સ્વામીશ્રીને સંતોએ પૂછ્યું, 'બાપા! આપને પત્ર લખવામાં કંટાળો વધારે આવે કે વાંચવામાં?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવેલુંઃ 'અત્તારે કશામાં કંટાળો નથી. ભગવાનની દયા છે. ઠાકોરજીની સેવામાં કંટાળો ન આવવો જોઈએ.'

આ રીતે પત્રવ્યવહારને પણ ભક્તિ જ માનતા સ્વામીશ્રી. તેથી જ તેમાં રહેતી અકલ્પ્ય ચીવટ અને ઝીણવટ.

## ■ પત્રવ્યવહારમાં ચીવટ અને ઝીણવટ

તા. ૧-૧૨-૦૫ની સાંજે કલકત્તામાં બિરાજતા સ્વામીશ્રી પર નવસારીથી આવેલા એક પત્રમાં અક્ષર એટલા ગરબડિયા હતા કે સ્વામીશ્રી અને તેઓના પત્ર-પરિચારક સંત બેમાંથી કોઈ તે ઉકેલી ન શક્યું. છતાં સ્વામીશ્રી કંટાળ્યા નહીં. તેઓએ સરનામાના આધારે નવસારીમાં રહેતા સંતોને આ વ્યક્તિનો સંપર્ક સાધી તેઓની વિગત મેળવી પોતાને જણાવવા કહ્યું.

આ રીતે પેલી ત્રાહિત વ્યક્તિની મુશ્કેલી જાણનારા સ્વામીશ્રીએ તા. ૨/૧૨ના રોજ તે મુરબ્બીને પત્ર લખી જણાવ્યુંઃ 'વહેવાર સુધરે, દેશ-કાળ સારા થાય, દેવું છે તે દૂર થાય તે માટે પ્રાર્થના કરી છે.'

સ્વામીશ્રીનો પત્રવ્યવહાર જેટલો પહોળો-બહોળો, એટલો જ તે આવો ઝીણો દરકારયુક્ત પણ રહેતો.

તા. ૨૦-૬-૧૧ની સવારે પત્રવ્યવહારમાં પરોવાયેલા તેઓના હાથમાં નાસિકથી આવેલો એક ઈ-મેઈલ મૂકવામાં આવ્યો. તેમાં એક વસાહતનો નકશો હતો. તેમાંનો એક પ્લૉટ સત્સંગીને ખરીદવાનો હોવાથી તે પ્લૉટની ડિઝાઈન પણ આ ઈ-મેઈલમાં સામેલ હતી. પરંતુ પ્રિન્ટ એવી ઝાંખી નીકળેલી કે કયા પ્લૉટની વાત છે તે સ્વામીશ્રીને બરાબર પકડાતું નહોતું. તેથી તેઓએ પત્ર-પરિચારકની મદદ લીધી, પણ તેઓનેય ગડ ન પડતાં છેવટે બિલોરી કાચની સહાય લઈ સ્વામીશ્રીએ પ્લૉટ પકડ્યો અને નિર્ણય આપ્યોઃ 'ખરીદી લેવાનું કહી દેજો.'

૯૦મા વર્ષે, શરીરને નડતી-કનડતી તકલીફો વચ્ચે અને સાડા સાત લાખથી વધુ પત્રો ઉકેલ્યા પછી પણ એક-એક ટપાલને સ્વામીશ્રી આવી શ્રદ્ધા તથા સહાનુભૂતિ તેમ જ ચીવટ અને ચોકસાઈથી વાંચતા અને તેનો જવાબ આપતા.

તા. ૧૨-૩-૮૯ની સવારે કરમસદના મંદિરે પહોંચેલા સ્વામીશ્રી દૂર ઊભેલા એક હરિભક્તને જોતાં જ મંદિરનાં પગથિયાં ચઢતાં અટકી ગયા અને એકદમ પાછા વળી પેલા સત્સંગીને કહેવા લાગ્યાઃ 'અરવિંદભાઈ! કહેવાનું એટલું જ કે આપણે એવું બધું કરવાની જરૂર નહીં. આપણે સત્પુરુષ રાજી થાય એમ કરવું. એમને બેસવું હોય તો બેસે, ઊભા થવું હોય તો ઊભા થાય અને સૂઈ જવું હોય તો સૂઈ જાય. એમની મરજી પ્રમાણે રહેવું.'

સ્વામીશ્રીના મુખેથી અચાનક ફૂટેલી આ શીખથી સૌ વિસ્મિત થઈ ગયા. છેવટે તેનો તાળો મળ્યો કે, 'પેલા હરિભક્ત શ્રી અરવિંદભાઈ સ્વામિનારાયણે સ્વામીશ્રીને પત્રમાં લખી જણાવેલું કે, 'આપ ઊભા થઈને બોલો છો ત્યારે ખૂબ હાંફો છો, જે આપના સ્વાસ્થ્ય માટે સારું નથી. એટલે હવે જો આપ ઊભાં ઊભાં બોલશો તો ન છૂટકે મારે ઉપવાસ કરવાની ફરજ પડશે.'

તેઓના આ લેખિત પત્રનો સ્વામીશ્રીએ આજે મૌખિક પ્રતિભાવ આપી દીધેલો. તે જોઈ સૌ વિચારી રહ્યા કે 'રોજેરોજ આવતા હરિભક્તોના થોકબંધ પત્રોમાંથી દરેકની વિગત સ્વામીશ્રીને આમ જ યાદ રહેતી હશે ને !'

આ રીતે મહિને-દા'ડે ઠલવાતા હજારથી વધુ પત્રોની વિગતો જ નહીં, પરંતુ તે ટપાલો લખનારાનાં નામ-ઠામ અને તેઓની ભાષાઓને પણ ઈદં સ્ફુરી આવે તે રીતે યાદ રાખનારા હતા સ્વામીશ્રી.

તા. ૧૧-૨-૯૦ની સવારે અકોલામાં પત્રલેખન કરી રહેલા તેઓ પર આવેલો દક્ષિણ આફ્રિકાના શ્રી એસ. વી.



ગામડાંઓમાં વિચરણ કરતાં કરતાં, પધરામણીઓના અવિરત દોર વચ્ચે પ્રમુખસ્વામી મહારાજે પત્રલેખનની સેવાઓ દ્વારા કંઈક લોકોની મુંઝવણોને હલ કરી છે. ક્યારેક તો ચાલુ પધરામણીએ વચ્ચે મળતા થોડા સમયમાં પત્ર લખીને તેમણે એ પરિવારની મૂંઝવણ ટાળી છે...

રામનો પત્ર અંગ્રેજીમાં હતો. તે જોઈ સ્વામીશ્રીએ પત્ર-પરિચારકને પૂછ્યું: 'આની પહેલાં એમણે પત્ર લખ્યો ત્યારે તો ગુજરાતીમાં લખ્યો હતો. આ વખતે કેમ અંગ્રેજીમાં લખ્યો?'

પત્રવ્યવહારમાં રહેતી સ્વામીશ્રીની આ ક્ષમતા અને સૂક્ષ્મતાને શી રીતે વર્ણવવી?

તે સાથે તા. ૨૮-૧૨-૮૬ની સવારે મુંબઈમાં ચાલી રહેલું સ્વામીશ્રીનું પત્રલેખન ઠેઠ ભોજનના સમય સુધી સરકતું રહ્યું. અંતે જમવા માટે ઊભા થતાં પૂર્વે પત્ર-પરિચારકે છેલ્લું પોસ્ટકાર્ડ તેઓને સહી કરવા આપ્યું. તેમાં એ સંતે એક હરિભક્તને દીકરાનું નામ મનહર રાખવાની નોંધ લખેલી, પરંતુ તે વાંચતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'આગળ એક પત્રમાં તો મનહર નામ લખ્યું છે. આમાં એ જ નામ ફરી કેમ લખ્યું?'

આ ટકોર સાંભળી પરિચારકે તપાસ કરી તો તેઓ દ્વારા ગફલતથી પીયૂષને બદલે મનહર લખાઈ ગયાનું માલૂમ પડ્યું.

## ■ પત્રમૂર્તિ

અતિ ચીવટ અને ઝીણવટ સાથે સ્વામીશ્રી પત્રવ્યવહારની સેવામાં પરોવાય ત્યારે ક્યારેક પત્ર-પરિચારક એક-એક પત્રની વિગતો તેઓને જણાવતા જાય અને ઉત્તર મેળવતા જાય. ક્યારેક સ્વામીશ્રી સ્વયં જ એકસાથે પત્રો વાંચી લે અને તેના ઉત્તરો લખાવતા જાય. આ રીતે તેઓએ આપેલા માર્ગદર્શન અનુસાર સેવક જવાબ લખીને પત્ર તૈયાર કરે. તેની પર સ્વામીશ્રી હસ્તાક્ષર પાડે. ક્યારેક સ્વયં પણ આખો કાગળ કે અડધો કાગળ ભરી લખે. સહી કે લખાણ કરતી વખતે તેઓ જો સોફા પર બિરાજ્યા હોય તો મોટે ભાગે ડાબા પગે જમણો પગ ચઢાવીને બેસે. તે સમયે પોતાના ખોળામાં રાખેલા પૅડને વીસ-પચીસ અંશના ખૂણે રાખી સ્વામીશ્રીની કલમ સર.. સર.. ચાલતી હોય.

લખતી વખતે અક્ષરોની દિશા લીટી કરતાં સહેજ ઉપર તરફ સહેજે જ ચઢતી રહે. પત્ર લખતાં-લખતાં જો થોડી જ વિગત બાકી રહી હોય તો સ્વામીશ્રી પત્રને આડો કરીને હાંસિયાની જગ્યામાં લખે. તેમ છતાં ક્યારેક કોઈ વિગત બાકી રહી જાય તો તેઓ પોતે જ લખેલી બે લીટીઓની વચ્ચે વચ્ચે પણ લખે. લખતી વખતે જમણી દાઢ દબાવતા હોય એ રીતે સ્વામીશ્રીના મુખના કપોળ હલે. પત્ર પૂરો કરી



સ્વામીશ્રીનું વિચરણ ટ્રેન, પ્લેન, ખખડધજ મોટરકાર હોય કે ઊબડખાબડ રસ્તે ગાડા દ્વારા હોય, પરંતુ વચ્ચે મળતી થોડીક ક્ષણોમાં પણ સ્વામીશ્રી એક એક ભક્તના પત્રની માવજત કરી લે. વિમાનપ્રવાસમાં આરામ પૂર્વે થોડી પળોના સમયમાં પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રીની વિરલ છબિ...

તેઓ જમણી બાજુએ ઉપર તારીખ અને સ્થળ ટપકાવે. પત્ર વાંચ્યા કે લખ્યા પછી ક્યારેક બાજુમાં બેઠેલા પરિચારક તરફ પત્ર મૂકે. ક્યારેક પૅડ પર જ સરકાવે એટલે પરિચારક એ પત્ર લઈ બીજો મૂકે. આ સમયે જો ફોન આવે કે કોઈ મુલાકાતી આવે ત્યારે સ્વામીશ્રી પેનને પગના જમણા અંગૂઠા અને આંગળી વચ્ચે ભરાવી દે. દિવસના લગભગ બે-એક કલાક તેઓ આવો પત્રવ્યવહાર ચલાવે. તે દરમ્યાન 'શા. નારાયણસ્વરૂપદાસના જય સ્વામિનારાયણ' લખેલા તેઓના પત્રો જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં સૌની અમૂલ્ય મૂડી બનીને રહી જતા.

### ■ પત્રવ્યવહારમાં ક્ષણે ક્ષણનો ઉપયોગ

પત્રો વાંચવા અને લખવામાં સ્વામીશ્રી એકેએક ક્ષણને કસીને વાપરે. તેની પાછળ ભાવના એ કે પત્ર મોકલનારાને સમયસર જવાબ મળી જાય.

તેથી તા. ૧૨-૬-૯૦ની સવારે સાડા અગિયાર વાગ્યે મુંબઈના દાદરમાં આવેલા ડૉ. દીક્ષિતના દવાખાને એક્સ-રે પડાવવા ગયેલા તેઓ પૂર્વતૈયારીમાં થોડો સમય જાય એમ હોવાથી પ્રતીક્ષાકક્ષમાં બેસી પત્રો વાંચવા લાગ્યા. થોડી વારમાં એક્સ-રે પડાવવા માટે ઊભા થવાનું કહેણ આવ્યું ત્યારે સ્વામીશ્રી પત્ર વાંચતાં વાંચતાં જ ઊભા થયા. એટલું જ નહીં, એ જ અવસ્થામાં તેઓ મશીન સુધી પહોંચ્યા. અત્રે એક્સ-રે પડ્યો તેટલા સમય સુધી તેઓએ પત્રને અળગો કર્યો, પરંતુ પાંચ એક્સ-રે લેવાના હોવાથી વચગાળામાં મળતી ગણતરીની સેકંડોમાં પણ સ્વામીશ્રી પત્રો વાંચતા રહ્યા!

સ્વામીશ્રી જીવનભર નિત્ય-પ્રવાસી રહ્યા હતા, ગામડે ગામડે અને નગરે નગરે તેઓ અહોરાત્ર વિચરતા રહ્યા હતા, પરંતુ આ પ્રવાસ દરમ્યાન એક સ્થળેથી બીજા સ્થળે જવા તેમના વાહનનું પૈડું ફરતું થાય એટલે તેમની પત્ર કચેરી ખૂલી જાય. પ્રવાસ દરમ્યાનની ક્ષણેક્ષણને તેઓ પત્રસેવામાં પ્રયોજે. પ્રવાસ ટ્રેઈનમાં હોય, ગાડામાં હોય, મોટરકારમાં હોય કે વિમાનમાં હોય, સ્વામીશ્રીનો પત્રવાચન-લેખનનો ક્રમ એ જ રીતે હોય.



માંદગીના બિછાને આરામ કરી રહેલા સ્વામીશ્રીએ પલંગમાં સૂતાં સૂતાં પણ પત્રલેખન-વાંચન કરીને ભક્તોની ચિંતા કરી છે. શરીરની પરવાહ કર્યા વિના એક એક પત્રની લાગણીથી સંભાળ લેતા સ્વામીશ્રીની આ છબિમાં એમના સેવા-આયામને સહજતાથી નીરખી શકાય છે.

કર્મઠતાની આ કક્ષા સાથે વર્તતા સ્વામીશ્રીને લઈ વર્જિન ઍટલાન્ટિક ઍરલાઈન્સનું વિમાન તા. ૨૭-૫-૯૪ની સાંજે ૬:૫૦ વાગ્યે લંડનથી ઊંચકાયું. તે વખતે પ્લેનની પાંખો આકાશમાં ફરવા લાગી અને સ્વામીશ્રીની આંખો પત્રો પર. લગાતાર ચાર કલાક સુધી પત્રવ્યવહારની સેવા કરી તેઓ આરામ પૂર્વે પેશાબ-પાણી માટે ઊભા થયા ત્યારે સંતો વિમાનની સીટ પર આરામ માટેની તૈયારી કરવા લાગ્યા. આ પ્રક્રિયા સ્વામીશ્રી બાથરૂમમાં જઈને પરત પધાર્યા ત્યારે પણ ચાલુ હતી. તેથી મળેલા બે-એક મિનિટના સમયમાં સ્વામીશ્રીએ ઊભાં ઊભાં એક પત્ર વાંચી લીધો !

આમ, પત્રવ્યવહારમાં પળેપળને નીચોવતા તેઓ તા. ૬-૫-૮૪ના રોજ લંડનથી ન્યૂયોર્ક જવા નીકળ્યા ત્યારે સાડા છ કલાકની આ મુસાફરીમાં વિશ્રામ માટે પૂરતો સમય હતો. પરંતુ સ્વામીશ્રીએ આરામને બદલે કામ પસંદ કર્યું. સ્વામીશ્રીએ વિમાનના ઉડ્ડયન પહેલાં સીટ બેલ્ટ બાંધ્યો તે બાંધ્યો, તે પછી સતત પાંચ કલાક સુધી તેઓ પત્રવાંચન-લેખન કરતા રહ્યા!


આ સમયે તેઓ ટ્રેઈન કે વિમાનના વિશેષ સુવિધાજનક વર્ગમાં મુસાફરી નહોતા કરતા. તેથી બેઠકની સંકડાશ એકધારું બેસી રહેવામાં ઘણી કઠે. એટલે જ પ્રવાસ દરમ્યાન સહયાત્રીઓ કેટલીયવાર પગફેર માટે ઊભા થયા, પરંતુ સ્વામીશ્રી તો 'જૈસે થે'ની સ્થિતિમાં જ વાંચતા-લખતા રહ્યા.

તે જોઈ વચ્ચે સંતોએ વિનંતી પણ કરી, 'બાપા! ઘડીક તો આરામ કરો!'

'આ દેશનું કામ આ દેશમાં પૂરું કરવું જ પડે. કારણ, ન્યૂયોર્ક પહોંચીશું તો ત્યાં બીજી ટપાલો આવી જ ગઈ હશે. જો રોજેરોજનું કામ ન કરું તો એક વાહન ટપાલનું ભેગું ફેરવવું પડે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તા. ૨૦-૯-૦૬ની સવારે મુંબઈમાં બાંધકામ સંબંધી બેઠક યોજીને બિરાજેલા તેઓએ સતત બે કલાક સુધી ચાલેલી આ મીટિંગ દરમ્યાન વચ્ચે ફક્ત એક મિનિટનો સમય મળતાં પણ એક પત્ર વાંચી લીધો!

મુંબઈમાં ઊજવાઈ રહેલા મંદિરના કળશ-મહોત્સવ

ક્યારેક રસ્તે ચાલતાં ચાલતાં પણ સ્વામીશ્રીએ પત્રવાંચન કર્યું છે, તો ક્યારેક રસ્તામાં કોઈ જગ્યાએ ઊભા રહીને, જ્યાં જેવી વ્યવસ્થા મળી તેનો આધાર લઈને સ્વામીશ્રીએ શીઘ્રતાથી ભક્તોને પત્રો લખ્યા છે. ઉપરની છબિઓ સ્વામીશ્રીની એ આગવી સેવાનું દર્શન કરાવે છે...


પ્રસંગે તા. ૨૬-૧૧-૮૭ના રોજ સાયંસભામાં બિરાજેલા સ્વામીશ્રીએ પત્ર-પરિચારક પાસે ટપાલો માંગી, પણ એ સેવક વાંચવાનાં ચશ્માં મંદિરે ભૂલી ગયા હોવાથી તેઓએ પત્રો ન આપ્યા. તે સમયે સ્વામીશ્રી બાજુમાં બેઠેલા વિવેકસાગરદાસ સ્વામીનાં ચશ્માં પહેરીને પત્રો વાંચવા લાગ્યા. ગંગાના પ્રવાહને વહેતો કોઈ ન રોકી શકે તેમ મુશ્કેલીમાં માર્ગ કાઢતો સ્વામીશ્રીનો પત્રપ્રવાહ પણ વહેતો રહેતો.


તા. ૨૪-૧૨-૭૬ની બપોરે સોલાપુરમાં બિરાજતા સ્વામીશ્રીએ આજે ઘણા દિવસો પછી સમયસર બપોરનું ભોજન લીધું. તેથી ભોજન બાદ આજે આરામ પણ પૂરતો મળશે એવી સૌની ગણતરી હતી. પણ જમ્યા બાદ સ્વામીશ્રીએ હાથમાં કલમ-કાગળ લીધાં તે સાથે જ સૌની આ ગણતરી ઊંધી વળી ગઈ! આજે સાંજે એક હરિભક્ત અત્રેથી લંડન જવાના હતા તે વિગત જાણતાં સ્વામીશ્રીએ આખી બપોર જાગીને લંડન મોકલવાના પત્રો લખી નાંખ્યા. તેનાં બે કારણ - એક તો પત્રવાંછુને વેળાસર ઉત્તર મળી જાય અને બીજું, હાથોહાથ પત્રો પહોંચે તો પોસ્ટેજ ખર્ચ બચી જતાં એટલા પ્રમાણમાં ઠાકોરજીનાં દ્રવ્યનો વ્યય થતો અટકે!

## ■ પત્રવ્યવહારમાં કરકસર

સ્વામીશ્રીની કરકસરની વૃત્તિ પત્રપ્રવૃત્તિ દરમ્યાન અવારનવાર જોવા મળતી. કહો ને કે તેઓ કરકસરના અજવાળે જ પત્રો વાંચતા-લખતા.

તેથી જ તા. ૨૯-૨-૮૮ની સવારે અમદાવાદમાં અલ્પાહાર બાદ પત્રવ્યવહારમાં પરોવાયેલા તેઓ એક પત્રનું રાજુલાનું સરનામું વાંચતાં જ બોલ્યાઃ 'રાજુલાવાળા ભગવાનજી સોલંકી તો કાલે જ અહીં આવેલા. ધર્મચરણ(સ્વામી)ને ખબર નહિ હોય. નહિ તો (આ ટપાલ) હાથોહાથ પહોંચી જાત.'





મુંબઈમાં એક્સ-રે માટે ક્લિનિકમાં પધારેલા સ્વામીશ્રીએ મંદિરેથી નીકળ્યા ત્યારથી લઈને એક્સ-રે લેવાયો તેની વચ્ચેના સમયમાં પણ પત્રલેખન-વાંચન કરી લીધું. તો ભરૂચમાં તેઓની ભવ્ય જન્મજયંતીના સિંહાસન પર પોતાની જાતને વિસારી દઈને તેઓ પત્રસેવામાં પરોવાઈ ગયા...

સન ૧૯૮૮ના આ અરસામાં સ્વામીશ્રી દુષ્કાળ-રાહત કાર્ય તરીકે લાખો રૂપિયાના ખર્ચે ધમધમતા સંસ્થા-સંચાલિત કૅટલ કૅમ્પનાં સૂત્રો સંભાળી રહેલા. તેમ છતાં તેઓ એકાદ રૂપિયાની ટપાલ-ટિકિટનોયે ખોટો ખર્ચ ન થાય તેની પણ સૂક્ષ્મ તકેદારી લેતા જતા.


તા. ૨૯-૧૨-૮૪ના રોજ નવસારીથી સાંકરી જવા તૈયાર થયેલા સ્વામીશ્રી વિદાય લેતાં પૂર્વે એક પત્ર લખવા બિરાજ્યા ત્યારે પત્ર-પરિચારકે તેઓને રોજના ક્રમ મુજબ લેટરપેડ આપી દીધું, પણ સ્વામીશ્રીને જરૂર હતી નાના કાગળની. તેથી તેઓએ લેટરપેડમાંથી નવું પાનું ન ફાડતાં અડધા લખાયેલા એક કાગળમાંથી નીચેનો કોરો ભાગ ફાડીને તેમાં ચિઠ્ઠી લખી દીધી!

આમ, કરકસરના કિનારે બેસી પત્ર-પ્રવાહ વહેવડાવતા સ્વામીશ્રીનાં ઉપકરણોમાં કલમ, કાગળ, પૅડ અને ચશ્માં રહેતાં, પરંતુ આ સામગ્રીઓ શક્ય એટલી સાદી રાખવાનો તેઓનો સદાગ્રહ કાયમ જોવા મળતો.

તા. ૧૧-૧૧-૮૭ની બપોરે સ્વામીશ્રી માટે પરદેશથી આવેલી બે સોનેરી રંગની પેન જ્યારે પત્ર-પરિચારકે બતાવી ત્યારે સ્વામીશ્રી બોલેલાઃ 'આપણી જે કાળી પેન છે તે સારી.'

સારું મળે ત્યારે રાજી થનારા ઘણા, પણ સારું ટળે ત્યારે રાજી થનારા તો સ્વામીશ્રી એક જ હશે.

આવા સાદગીસભર તેઓનાં ચશ્માંના નંબર બદલાતાં, તા. ૧૫-૮-૭૭ના રોજ ન્યૂયોર્કમાં રહેતા હરિભક્ત શ્રી ચંદ્રકાંતભાઈ તેઓના જર્મન મિત્ર ડૉ. રોસન હાઈમેન પાસે સ્વામીશ્રીને લઈ ગયા. આ તબીબે 'I'm honoured...' અર્થાત્ 'હું ભાગ્યશાળી છું...' કહેતાં જરૂરી તપાસ કરી. અંતે સ્વામીશ્રીને દૂરનાં અને નજીકનાં એમ બે ચશ્માં લેવા આગ્રહ કર્યો, પણ સ્વામીશ્રીએ કહ્યુંઃ 'એક જ રાખવાં છે.



ગામડાંઓમાં ક્યારેક ઇલેક્ટ્રિસિટીના ધાંધિયા હોય, પરંતુ સ્વામીશ્રીની પત્રસેવામાં કોઈ ચૂક ન પડે. ક્યારેક ફાનસના અજવાળે, ક્યારેક મીણબત્તી તો ક્યારેક ટૉર્ચના અજવાળે પત્રો લખીને સ્વામીશ્રીએ ભક્તોને સમયસર માર્ગદર્શન-આશીર્વાદની સરવાણી વહાવી છે...

બેની જરૂર નથી.'

તેઓની આ રુચિ જોઈ એ ડૉક્ટરે નવી ફ્રેમમાં નવા નંબર મુજબનાં ચશ્માં બનાવી દેવાની તત્પરતા દાખવી. ત્યારે પણ સ્વામીશ્રી બોલ્યા: 'જૂની ફ્રેમમાં જ નવા કાચ ફિટ કરી આપો.'

તે વખતે હરિભક્તે વિનંતી કરી: 'બાપા! ફ્રેમ જૂની થઈ ગઈ છે. બદલી નાંખો ને!'

'મારે જોવાનું ફ્રેમમાંથી છે કે કાચમાંથી ?' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની આ દલીલ ઘણી ધારદાર હતી. તેની સામે કોઈ બોલી ન શક્યું. નવા કાચ જૂની ફ્રેમમાં જ જડાયા અને વૈરાગ્યમૂર્તિ સ્વામીશ્રી સૌના હૃદયમાં જડાયા.

### ■ પત્રમાં નીતરતી કરુણા

તા. ૨૭-૧૧-૭૭ની સાંજે જોહાનિસબર્ગની એક સભામાં બિરાજેલા સ્વામીશ્રીએ સેવક પાસે પત્રલેખન માટે કલમ-કાગળ માંગ્યાં, પણ પત્ર-પરિચારક વિનુ ભગત મંદિરની બાજુમાં આવેલા એક હરિભક્તના ઘેર શૌચ-સ્નાન માટે ગયેલા. તે વાત જાણતાં સ્વામીશ્રીએ બે સત્સંગીઓને તે ઘેર મોકલતાં કહ્યું: 'તમે જાઓ ને ભગતને કહો કે પરવારે એટલે જલદી આવી જાય.' આમ કહી તેઓએ પેલા પાર્ષદ આવ્યા ત્યાં સુધી માળા ફેરવી અને તેઓ આવતાં જ તુરત પત્રલેખન કરવા લાગ્યા, પણ તે શરૂ કરતાં પહેલાં ટકોર જરૂર કરી કે 'તમે આઘાપાછા થાઓ તો મને ચશ્માં, કાગળ ને પેન આપતાં જવું.'

ક્યારેક ભવ્ય સભા, મહાનુભાવોની હાજરી, રસપ્રદ કાર્યક્રમ વગેરેને ધ્યાનમાં રાખી પત્ર-પરિચારક પત્રો ન આપે તો સ્વામીશ્રી અવશ્ય કહેતા: 'ટપાલો મારે વાંચવાની છે, માટે તે મને આપી જ દેવી.'

તેઓની આવી કરુણા અને કર્મઠતા તા. ૬-૭-૧૧ના રોજ ભરૂચમાં આગવી રીતે ઝળકી ઊઠી. આ દિવસના બે દા'ડા પૂર્વે જ સ્વામીશ્રીને હૃદયરોગનો હુમલો આવેલો. તબીબોએ સંપૂર્ણ આરામની ભારપૂર્વક સલાહ આપેલી. હૃદયરોગનો હુમલો આવેલો તેને હજી ૪૮ કલાક પણ વીત્યા નહોતા ત્યાં જ તા. ૬/૭ની સાંજે સ્વામીશ્રીએ ડૉક્ટરને પૂછ્યું: 'મારી બાજુમાં બેસી સંત પત્ર વાંચે ને હું

સૂતાં સૂતાં સાંભળું એ ચાલે કે નહીં?'

હૃદયરોગથી કષ્ટાતા તેઓને ચિંતા હતી ભક્તોની, પોતાના શરીરની નહીં!

ઇંગ્લેન્ડના આસ્ટનમાં તા. ૧૬-૯-૯૦ની સાંજે સ્વામીશ્રી સ્વાગતસભામાં બિરાજમાન હતા ત્યારે પુષ્પહારવિધિ શરૂ થયો. તે વખતે પત્રલેખનમાં તલ્લીન તેઓ કોઈ હાર પહેરાવવા આવે તેટલા પૂરતું કલમ મૂકી પુનઃ લખવા મંડી પડતા. પુષ્પહાર પહેરાવવા ક્રમવાર આવતી બે વ્યક્તિઓની આવનજાવનમાં વચ્ચે તો કેટલો સમય મળે? પરંતુ તે એક-બે સેકન્ડમાંય સ્વામીશ્રી પત્રલેખન શરૂ કરી દેતા.

તેઓને પુષ્પહારમાં નહીં, પણ હરિભક્તોમાં રસ હતો. તેથી તેઓ પત્રવ્યવહાર બાબતે તો થાકનેય ન ગણકારતા.

તા. ૧૦-૨-૭૭ની રાત્રે પોણા દસ વાગ્યે કોઈમ્બતુર પધારેલા સ્વામીશ્રી અહીં હરિભક્ત શ્રી વિષ્ણુભાઈ ભટ્ટના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે મુંબઈથી આવેલા રશ્મિભાઈ શેઠ તેઓની નજરે ચડ્યા.

તે ભક્તે વાતચીત દરમ્યાન સ્વામીશ્રીને કહ્યું: 'આપના માટેની ટપાલો હું લેતો આવ્યો છું. તે ઉતારે મૂકી છે. કાલે સવારે પૂજાદર્શન માટે આવીશ ત્યારે લેતો આવીશ.'

પણ તે સાંભળતાં જ સ્વામીશ્રીએ જણાવ્યું: 'હાલ જ તે લઈ આવો. હું જમીને ક્યાં તરત સૂઈ જવાનો છું?' એમ કહી તેઓએ તાત્કાલિક પત્રો મંગાવી લીધા અને ભોજન બાદ તેના જવાબ આપવા બેસી ગયા!

આજે આખા દિવસમાં સ્વામીશ્રીએ તેર કલાકની મુસાફરી કરેલી. છતાં રાત્રે સાડા દસ વાગ્યે પણ તેઓ હજી વધુ કાર્યભાર ઉઠાવવા તત્પર બન્યા. હરિભક્તોને બને એટલું વહેલું સમાધાન મળી જાય અને તેઓ નચિંત બની રહે તેનું તાન સ્વામીશ્રીને સદાય રહેતું. લોકો પર ગયેલા તેઓના પત્રોમાં તેઓની લિપિ વાંચી શકાય છે, પણ એ લિપિ પાછળ છુપાયેલી તેઓની આવી કરુણા તો અણઉકલી જ રહી ગઈ હશે !

ભક્તો પ્રત્યેની સ્વામીશ્રીની આ કરુણા તા. ૬-૧૨-૮૯ની રોજ ભરૂચમાં ઊજવાતી તેઓની જન્મજયંતીની સભામાં આગવી રીતે પ્રકાશી રહી. આ મહોત્સવમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે ઉત્સવનો મંચ મંત્રીઓ, ધારાસભ્યો, સંસદસભ્યો, કલેક્ટર, પંચાયત પ્રમુખ વગેરે મહાનુભાવો અને મહોત્સવનો માંડવો હજારોની મેદનીથી છલકાઈ ગયેલો.

તેઓના અપ્રતિમ ઉમંગની વચ્ચે એક પછી એક વરિષ્ઠ સદ્ગુરુઓ સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાવા લાગ્યા. તેમાં પોતાનો ભાવપ્રવાહ ભેળવતાં ઉદ્યોગપ્રધાન શ્રી હરિસિંહ મહીડાએ કહ્યું: 'સદીઓની સદીઓ સરી જશે, પણ માનવજાત પ્રમુખસ્વામીના જીવનની મહાનતાનો તાગ નહીં મેળવી શકે.'

આવી જ હૃદયોર્મિ ઉલેચતાં સ્થાનિક ધારાસભ્ય શ્રી મહંમદભાઈ પણ બોલ્યાઃ 'હું આજે પ્રમુખસ્વામીને અબજો સલામ પેશ કરવા આવ્યો છું.'

પરંતુ આ પ્રશંસાપુષ્પોની સુગંધ માણવાનું મૂકીને, સામે બેઠેલી જંગી સભાના અહોભાવથી પણ અજાણ સ્વામીશ્રી દૂર દૂરથી આવેલા ભક્તોના પત્રો લખવા-વાંચવામાં એવા તે પરોવાઈ ગયેલા કે એક તબક્કે તો તેઓએ ખભે ધારેલું ગાતરિયું સરકતું-સરકતું ખોળામાં ઢગલો થઈ પડ્યું તેની પણ તેઓને ખબર ન રહી! ભક્તો પ્રત્યેની સ્વામીશ્રીની આ લાગણી જોઈ સૌ તેઓને નમી પડ્યા.

પત્રવ્યવહાર એ સ્વામીશ્રીની ભક્તો પ્રત્યેની કરુણાનો પુરાવો હતો, તેની સાક્ષીરૂપે એવા ઘણા પ્રસંગો સ્વામીશ્રીના જીવનમાં બન્યા છે કે જેમાં તેઓએ પત્ર લખવામાં અગવડ-સગવડ કશું ન જોયા હોય. મોટર અને ટ્રેનમાં તો ઠીક, પરંતુ હોડી અને બળદગાડામાં બેસીનેય મુસાફરી કરતા સ્વામીશ્રીએ પત્રો લખ્યા-વાંચ્યાના દાખલા બનેલા છે. ક્યારેક વીજળી ગુલ થઈ ગઈ હોય તો બેટરી, દીવો કે ફાનસના અજવાળે પણ સ્વામીશ્રી લખતા રહેતા. સિત્તેર-સિત્તેર પાનાંના પત્રો પણ વાંચ્યાના પ્રસંગ તેઓના જીવનમાં બન્યા છે.

## ■ પત્રવ્યવહારમાં શતાવધાની

પત્રવ્યવહાર કરતા સ્વામીશ્રીની મેધા 'લૈયે ન તવ અંત અમે લગાર...' જેવી અપાર અનુભવાતી.

તા. ૫-૧-૮૭ની સાંજે મુંબઈમાં પત્રો વાંચતા સ્વામીશ્રી પાસે પહોંચેલા અમદાવાદના એક યુવાનને પોતાના પેચીદા પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવું હતું. તેઓનો આ હેતુ જાણી સ્વામીશ્રીએ કહ્યું: 'વાત કરો.'

જો કે આમ જણાવી પત્રપઠનમાં જ મશગૂલ રહેલા સ્વામીશ્રી પાંચેક મિનિટ સુધી પેલા યુવકની વિગતો પણ સાંભળતા ગયા. અંતે પત્ર-પરિચારકને પત્રો સંબંધી અને યુવાનને તેના પ્રશ્નો સંબંધી સુયોગ્ય સમાધાન આપી તેઓ સાયંભ્રમણ માટે ઊભા થયા ત્યારે એક સાથે અનેક કામ હાથ ધરતા સ્વામીશ્રી સૌને વિસ્મયકારી લાગ્યા.

ક્યારેક તો તેઓ એક પત્રની વિગત સાંભળતા હોય ત્યારે બીજા પત્રનો જવાબ પણ લખતા જોવા મળે. ક્યારેક ફોન પર વાતને સાંભળતાં સાંભળતાં પણ પત્ર લખતા જાય.

તા. ૧૪-૬-૮૯ના રોજ ગોંડલ મુકામે પત્રવાંચનમાં પરોવાયેલા સ્વામીશ્રી પર લંડનથી એક હરિભક્તનો ફોન આવ્યો. પૂર્વાપરના સંદર્ભથી સ્વામીશ્રીને ખ્યાલ આવી ગયો કે 'આ વાત લાંબી ચાલશે.' તેથી તેઓ એક હાથે ફોન પકડી વાતો કરતા રહ્યા અને બીજા હાથે પત્રો ઝાલી વાંચતા પણ ગયા. એક પત્ર પૂરો થાય એટલે જાતે જ એક હાથ વડે બીજું પરબીડિયું ખોલી અંદરનો પત્ર કાઢે અને તેને એક હાથે જ પહોળો કરી વાંચે. આમ, વાતો કરતાં-સાંભળતાં સ્વામીશ્રીએ ચાર પત્રોનું વાંચન કરી લીધું!

આ જ રીતે તા. ૨૯-૧-૮૮ના રોજ અટલાદરામાં યોજાયેલી સાયંસભામાં બિરાજેલા સ્વામીશ્રી પત્ર-પરિચારક પાસેથી એક પછી એક ટપાલની વિગતો જાણી યથાયોગ્ય સમાધાન આપી રહેલા. એ વખતે 'સ્વામીશ્રી આશીર્વાદ આપશે' એવી જાહેરાત થતાં તેઓ સમક્ષ માઇક ગોઠવાયું. તે સાથે સ્વામીશ્રીએ આશીર્વાદનો પ્રારંભ કરતાં પૂર્વે પરંપરાની જય બોલાવવી શરૂ કરી, પરંતુ એ જયનાદ બોલતાં-બોલતાં તેઓએ સેવક પાસેથી એક પત્રની વિગતો સાંભળી લીધી!

આવા શતાવધાની સ્વામીશ્રીની સતેજ સ્મૃતિ-શક્તિના ચમકારાયે પત્રવ્યવહાર વખતે વેરાતા રહેતા.

તેથી જ તા. ૧૪-૧૨-૮૪ની સાંજે મુંબઈના અક્ષર-ભુવનની અગાશીમાં ભ્રમણ કરી રહેલા સ્વામીશ્રીને જ્યારે અમલનેરથી આવેલો એક ફોન આપવામાં આવ્યો ત્યારે તે હાથમાં લેતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'કોણ?'

આ સાંભળી ફોન જોડનાર પોતાનું નામ બોલ્યા. તે જાણી સ્વામીશ્રીએ પુનઃ પૂછ્યું: 'બેંકમાં કામ કરો છો એ જ ને?'

'હા.'

'તમારો પત્ર મળ્યો છે ને કામ થઈ જશે. આશીર્વાદ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આજે તેઓને અમલનેર ગયાને બે વર્ષથી વધુ સમય થઈ ગયેલો. તે દરમ્યાન તેઓ હજારોને મળેલા. છતાં બે વર્ષ પૂર્વે મળેલી વ્યક્તિનું કેવળ નામ સાંભળીને તેના વ્યવસાય વગેરે પણ ઇદં યાદ આવી જવા તે કેવી સતેજ સ્મૃતિ!

## ■ એકાગ્રતાના એવરેસ્ટ પરથી વહેતી પત્રગંગા

તા. ૨૯-૪-૮૯ના રોજ ભેંસદડ પધારેલા સ્વામીશ્રી અહીં રાત્રિસભામાં લાભ આપ્યા બાદ શ્રી નારાયણભાઈ ચોટલિયાના ઘેર ઉતારે આવ્યા. અત્રે તેઓ આખા દિવસનો શ્રમ અને ત્રણ દિવસથી વળગેલી શરદીને કારણે શરીરમાં રહેતી કળતર વચ્ચે પણ પત્રવાંચનમાં પરોવાયા.

પરંતુ એ નાના ઓરડામાં ઘણા વખતથી ફૂંફાડા મારી રહેલા ઍરકન્ડિશનડ મશીને ઓરડાને ઘણો ઠંડો કરી મૂકેલો. તેથી સ્વામીશ્રીની પાસે બેઠેલા પત્ર-પરિચારકને પણ ઘડીભર તો થઈ ગયું કે, 'એ.સી. બંધ કરી દઉં.'

આવા સમયે એકધારા વાંચનમાં ગૂંથાઈ ગયેલા સ્વામીશ્રી રાત્રે ૧૧:૩૦ વાગ્યે પત્રવ્યવહાર પૂરો કરી ચશ્માં ઉતારતાં બોલ્યા: ''આ તો બહુ ઠંડું કરી નાખ્યું! હું તો કાગળ વાંચતો'તો તે કંઈ ખબર જ ના પડી, પણ આ વાંચવાનું પૂરું થયા પછી થયું કે, 'માળું, બહુ ઠંડું છે.''

આમ, સ્વામીશ્રી પત્રવ્યવહારમાં ડૂબે ત્યારે સ્થળ, સમય, સંજોગ અને શરીરનેય વીસરી જતા.

આવી જ એકાગ્રતાથી તેઓ તા. ૧૦-૧૨-૮૪ની સવારે અટલાદરાના મંદિરે પોતાના ઓરડામાં બિરાજી પત્રલેખન કરી રહેલા. તે દરમ્યાન જ એક ઉંદરડી ઓરડામાં ઘૂસી આવી. તેને જોનારા સંતો એને બહાર કાઢવા પ્રયત્નશીલ થયા, પરંતુ આમતેમ દોડાદોડી કરનાર એ ઉંદરડી કોઈના લાગમાં આવતી નહોતી. થોડીવારમાં તો તે દોડાદોડી કરતી દેખાતી પણ બંધ થઈ. તેથી તેની તલાશ માટે સંતો વિશેષ પ્રયત્નશીલ બન્યા. છતાં નિરાશા સિવાય કાંઈ હાથ ન લાગ્યું, ત્યારે આ ધમાચકડીને પહેલેથી જોતાં રહેલા સ્વામીશ્રી બોલ્યા: 'એ અહીંયાં (પોતાની કેડ આગળ) જ છે.'

ઉંદરડીએ સૌથી સલામત સ્થાન શોધી કાઢેલું. તેથી તે ક્યાંથી હાથમાં આવે? સ્વામીશ્રીના ગંભીર ઉદરની આસપાસ તે સળવળ્યા કરતી હતી. પરંતુ તેની આ સળવળથી સ્વામીશ્રી લેશ ચલાયમાન થયા નહોતા અને પત્રો લખ્યે જ જતા હતા.

તેઓની આવી એકાગ્રતાનું ઍવરેસ્ટ રચાયું - તા. ૧૧-૪-૯૦ની રાત્રે. આ સમયે ભાવનગરમાં વાળુ બાદ પત્રવાંચનમાં પરોવાયેલા સ્વામીશ્રીની ઉપર એક બલ્બ ઝગતો હતો. ઘણા સમયથી ચાલુ હોવાને કારણે બરાબર તપી ગયેલો તે કો'ક અકળ કારણસર અચાનક હોલ્ડરમાંથી છટક્યો અને પડ્યો સીધો જ સ્વામીશ્રીની બોચીના ભાગ પર. ત્યાંથી નીચે સરકી ગયેલા તેને જોઈ સામે બેઠેલા સંતોના મોઢેથી સિસકારો નીકળી ગયો, પરંતુ સ્વામીશ્રી તો કાંઈ બન્યું જ ન હોય એમ પત્રો વાંચતા રહ્યા. આ કાર્ય વિરમ્યું ત્યારે સંતોએ બલ્બ પડવાની ઘટના તેઓને કહી સંભળાવી. તે જાણી સ્વામીશ્રીએ પૂછ્યું: 'એમ? ક્યારે પડ્યો?'

**(અનુસંધાન પૃષ્ઠ ૪૦ પર)**


## જીવનના અલગ અલગ તબક્કાઓમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તાક્ષર




(સન ૧૯૪૦ના દાયકાની સહી)




(સન ૧૯૫૦ના દાયકાની સહી)




(સન ૧૯૬૦ના દાયકાની સહી)



(સન ૧૯૭૦ના દાયકાની સહી)




(સન ૧૯૮૦ના દાયકાની સહી)



(ઉતાવળમાં કરાયેલી સહી)




(સન ૧૯૯૦ના દાયકાની સહી)



(હિન્દીમાં લખેલા હસ્તાક્ષર)




(અંગ્રેજીમાં લખેલા હસ્તાક્ષર)



(પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ગુરુપદે નિમણૂંક કરી તે પત્રમાં કરેલી સહી, સન ૨૦૧૨)

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## તીર્થધામ સારંગપુરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ...

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તા. ૧૫-૭-૨૦૨૧ના રોજ નેનપુરથી વિદાય લઈ અમદાવાદ પધાર્યા હતા. ડૉક્ટરોની સૂચના અનુસાર જરૂરી સારવાર બાદ સ્વામીશ્રીએ ૨૫ દિવસ યોગીજી મહારાજ હૉસ્પિટલમાં વિશ્રામલીલા ગ્રહણ કરી હતી. આ દરમ્યાન તેઓનું સ્વાસ્થ્ય ખૂબ જ સારું રહ્યું હતું. તા. ૧૦-૮-૨૦૨૧ના રોજ સ્વામીશ્રી અમદાવાદથી વિદાય લઈ સારંગપુર પધારવાના છે તેવા સમાચાર મળતાં જ હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને ઊમટ્યા હતા. યોગીજી મહારાજ હૉસ્પિટલની સામે આવેલી પ્રમુખવાટિકામાં બપોરના ધોમધખતા તાપમાં સૌ સંતો-કાર્યકરોની સૂચના અનુસાર કોવિડ-પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરતા શિસ્તબદ્ધ બેઠા હતા. સૌનાં હૈયે ગુરુહરિનાં દર્શનની તાલાવેલી લાગી હતી. બાળકો પણ દર્શન માટે એટલા જ ઉત્સુક હતા. નિયત સમયે સ્વામીશ્રીનું આગમન થતાં સૌએ તાળીઓના નાદથી અભિવાદન કર્યું. ત્યારબાદ ગોલ્ફકાર્ટમાં વિરાજી, સૌની વચ્ચે પધારી સ્વામીશ્રીએ સમીપ દર્શનનો લાભ આપ્યો હતો. દોઢ વર્ષના અંતરાલ બાદ ગુરુહરિનાં પ્રત્યક્ષ દર્શન કરી સૌ કૃતાર્થ થયા હતા. અહીંથી સૌની ભાવભરી વિદાય લઈ સ્વામીશ્રીએ સારંગપુર પ્રતિ પ્રયાણ કર્યું હતું.



# સારંગપુરમાં સ્વામીશ્રીનો દિવ્ય સત્સંગલાભ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રિય તીર્થધામ સારંગપુરમાં આજે આનંદની હેલી ઊમટી હતી. હરિભક્તો-સાધકો-પાર્ષદો-સંતોનાં હૈયાં થનગની રહ્યાં હતાં. ઉત્સાહ અને દિવ્ય આનંદનું વાતાવરણ જામ્યું હતું. કારણ હતું - અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુવર્ય પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું આગમન.

દોઢ વર્ષના અંતરાલ બાદ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે ગુરુહરિ મહંત સ્વામી મહારાજનું સારંગપુરના આંગણે આગમન થઈ રહ્યું હતું. હરિ અને ગુરુના આગમનને વધાવવા સૌ ખૂબ જ ઉત્સાહિત હતા. સારંગપુર તેમજ આજુબાજુનાં ગામોમાંથી મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તો-ભાવિકોથી મંદિરનું પરિસર છલકાતું હતું.

સાયંકાળે સારંગપુર પધારેલા અક્ષર -પુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીના આગમનને સૌએ હર્ષોલ્લાસભેર વધાવ્યું હતું. રંગબેરંગી રોશનીથી ઝળહળી રહેલા મંદિર પરિસરનો નજારો ઓર ખીલ્યો હતો. ફટાકડાની રોશનીએ ગગનને દિવ્યતાના રંગોથી ભરી દીધું હતું. ગમનપથની બંને બાજુએ બાળકો-કિશોરો-યુવકોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી અને ઢોલના નાદથી હરિ-ગુરુનું સ્વાગત કર્યું. સૌને દર્શનલાભ આપતાં સ્વામીશ્રીએ મંદિર પર પધારી ઠાકોરજીનાં ભાવથી દર્શન કર્યાં અને આરતી ઉતારી. ત્યારબાદ વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામીએ હાર પહેરાવી સ્વામીશ્રીને સત્કાર્યા. દાદરાની ઉપરના મજલે પ્રવેશચોકીમાં રચવામાં આવેલા સુંદર આસન પર બિરાજી સ્વામીશ્રીએ સૌને દર્શનલાભ આપ્યો હતો. સૌ વતી નારાયણમુનિદાસ સ્વામીએ શબ્દસુમનથી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું. વિવેકસાગરદાસ સ્વામી અને સારંગપુર મંદિરના કોઠારી જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ દૂરથી સ્વામીશ્રીને હાર અર્પણ કરી દૃષ્ટિ-આશિષ પ્રાપ્ત કર્યા હતા. સૌ પર કૃપાદૃષ્ટિ કરી સ્વામીશ્રી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના કક્ષમાં પધાર્યા અને તેઓની સ્મૃતિ કરી ભાવથી દર્શન કર્યાં.

સારંગપુરમાં દિવ્ય અને આનંદની છોળો ઉડાડતા સ્વામીશ્રીની ઉપસ્થિતિએ સૌનાં હૃદય-મન પુલકિત કરી દીધાં હતાં. સૌનાં હૈયાં ગાન કરી

રહ્યાં હતાં: *સારંગપુરમાં વ્હાલો પ્રગટ બિરાજે મેં તો દીઠા છે નયણે નિહાળી...*

## પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિસભા

તા. ૧૭-૮-૨૦૨૧, શ્રાવણ સુદ દશમ એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની અંતર્ધાન તિથિ. આજની તિથિએ તેઓનાં શ્રીચરણોમાં ભાવાંજલિ અર્પતા સ્મૃતિસભા યોજાઈ હતી, જેમાં દેશ-વિદેશના લાખો ભક્તોએ જોડાઈને ગુરુહરિનાં ચરણે ભાવપુષ્પાંજલિ અર્પી હતી. આજે પ્રાતઃકાળે સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિસ્થાને પધારી આરતીઅર્ઘ્ય અર્પ્યું હતું. ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરે દર્શન કરી, સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

સંધ્યા સમયે રાત્રે ૮ થી ૧૦ દરમ્યાન યોજાયેલા ઓનલાઈન સ્મૃતિ-સમારોહમાં *‘કેમ રે ભુલાય પ્રમુખસ્વામી, આપની પ્રીત...’* પંક્તિ સાથે પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય સ્મૃતિઓનો વિરલ ખજાનો સૌએ ભાવભીના હૈયે માણ્યો હતો.

પ્રમુખસ્વામી મહારાજે ગરીબ હોય કે તવંગર, દરેકની બ્રહ્મરસની તરસ છીપાવી હતી. સૌએ તેમના સાંનિધ્યમાં તૃપ્તિનો ઓડકાર માણ્યો હતો, અપાર હેત, અનેરી હૂંફ, પળેપળે સંભાળ અને દિવ્ય સુખને અનુભવ્યાં હતાં. આ અનુભવની સ્મૃતિઓને તાજી કરવા અને એ સ્મૃતિઓ દ્વારા રોજે રોજ હૈયું ભીનું કરવા માટેની આ સભા સૌ માટે વિશિષ્ટ સ્મરણીય બની રહી હતી.

પ્રમુખસ્વામી મહારાજરૂપી સરિતાનાં નિર્મળ નીરનું આચમન કરતાં પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ સાહેબ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીથી લઈને દેશ-વિદેશના અંતરિયાળ વિસ્તારોમાં વસતા હજારો હરિભક્તોએ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં અનુભવેલા સ્વાનુભવો વર્ણવી તેઓનાં શ્રીચરણોમાં ભક્તિ-અંજલિ અર્પી હતી. કલ્પનામાં પણ ન આવે એટલી વ્યક્તિઓને તેઓ વ્યક્તિગત મળ્યા છે અને તેમની મુશ્કેલીઓ દૂર કરી છે, છેવાડાનાં ગામડાંઓમાં વસતા ભક્તોનાં ઘરોમાં ઘૂમીને તેમના પર સ્નેહ વરસાવ્યો છે, પ્રત્યેકને મહિમાથી મળ્યા છે, લાખો પત્રો લખીને હરિભક્તોની સંભાળ લેવામાં સ્વામીશ્રીએ કેટલો બધો ભીડો વેઠ્યો છે! વગેરે જેવા અનેક પ્રસંગોની પ્રસ્તુતિએ સૌને અહોભાવમાં ગરકાવ કરી દીધા. સૌથી વિશેષ વાત એ છે કે આ ભક્તોના પ્રસંગોનું આચમન કરતાં આ પ્રસંગો જાણે આપણા પોતીકા હોય તેવી અનુભૂતિ સૌને થઈ હતી. વીડિયો દ્વારા રજૂ થયેલી હરિભક્તોની હૃદયોર્મિઓનું આચમન કર્યા બાદ સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજના ગુણગાન કરતાં જણાવ્યું:

‘‘પ્રમુખસ્વામી મહારાજનું એક સૂત્ર હતું - ‘બીજાના ભલામાં આપણું ભલું.’ આ સૂત્ર પ્રમાણે, પરને અર્થે, બીજાના કલ્યાણ અર્થે અને હરિભક્તો-સંતો-સત્સંગનાં કાર્ય માટે તેમણે દેહ ઘસી નાંખ્યો છે. તેમણે દરેકના મન સાચવ્યા છે. એમના યોગમાં આવ્યા એ બધા માટે તેઓ ઘસાયા છે. તેમનું જીવનચરિત્ર વાંચો તો ખબર પડે કે તેમણે કેવી રીતે બધાને સાચવ્યા છે!

શાસ્ત્રીજી મહારાજે પ્રમુખ નીમ્યા ત્યારે પ્રતિજ્ઞા લીધેલી તે છેલ્લા શ્વાસ સુધી તેમણે પાળી હતી. તે આપણે બધાએ નજરે જોયું છે. તેમણે પોતાના ગુરુ સામે દૃષ્ટિ રાખીને છેલ્લા શ્વાસ સુધી આજ્ઞા પાળી છે. એક જ વાર પ્રતિજ્ઞા લીધી ને સારધાર જીવનના છેલ્લા શ્વાસ સુધી તેનું પાલન કર્યું છે.

પ્રમુખસ્વામી મહારાજને એકવાર પૂછવામાં આવ્યું કે ‘તમારામાં એવી કઈ આવડત હતી કે આટલું બધું કાર્ય કરીને તમે બી.એ.પી.એસ. સંસ્થાને દુનિયામાં ટોપ લેવલ પર મૂકી શક્યા?’ સ્વામીએ જવાબ આપ્યો કે ‘શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મરજી પ્રમાણે જ કર્યું છે. એ જ આવડત. તેમની ઈચ્છા અને આજ્ઞા પ્રમાણે કર્યું છે.’ ગુરુનો રાજીપો લેવાનું તેમને તાન હતું.

હવે આપણે તેમનું કાર્ય આગળ વધારવાનું છે. તેમની શતાબ્દી આવે છે તેમાં મંડી પડીએ. તેઓનાં વચનો જીવમાં ઉતારી, દૃઢ કરી દિગંતમાં પ્રવર્તાવીએ એ જ પ્રાર્થના.’’


ત્યારબાદ વીડિયોના માધ્યમથી પ્રમુખસ્વામી મહારાજની અમૃત-વાણીનો આસ્વાદ સૌએ માણ્યો હતો. અંતે, આરતી-અર્ઘ્ય બાદ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે સ્વામીશ્રીએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## રક્ષાબંધન ઉત્સવ

તા. ૨૨-૮-૨૦૨૧ના રોજ સારંગપુર ખાતે બિરાજતા સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં રક્ષાબંધન ઉત્સવ ઓનલાઈન માધ્યમથી ઊજવાયો હતો. વહેલી સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સંગીતજ્ઞ સંતોએ ઉત્સવને અનુરૂપ કીર્તનો દ્વારા ભક્તિ અદા કરી હતી. સ્વામીશ્રીએ હરિભક્તોને બાંધવામાં આવનાર રક્ષાસૂત્રોને પણ પ્રસાદીભૂત કર્યાં હતાં. અંતમાં સ્વામીશ્રીએ નિયમ-ધર્મની દૃઢતા અને ભગવાન ને સંત કેવી રીતે સદાય ભક્તોની રક્ષામાં બેઠા છે એમ આશીર્વાદ પાઠવ્યા હતા.

# પ્રસંગ-પરિમલ...

નેનપુર ખાતેના નિવાસ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિત્ય વિચરણ-નોંધમાંથી કેટલાક પ્રેરક પ્રસંગોના દિવ્ય પરિમલને માણીએ...




**તા. ૨૯-૩-૨૦૨૧, નેનપુર**

આજે પુષ્પદોલોત્સવે સંતો, સાધકો અને હરિભક્તો-યુવકોને રંગોત્સવનો લાભ આપ્યો હતો તે સ્થાન પર સ્વામીશ્રી સાયંકાળે પધાર્યા. ખૂબ મહિમાથી, એકદમ નીચા નમીને, લીમડાના વૃક્ષના છેક નીચેના ભાગને પગે લાગ્યા! સૌનાં મનમાં આશ્ચર્ય તો હતું જ, તે ઉત્તમયોગીદાસ સ્વામીએ પૂછી લીધું: ''સ્વામી! આપ લીમડાના ઝાડને પગે કેમ લાગ્યા?''

સ્વામીશ્રી કહે: ''કેમ! બધા મુક્તોએ ત્યાં લીલા કરી... રાસ રમ્યા, રંગાયા... આ બધું ભગવાનની સ્મૃતિએ સહિત બધાએ કર્યું, તો (મારે તો) બીજે બધે પગે લાગવું હતું, દંડવત કરવા હતા! પણ એક ઝાડ નિશાન બનાવ્યું હતું, તેને પગે લાગ્યો. બાકી બધે પગે લાગવું હતું... પણ હવે આ તકલીફ છે બધી, નહીં તો દંડવત જ કરત... તમારા બધાનો મહિમા હોય ને! મહિમા ખાલી કહેવાનો છે? વર્તનમાં લાવવાનો છે.''

''તકલીફ પડી હશે, નીચે નમવામાં!?'' ઉત્તમયોગીદાસ સ્વામીએ હકીકત પૂછી.

''ના, ના.'' મહિમાના આનંદમાં તકલીફને ક્યારેય ન ગણકારતા સ્વામીશ્રીએ કહ્યું.

•

**તા. ૧-૪-૨૦૨૧, નેનપુર**

સ્વામીશ્રી દિવસ દરમ્યાનના અનુકૂળ સમયે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રનું શ્રવણ કરે છે. આજે સ્વામીશ્રીનો દૈનિક ક્રમ પૂરો થઈ ચૂક્યો હતો; ઘડિયાળમાં ૯:૫૦ થયા હતા. સેવકે સેવકધર્મ બજાવતાં આરામમાં પધારવાની વિનંતી કરી, તો અરુચિ સાથે સ્વામીશ્રી કહે: ''આટલા વહેલા સૂઈ જવાનું?''

સેવકે તર્ક ધર્યો, કહે: ''સ્વામી! આપે રસી લીધી છે ને! એની ઈમ્યુનિટી ડેવલપ થવા માટે આરામ જરૂરી છે.''

પણ સ્વામીશ્રીનું મન માનતું નહોતું. તેઓ બે-ત્રણ વાર બોલ્યા: ''આટલું વહેલું?... આટલું વહેલું?'' પછી જાતે જ ઉપાય શોધી લેતાં કહે:

''એક ફકરો વાંચી લઈએ.''

તેઓની ઇચ્છા પ્રમાણે 'પરબ્રહ્મ-સુધા' પુસ્તિકા લાવવામાં આવી. અને તેઓએ ઇચ્છા કરી તે જ વાક્ય વિનયપ્રિયદાસ સ્વામીએ વાંચવાની શરૂઆત કરી.

એક ફકરાની જગ્યાએ આખું પાનું વંચાઈ ચૂક્યું હતું, છતાં સ્વામીશ્રી કથામાં તૃપ્તિ પામતા નહોતા ને પામે એવું લાગતું પણ નહોતું. ''હં... હં...'' કહી-કહી આગળ ને આગળ વંચાવતા જતા હતા. સાત-આઠ મિનિટ થઈ ત્યાં એક સેવકે ''સહજાનંદ સ્વામી મહારાજની... જય!'' બોલી પૂર્ણાહુતિ ઘોષિત કરી. અચાનક આવી પડેલી આવી ખલેલ સ્વામીશ્રીને પસંદ ન પડી. તેથી કહે: ''તમે આવું કહ્યું એટલે હવે લંબાવવાનું...''

સૌ હસી પડ્યા. તે સેવક કહે: ''ના, ના, લંબાવાતું હશે?... આપ તો મજાક કરો છો.''

સ્વામીશ્રી સૌ સેવકો ઉપર દૃષ્ટિ કરીને કહે: ''હાલો, બધાની મરજી સાચવીએ.''

સૌ રાજી થયા. સ્વામીશ્રીએ ત્યાં ઊભેલા એક સેવકને પૂછ્યું: ''તમારે શું કહેવું છે?''

''બસ, હવે આરામ કરો બાપા!'' તેમણે પણ એ જ વિનંતી કરી.

સ્વામીશ્રી હસી પડ્યા. કહે: ''એ તો કરવાનો જ છે ને, પોઢ્યા એટલે... પણ આ મુદ્દો કે - અભાવનો દોષ કામ-ક્રોધ આદિક કરતાંય વધુ છે, માટે કોઈનો અભાવ લેવો નહીં.''

સરસ ઉપદેશ આપી 'હરિવાર્તાના વ્યસની ગુરુહરિ' વિશ્રામમાં પધાર્યા.

●

**તા. ૨-૪-૨૦૨૧, નેનપુર**

આજે ગોષ્ઠિ દરમ્યાન ડૉ. મહેન્દ્રભાઈ કહે: ''સ્વામી! આપના સાંનિધ્યમાં અક્ષરધામ જેવું સુખ મળે છે. 'અહીંયાં જ અક્ષરધામ છે અને બધા મુક્તો સાથે છીએ' એવો અનુભવ થાય છે... હવે અહીંયાંથી જઈએ તો અમારામાં કાંઈક ફેરફાર થયો હોય, સદ્‌ગુણો આવ્યા હોય...''

''થાય છે, ખબર ના પડે...'' પ્રાર્થના પૂરી થતાં પહેલાં જ સ્વીકારી લેતાં સ્વામીશ્રીએ કહ્યું.

મહેન્દ્રભાઈ કહે: ''સ્વામી! અમારા સ્વભાવ-દોષ બધા નીકળે... રઘુવીરજી મહારાજ જૂનાગઢ ગયા ને ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરીને આવ્યા તો તેમના સ્વભાવ-દોષ બધું ટળી ગયું હતું, ને સ્થિતિ થઈ ગઈ હતી. તો અહીંયાંથી અમે જે કોઈ સેવા કરીને જઈએ તે બધાના સ્વભાવ-દોષ બધું નીકળી જાય અને એકાંતિક સ્થિતિ થાય.''

''હું પણ આ બધા જોડે નિવૃત્તિમાં જ છું.'' એક સેવકે યાદીમાં પોતાનું નામ નોંધાવતાં કહ્યું.

''સ્વભાવ-દોષો ગયા છે?'' સ્વામીશ્રીએ ભારે પ્રશ્ન પૂછ્યો.

સેવક કહે: ''આપ આશીર્વાદ આપો તો ચપટીમાં જતા રહે.''

સ્વામીશ્રી કહે: ''એમનેમ ના જાય, આશીર્વાદ લેવા પડે... અને આશીર્વાદ લેવા માટે પુરુષપ્રયત્ન કરવો પડે.''

પછી સ્વભાવ પર વાત કરતાં કહે: ''સ્વભાવ કઢી કરી નાંખે તમારી! જવું હોય ક્યાંક ને રિવર્સમાં જાય.''

આટલી વાત કરીને સેવક પાસે 'શોધી આવ્યો તું સત્સંગમાં રે, ભજવાને ભગવાન...' કીર્તન ગવડાવી તેના પર નિરૂપણ પણ કર્યું.

●

આજે સ્વામીશ્રી સાથે બાળકો માટે, કિશોરો માટે અને યુવકો માટે સુંદર પ્રશ્નોત્તરી યોજાઈ હતી, તે અહીં પ્રસ્તુત છે.

**બાળકો સાથેની પ્રશ્નોત્તરી**

**પ્રશ્ન:** ''અમે બાળકો શ્રીજીમહારાજનો જન્મદિવસ કેવી રીતે ઊજવીએ?''

**સ્વામીશ્રી:** ''એક તો ધર્મ-નિયમ હોવા જ જોઈએ. પછી બધું ઊજવ્યું કહેવાય.''

**પ્રશ્ન:** ''શ્રીજીમહારાજનો જન્મ-દિવસ ઊજવવો કેમ અગત્યનો છે?''

**સ્વામીશ્રી:** ''બીજા બધાના જન્મદિવસ ઊજવીએ છીએ, તો આ તો ભગવાન, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ, સર્વથી પર, એમની જન્મજયંતી આપણે ઊજવીએ એમાં શું નવાઈ?''

**પ્રશ્ન:** ''ઘનશ્યામ મહારાજનો આપનો પ્રિય પ્રસંગ કહેશો?''

**સ્વામીશ્રી:** ''બધાં ચરિત્ર equally (એક સમાન) ગમે છે.''

**પ્રશ્ન:** ''ઘનશ્યામ મહારાજના જીવનમાંથી અમારે શું શીખવાનું છે?''

**સ્વામીશ્રી:** ''હા, આપણે ઘરમાં રિસાવું નહીં અને જે હોય તે જમી લેવું. ભગવાનને થાળ ધરવો. શાંત ચિત્તે જમવા બેસવું. ભગવાનને સંભારીને, યાદ કરીને જમવું.''

**પ્રશ્ન:** ''એવી કોઈ વસ્તુ છે જે ઘનશ્યામ મહારાજને ગમતી નહીં?''

**સ્વામીશ્રી:** ''ઘનશ્યામ મહારાજ પવિત્ર અન્ન-જળ લેતા. ગંદવાડ હોય, આભડછેટ હોય તે બધું જમે નહીં. શુદ્ધ અન્ન હોય, ભલે રોટલો-રોટલી હોય, પણ એ ધરાવો એ જમે... અને મનમાં પવિત્ર ભાવના હોય કે 'હું ઘનશ્યામ મહારાજને જમાડું છું' એ જમે... અને એમને અભાવ- અવગુણ ગમતાં જ

નહીં, નાનપણથી જ એમને તેના પર બહુ ચીડ રહેતી.''

**પ્રશ્ન:** ''ઘનશ્યામ મહારાજને શું ગમતું?''

**સ્વામીશ્રી:** ''ધર્મ-જ્ઞાન; આપણે કથાવાર્તા કરીએ, અખંડ સેવા કરીએ એ ગમતું.''

**પ્રશ્ન:** ''ઘનશ્યામ મહારાજ અત્યારે પૃથ્વી પર પ્રગટ છે?''

**સ્વામીશ્રી:** ''છે જ ને! હંમેશાં. જ્યારથી તેઓ પૃથ્વી પર આવ્યા ત્યારથી પ્રગટ જ છે. બધા સત્પુરુષ દ્વારા - ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ એ બધા દ્વારા પ્રગટ રહે છે.''

**કિશોરો સાથેની પ્રશ્નોત્તરી**

**પ્રશ્ન:** ''નીલકંઠવર્ણીનો આપને સૌથી વધુ ગમતો ગુણ કયો છે?''

**સ્વામીશ્રી:** ''ભક્તિ! ભક્તિ કરવી.''

**પ્રશ્ન:** ''નીલકંઠવર્ણીની કઈ મૂર્તિનું આપ ધ્યાન કરો છો?''

**સ્વામીશ્રી:** ''એક પગે ઊભા રહીને, હાથ લાંબા કરીને તપ કરતી મૂર્તિ. એ મને બહુ ગમે છે.''

**પ્રશ્ન:** ''નીલકંઠવર્ણીનો કયો પ્રસંગ આપને સૌથી વધુ ગમે છે?''

**સ્વામીશ્રી:** ''નીલકંઠવર્ણીના બધા જ પ્રસંગો એક સમાન ગમે છે.''

**પ્રશ્ન:** ''નીલકંઠવર્ણી જ્યારે વનવિચરણ કરતા હતા ત્યારે એમના મનમાં કયો વિચાર સતત ચાલતો હતો?''

**સ્વામીશ્રી:** ''ભક્તોનો વિચાર. અને એટલા માટે તો તેઓએ વિચરણ કર્યું બધું. ખૂણે ખૂણેથી મુમુક્ષુ-ભક્તોને શોધી કાઢ્યા.''

**પ્રશ્ન:** ''નીલકંઠવર્ણીમાંથી અમારે કિશોરોએ શી પ્રેરણા લેવી જોઈએ?''

**સ્વામીશ્રી:** ''સંયમી જીવન જીવવું. તપસ્વી જીવન જીવવું. એમાં ઇન્દ્રિયો-અંતઃકરણ બધું કાબૂમાં હોય, અને સત્સંગ હોય, એટલે સ્વામિનારાયણ ભગવાનની સારી રીતે સેવા-ભક્તિ કરી શકીએ. નહીં તો મન ગંદું હોય તો બહારેય બધું ગરબડ-સરબડ હોય.''

**પ્રશ્ન:** ''નીલકંઠવર્ણીનું વનવિચરણ યાદ રાખવું કેમ જરૂરી છે?''

**સ્વામીશ્રી:** ''ભગવાન છે. કેમ યાદ ન રાખવું?''

**પ્રશ્ન:** ''નીલકંઠવર્ણીનું કાર્ય અત્યારે કેવી રીતે ચાલુ છે?''

**સ્વામીશ્રી:** ''એમને તો ભગવાનની નિષ્ઠા પ્રવર્તાવવી, ભગવાનની વાત કરવી એ મુખ્ય હતું... શાસ્ત્રીજી મહારાજે મૂર્તિઓ પધરાવી દીધી, નિષ્ઠા પ્રવર્તાવી, અને કહ્યું: 'સત્પુરુષ પૃથ્વી પરથી કદી જતા જ નથી.' એવી રીતે મહારાજ-સ્વામીની, બ્રહ્મ અને પરબ્રહ્મની નિષ્ઠાના પ્રવર્તનનું કાર્ય ચાલુ જ રહેશે.''

**પ્રશ્ન:** ''નીલકંઠવર્ણીએ કેવી રીતે સાચો સિદ્ધાંત પ્રસરાવ્યો હતો?''

**સ્વામીશ્રી:** ''એક તો પોતાનું શુદ્ધ વર્તન. અને ઉપાસના, ભગવાનનું ભજન. એ સિવાય કાંઈ નહીં. સેકન્ડે સેકન્ડની ક્રિયામાં તે ભગવાનને કોઈ દિવસ ભૂલતા નહીં. પોતે ભગવાન હતા, પણ તોય દાખલો બેસાડવા સાધક તરીકે બધી ક્રિયા કરતા. તમે ગમે એટલી વાત કરો, પણ તમારા અમલમાં હોય એ વાત બીજાને સચોટ બેસી જાય.''

**પ્રશ્ન:** ''લોકડાઉન પહેલાં અમે નીલકંઠવર્ણીનો અભિષેક કરતા, એવી રીતે નીલકંઠવર્ણી અમારા શુભ સંકલ્પો પૂરા કરતા, પણ પછી તો એવો કોઈ યોગ નહોતો, તો અમારા શુભ સંકલ્પો અત્યારે કેવી રીતે પૂરા થાય?''

**સ્વામીશ્રી:** ''તમારા મનમાં શુદ્ધ ભાવના હોય ને, તો તમે નીલકંઠવર્ણીની પાસે જ છો. અને મનમાં ન હોય તો પાસે હો તોય લાખો ગાઉ છેટે છો. એટલે મનમાં શુદ્ધ ભાવના હોવી જોઈએ, તો તમે ઘરે બેઠાં મનમાં સંકલ્પ કરો કે 'હું નીલકંઠવર્ણી પાસે છું,' અને અભિષેક વખતે કરવાની જે બધી મનોઇચ્છા-મનોકામના કરો; અને વિશ્વાસ રાખીને કે 'તે પૂરી થાય' તો પૂરી થાય. અને થાય છે, કેટલાયના સંકલ્પ પૂરા થયા છે.''

**પ્રશ્ન:** ''નીલકંઠવર્ણીને શું ગમતું નહીં?''

**સ્વામીશ્રી:** ''ગ્રામ્યવાર્તા, પોતાનો સમય વેડફાય એવી રીતે ક્રિયા કરીએ તે બધું તેઓને ગમતું નહીં.''

**પ્રશ્ન:** ''અને શું ગમતું?''

**સ્વામીશ્રી:** ''કથાવાર્તા - કીર્તન. તેઓ તો નાના હતા ત્યારથી એક-એક મંદિરમાં જતા, એ તેઓએ અંગ પાડેલું.''

•

**તા. ૩-૪-૨૦૨૧, નેનપુર**

રોજની જેમ સાધકોનો પરિચય અપાયો. પછી સ્વામીશ્રીએ સામેથી પૂછ્યું: ''આ ચાર સાધકોમાં કાંઈ વિશેષ ખરું?''

સાધકોએ અંદર-અંદર એકબીજાના મહિમાની તથા ગુણોની વાત કરી. સંતોએ પણ તેમાં સૂર પુરાવ્યો.

અરસપરસ એકબીજાના મુખેથી ગુણો સાંભળી 'ગુણપ્રિય ગુરુહરિ' અત્યંત રાજી થયા.

ગોષ્ઠિ પછી હરિભક્તોને આશીર્વાદ આપવાનો ક્રમ શરૂ થયો.

તેમનાં સુખ-દુઃખની વાતો સાંભળીને સ્વામીશ્રીના મુખે આજે પુનઃ સરી પડ્યું: ''Count your blessings'' (તમારા પર વરસેલા આશીર્વાદો-ઉપકારો ગણો)... સુખ હોય તે વખતે ભૂલી જ જવાય - કાઉન્ટ યોર બ્લેસિંગ્સ. 'આણે કર્યું... આણે કર્યું... આણે કર્યું...' એમ થાય. 'ભગવાને કર્યું' એ ભૂલી જ જવાય.''

સમજણની ખૂબ સરસ ગઠરીઓ બાંધી આપી ગુરુહરિ આરામમાં પધાર્યા.

●

**તા. ૫-૪-૨૦૨૧, નેનપુર**

આજની તારીખે રામાનુજ સંપ્રદાયના પ્રસિદ્ધ આચાર્ય પૂજ્ય શ્રી જિયર સ્વામીજીને પ્રમુખસ્વામી મહારાજનાં અંતિમ વાર દર્શન સારંગપુરમાં થયાં હતાં. તેની સ્મૃતિ કરાવતાં આત્મસ્વરૂપદાસ સ્વામીએ તેઓને મેસેજ કર્યો હતો. આથી જિયર સ્વામીજીએ સ્વામીશ્રી સાથે વાત કરવાની ઇચ્છા દર્શાવી. આથી આત્મસ્વરૂપદાસ સ્વામીએ ફોન જોડ્યો. પ્રમુખસ્વામી મહારાજની ઘણી બધી સ્મૃતિઓ તેમણે વાગોળી. પછી મહંત સ્વામી મહારાજને જય સ્વામિનારાયણ પાઠવતાં કહે: ''आप का स्वास्थ्य ठीक है ? आपके स्वास्थ्य के लिए भगवान से प्रार्थना करेंगे।''

સ્વામીશ્રી કહે: ''हाँ जी, बहुत अच्छा... आपका भी स्वास्थ्य अच्छा रहे। आप भी बहुत अच्छा कार्य कर रहे हैं। सबको ज्ञान, समझ दे रहे हैं। उससे सब खूब बल में और हिंमत में रहे हैं।''

જિયર સ્વામીજી પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા આવ્યા તે વખતની તથા તે વખતે તેઓની મહંત સ્વામી મહારાજ સાથે પણ મુલાકાત થઈ હતી તેની સ્મૃતિઓ થઈ. પછી સ્વામીશ્રીએ સ્વહસ્તે લખેલ 'સત્સંગદીક્ષા' ગ્રંથની વાત નીકળી. જિયર સ્વામીજીને તે સમાચાર મળ્યા હતા અને તેઓ તેના વાંચન માટે ખૂબ ઉત્સુક હતા. વિશેષ વાત કરતાં આત્મસ્વરૂપદાસ સ્વામીએ કહ્યું, ''अब तक विश्व की १७ भाषाओं में इसका भाषांतर हो चूका है। ब्रेइल लिपि में भी इसका मुद्रण हो चूका है... आपको थोडे ही समय में यह ग्रंथ मिल जाएगा।''

જિયર સ્વામીજી કહે: ''बहुत अच्छा है स्वामीजी, हम तो जरुर पढ़ना चाह रहे हैं।''

અંતે આત્મસ્વરૂપદાસ સ્વામીએ 'ઉત્સવમાંથી સમય કાઢીને ફોન કરવા બદલ' જિયર સ્વામીજીનો આભાર માન્યો.

જિયર સ્વામીજી કહે: ''नहीं, नहीं... हम तो स्वामीजी के बहुत आभारी हैं। इतनी उम्र में भी कोरोना से पहले वे बहुत यात्रा कर रहे थे।''

આમ ઘણો બધો આત્મીયતાથી સભર વાર્તાલાપ થયો.

●

**તા. ૧૨-૪-૨૦૨૧, નેનપુર**

આજે વિશિષ્ટ દિન હતો. આજથી બરાબર ૪૦ વર્ષ પૂર્વે, ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે પ્રમુખસ્વામી મહારાજે ૨૦૦થીય વધુ સંતો, પાર્ષદો અને સાધકોને દીક્ષા પ્રદાન કરી હતી. દીક્ષા લેનાર પ્રત્યેક સંત-પાર્ષદ પર સ્વામીશ્રીએ અમૃતદૃષ્ટિ કરી આશીર્વાદ અર્પ્યા.

દીક્ષા લેનાર તમામ સંતો વતી સ્વામીશ્રીએ અહીં આત્મસ્વરૂપદાસ સ્વામીને પ્રસાદ જમાડ્યો. વળી, અલ્પાહાર માટે નિજકક્ષ તરફ જતાં કહે: ''આજે સાધકો-સંતોને પ્રસાદ આપવો છે... દિવાળી - બેસતું વર્ષ!''

''કાલે ગુડી પડવો, એટલે મહારાષ્ટ્રનું બેસતું વર્ષ, તે રીતે!'' ઉત્તમયોગીદાસ સ્વામીએ કહ્યું.

''ના, આપણું બેસતું વર્ષ!'' સ્વામીશ્રીએ કહ્યું.

સંતો અનુમાન કરવા લાગ્યા કે ''પ્રમુખસ્વામી મહારાજે ૨૦૦ ઉપરાંત મુમુક્ષુઓને દીક્ષા આપી તે વખતે તેઓ બોલ્યા હતા, 'નવો યુગ શરૂ થયો' તે સંદર્ભે સ્વામીશ્રી કહેતા હશે.''

અંતે, સામેથી જ રહસ્ય ઉકેલતાં કહે: ''શ્રીજીમહારાજે ૫૦૦ પરમહંસો કર્યા હતા એમ આ યાદગીરી... તેઓના દ્વિશતાબ્દી પર્વે પ્રમુખસ્વામી મહારાજે ૨૦૦થી વધુ સંતો-પાર્ષદો -સાધકો કર્યા... એક સાથે. એક સાથે આટલા (સંતો-સાધકો- પાર્ષદો) કોઈ દિવસ થયા નથી.''

''એટલા માટે બેસતું વર્ષ!?'' બ્રહ્મવત્સલદાસ સ્વામીએ પૂછ્યું.

''હં... એટલે બેસતું વર્ષ!'' સ્વામીશ્રીએ સરસ લહેકો કરતાં કહ્યું.

સ્વામીશ્રીએ ઇચ્છા વ્યક્ત કરી કે ''આ બધા સંતોનો યથાર્થ અને વ્યવસ્થિત મહિમા ગવાય, કહેવાય....''

તેઓની ઇચ્છા અનુસાર આત્મ-સ્વરૂપદાસ સ્વામી તથા સંતોએ મહિમા ગાયો, સરસ ગોષ્ઠિ પણ થઈ. જેમાં બહુધા હૃદયોદ્‌ગારો સ્વામીશ્રીના હતા.

●

**તા. ૧૩-૪-૨૦૨૧, નેનપુર**

આજે સ્વામીશ્રીએ, 'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં...' કીર્તન પોતાના ઘેરા - મધુર સ્વરે ગાયું! પછી આ જ કીર્તન પર નિરૂપણ કર્યું.

નિરૂપણ પૂર્ણ થયું. પછી સ્વામીશ્રી કહે: ''આજે મોડું થયું...'' પણ તરત યુ ટર્ન લેતાં કહે: ''મોડું થયું કહેવાય જ નહીં. કથાવાર્તા ચોવીસ કલાક કરવાની છે! મોડું શું, વહેલું શું? મોડું-વહેલું આપણે બીજાં કામ કરવાનાં હોય ને, તુચ્છ કામ એટલે 'વહેલું-મોડું' થાય. જુઓ, આ સંતો-હરિભક્તો બધા અખંડ કથાવાર્તામાં જ લીન રહે. એ જ એમની મસ્તી છે. એટલે આપણે અક્ષરપુરુષોત્તમની, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજની અખંડ સ્મૃતિ રહે એ જ કરવાનું છે.''

સુંદર લાભ આપી સ્વામીશ્રીએ કથાવાર્તાનું મહત્ત્વ સમજાવી દીધું.

•

**તા. ૧૪-૪-૨૦૨૧, નેનપુર**

સ્વામીશ્રી સમક્ષ હરિભક્તોના પ્રશ્નો રજૂ થવા લાગ્યા. આત્મ-સ્વરૂપદાસ સ્વામીએ જણાવ્યું: ''એક હરિભક્તના પિતાજીનું મૃત્યુ થયું. સ્વામીશ્રીના આશીર્વાદ લીધા. તેમાં સ્વામીશ્રી બોલે છે: 'તમારા પિતાજી ધામમાં જ બેઠા છે.' ને તે હરિભક્તનો રિપ્લાય આવ્યો કે 'સ્વામીશ્રીના શબ્દો સાંભળીને અમારા ઘરમાં એકદમ શાંતિ થઈ ગઈ... ઉત્સવનું વાતાવરણ થઈ ગયું કે - પિતાજી અક્ષરધામમાં જ ગયા છે. અક્ષરધામનું સુખ લે છે.' ''

સ્વામીશ્રી કહે: ''સમજો તો ધામ છે, નહીં તો કડાકૂટ છે.''

એ અંગે સંતોએ ગોષ્ઠિ કરી ત્યારે સંમતિ પુરાવતાં સ્વામીશ્રી કહે: ''જોગીબાપા કહેતા: 'કોઈ કહેશે આ સંત તો બહુ સારા રે, ખરા કલ્યાણના કરનારા રે; એટલો જ ગુણ કોઈ ગ્રસે રે, તે તો બ્રહ્મમહોલે વાસ લેશે રે.'

ખાલી ગુણ લીધો કે 'આ સંત બહુ સારા છે' તો બ્રહ્મમહોલ! બીજાં સાધન કાંઈ કરવા ગયા નહીં, આટલો જ ગુણ લીધો. તો આપણે તો ભક્તિ, ભજન ને સેવા બધું કરીએ છીએ, એ તો ધામમાં જ જાય ને!''

•

**તા. ૨૦-૪-૨૦૨૧, નેનપુર**

આજે સ્વામીશ્રી સાથે પ્રાર્થના વિષયક પ્રશ્નોત્તરીનું રેકોર્ડિંગ હતું. સ્વામીશ્રીએ ખૂબ સરસ ઉત્તરો આપ્યા હતા તેને અહીં માણીએ...

**પ્રશ્ન:** ''આપ હંમેશાં શાનો વિચાર કરો છો?''

**સ્વામીશ્રી:** ''પ્રાપ્તિનો વિચાર કરું છું અને બધાને મુક્ત તરીકે જોઉં છું, એટલે શાંતિ રહે છે, કોઈ પ્રશ્ન નહીં... અને સહનશક્તિ અને સમજશક્તિ એ બેનો ઉપયોગ કરું છું. એને લીધે બધા, નાના-મોટા પ્રશ્નો હલ થાય છે.''

**પ્રશ્ન:** ''પ્રાર્થનાથી શો લાભ થાય છે?''

**સ્વામીશ્રી:** ''ખરેખર લાભ તો - શાંતિ થાય... પ્રાર્થનામાં લૌકિક પદાર્થની ઇચ્છા હોય, અને તે આપવાથી શ્રેય થવાનું હોય તો ભગવાન આપે, પણ વિઘ્ન થવાનું હોય તો ના આપે... અનંત બ્રહ્માંડનું સુખ પણ દુઃખરૂપ છે.''

**પ્રશ્ન:** ''પ્રાર્થના ન ફળે ત્યારે આપ શી સમજણ રાખો છો?''

**સ્વામીશ્રી:** ''ભગવાન સર્વ કર્તાહર્તા છે. ત્યાં સુધી કે એક સૂકું પાંદડું પણ એમની ઇચ્છા વગર હલતું નથી. તો આપણે ચિંતા શું? ભગવાને ધાર્યું છે તે જ થવાનું છે, આકાશ-પાતાળ એક કરો તો પણ. અને એ બધું સારા માટે છે. સત્સંગદીક્ષાનો ૧૫૨મો શ્લોક છે. ભગવાન તો અતિ દયાળુ છે, પરમ દયાળુ છે, કોઈનું અહિત થાય એવું ઇચ્છે જ નહીં.''

**પ્રશ્ન:** ''અમારે સ્વભાવ-દોષો જીતવા કેવી રીતે પ્રાર્થના કરવી અને ક્યાં સુધી કરવી?''

**સ્વામીશ્રી:** ''આપણે આ જ લડાઈ છે અને એ ચાલુ જ રાખવાની, જ્યાં સુધી સ્વભાવ-દોષો ન જિતાય ત્યાં સુધી. અને એ જિતાઈ ગયા એટલે તો મોક્ષ!... આપણે બાઉંડ્રી પર આવી ગયા છીએ, ભગવાનની દયાથી પ્રાપ્તિ થઈ છે એટલે. સૌભરી પાણીમાંથી તપ કરીને બહાર આવ્યા ને સામાન્ય વ્યક્તિ કરતાં પણ વધુ વિષય ભોગવ્યા, ઊંધું ફળ આવ્યું... પણ ભગવાન મળ્યા છે એટલે બહુ મોટી જીત થઈ ગઈ છે.''

**પ્રશ્ન:** ''સ્વભાવ-દોષો જીતવા અમારે પ્રાર્થના કેવી રીતે કરવી?''

**સ્વામીશ્રી:** ''આજીજી કરવી કે - 'ભગવાન! દયા કરીને મારા સ્વભાવ-દોષો ટાળો.' ''

**પ્રશ્ન:** ''વર્ષોથી સ્વભાવ-દોષો ટાળવા માટે પ્રાર્થના કરવા છતાં પરિણામ ન મળે ત્યારે શું સમજવું?''

**સ્વામીશ્રી:** ''સ્વભાવો જિતાય એવા નથી, પણ ભગવાનની સહાય છે તો કામ થઈ જશે. અને એના માટે જ ભગવાન આવ્યા છે: આપણા સ્વભાવ-દોષો ટાળી અક્ષરધામમાં મૂકી દેવા, મુક્તોની પંક્તિમાં મૂકી દેવા.''

**પ્રશ્ન:** ''પ્રાર્થનાની સાથે સાથે પુરુષાર્થ કેટલો કરવો જોઈએ?''

**સ્વામીશ્રી:** ''ભગવાનની આજ્ઞાથી પુરુષાર્થ! પોતાની મેળે નહીં, જુઓ, સૌભરી ક્યાંના ક્યાંય જતા રહ્યા.''

**પ્રશ્ન:** ''પ્રાર્થના કરવામાં કઈ કઈ ખામી નડે છે?''

**સ્વામીશ્રી:** ''ખામી તો અપાર છે. જે બાજુ જોઈએ તે બાજુ ખામી છે,

ખામીમાં જ પડ્યા છીએ; પણ ટૂંકમાં ભગવાન ભેગા છે એટલે બધું જ કામ થશે, ગેરંટી!''

**પ્રશ્ન:** ''પ્રાર્થના કરવા છતાં પરિણામ મળતું નથી ત્યારે ધીરજ અને શ્રદ્ધા ઓછાં થતાં જાય છે. તો તેના માટે શું કરવું?''

**સ્વામીશ્રી:** ''દોષો પાંચ પહેલવાન જેવા છે અને તમે એકલા છો, એટલે ધીરજ રાખવી પડશે. એક હાથ ભગવાનનો ઝાલ્યો છે અને બીજી બાજુ આ દોષો-સ્વભાવો ખેંચે છે, પણ ભગવાન મળ્યા છે, જેટલી ભગવાનમાં શ્રદ્ધા હોય અને વિશ્વાસ હોય એટલી આપણી જીત થવાની છે. નહીં તો જેટલાં ભગવાનમાં શ્રદ્ધા અને વિશ્વાસ ઓછાં હોય તો એ નબળાઈ આવે અને આપણને વાર લાગે.''

**પ્રશ્ન:** ''પ્રાર્થના કરવા છતાં ક્યારેક સ્વભાવો-દોષો નિર્મૂળ તો નથી થતા, પણ ઓછા થતા હોય એવોય અનુભવ નથી થતો. ત્યારે એવું સમજવું કે તે મારા સારા માટે છે?''

**સ્વામીશ્રી:** ''ના. એ ઓછા થાય છે જ, પણ દેખાતા નથી. જેમ વેલ વધતી દેખાતી નથી તેમ. સત્પુરુષનો યોગ થયો છે એટલે, નહીં તો સ્વભાવો કુચ્ચા કાઢી નાખે તમારા. પણ સત્પુરુષનો યોગ થયો છે એટલે તેઓ સ્વભાવો ઉપર જ ઘા કરે છે, પણ આપણને દેખાતું નથી. ખ્યાલ આવતો નથી, પણ તેઓ સ્વભાવો ઉપર જ ઘા કરે છે. સત્પુરુષ જે બધું કરે છે એ સ્વભાવો ટાળવા, પણ એવી રીતે કરે કે તમને ખબરેય ન પડે, અને સ્વભાવો નીકળી જાય.''

**પ્રશ્ન:** ''સાચી પ્રાર્થના થાય તેના માટે શું કરવું? ''

**સ્વામીશ્રી:** ''પ્રાપ્તિ સમજાય કે 'પ્રાપ્તિ શું છે? કેવા ભગવાન મળ્યા છે! કેવા ગુણાતીત ગુરુઓ મળ્યા છે!' આ વિચાર કર્યા કરવો.''

●

**તા. ૨૩-૪-૨૦૨૧, નેનપુર**

આજે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્યો વિષયક પ્રશ્નોત્તરીનું રેકોર્ડિંગ હતું. સ્વામીશ્રીએ સતત સવા કલાક કરતાંય વધુ સમય સુધી મહિમા રેલાવ્યો હતો. તે પૈકી કેટલાંક રસબિંદુઓ અહીં માણીએ.

● પ્રમુખસ્વામી મહારાજને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બે ગુરુ મળ્યા હતા. એમને રાજી કરવા, એમના માટે જીવવું એ જ પ્રમુખસ્વામી મહારાજને તાન હતું. ગુરુને રાજી કરવાનું તાન એ ગુરુભક્તિ. ગુરુઓ માટે જે કરવું પડે તે બધું જ પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે.

● શાસ્ત્રીજી મહારાજનો મહિમા ગાતાં કહે: ''તેઓએ ઐશ્વર્ય વાપર્યું જ નથી. પુરુષપ્રયત્ન અને ભક્તિ, પુરુષ-પ્રયત્નરૂપી ભક્તિ!''

● પ્રમુખસ્વામી મહારાજના અંતરમાં એવો ભાવ હતો કે 'બધા મારા જ છે. અને એમને આપણે ઘડવા છે, સંસ્કારી બનાવવા છે.' એટલે ભલે ભાષા જુદી હોય પણ સ્વામીના ભાવથી બધા ખેંચાઈ જતા. કોઈ trick કે ચાલાકી કે યુક્તિ નહીં, પ્રેમથી. પ્રેમનું શસ્ત્ર હતું એનાથી બધા જિતાઈ ગયા. અંતરનો નિઃસ્વાર્થપણે પ્રેમ હોય એટલે કોઈપણ ખેંચાય જ.

● 'પ્રમુખસ્વામી મહારાજના માથે ઘણી બધી જવાબદારીઓ હોવા છતાં તેઓ હંમેશાં હળવાફૂલ કેમ રહેતા?' એ પ્રશ્નના ઉત્તરમાં સ્વામીશ્રી કહે: ''તેઓ દૃઢપણે માનતા કે શ્રીજીમહારાજ કર્તાહર્તા છે. સ્વામીબાપા બધું મહારાજ પર છોડી દેતા.''

● પ્રમુખસ્વામી મહારાજનું મન એકદમ પવિત્ર, સ્વચ્છ એટલે બધા જુદાં જુદાં ક્ષેત્રના નિર્ણય લઈ શકતા. એક કાર્ય પતે એટલે તેના પર પડદો પાડી દે, પછી બીજું કાર્ય હાથમાં લે. તે પતે એટલે તેના પર પડદો પાડી દે. પછી ત્રીજું કાર્ય...

● પ્રમુખસ્વામી મહારાજ અનવરત પત્રલેખન કરતા તેનો મહિમા ગાતાં સ્વામીશ્રી કહે: ''સ્વામીબાપાનું કામ તરત જ, એક સેકન્ડનો પણ delay (વિલંબ) નહીં. એમાં તો તેઓ કાબેલ હતા, બહુ પર્ટિક્યૂલર હતા.''

● 'પ્રમુખસ્વામી મહારાજ આધ્યાત્મિક ક્ષેત્રે અને લૌકિક બંને ક્ષેત્રે શ્રેષ્ઠ હતા, આ લોકની દૃષ્ટિએ કોઈ લૌકિક ભણતર નહોતું છતાં. દા.ત. એકાઉન્ટ, લીગલ, બાંધકામ બધામાં જ તેઓની પૂર્ણ દૃષ્ટિ પહોંચતી. તે કેવી રીતે?'

તે પ્રશ્નના ઉત્તરમાં સ્વામીશ્રી કહે: ''ભગવાનને ધારણ કર્યા એટલે બધું આવડે.''

● પ્રમુખસ્વામી મહારાજ સેકન્ડે સેકન્ડ હરિભક્તો માટે ઘસાયા છે. તેઓને પોતાનું જીવન હતું જ નહીં. હરિભક્તો એ જ તેઓનું જીવન હતું.

● સંતોનો મહિમા સ્વામીશ્રી ગાતાં કહે: ''એક સંત હજાર વ્યક્તિનું કામ કરે, કારણ કે તેમને કોઈ સ્વાર્થ નહીં, ને સ્વામીબાપાને રાજી કરવાનું તાન હોય. માટે મન દઈને કાર્ય કરે.''

● પ્રશ્ન પુછાયો: 'પ્રમુખસ્વામી મહારાજ અત્યારે પ્રગટ છે?'

સ્વામીશ્રી તત્ક્ષણ કહે: ''કેમ નહીં?... શાસ્ત્રીજી મહારાજે કહ્યું છે:

'સત્પુરુષ પૃથ્વી પરથી કદી જતા જ નથી.' આપણે પ્રગટ જ છે.''

● અંતે કહે: ''આ ગુણો જીવનમાં લાવવા માટે અંતર્દૃષ્ટિ કરવી, ગુણો ધારવા, વિચારવા. એમ ને એમ ઉપર ઉપરથી ના આવે. ખાલી અભ્યાસ કરે તોય ના આવે... પહેલાં તો નિષ્ઠા હોવી જોઈએ, ખાસ. તો આ બધા ગુણો પકડાય, તરત જ પકડાય, નહીં તો કાંઈ હાથમાં આવે નહીં.''

●

**તા. ૨૬-૪-૨૦૨૧, નેનપુર**

આજે નોર્થ અમેરિકાના યુવક મંડળ તરફથી પૂછાયેલા પ્રશ્નોના સ્વામીશ્રીએ સુંદર ઉત્તરો પાઠવ્યાઃ


**પ્રશ્નઃ** ''સેલવાસમાં કોઈકે આપને આરતીનો સમય બરાબર ન જણાવ્યો અને આપ મંગળા આરતી ચૂક્યા ને ઉપવાસ કરવા તૈયાર થઈ ગયા. તેમાં આપનો વાંક નહોતો છતાં. તો આરતીમાં જવા માટે આપ આટલા નિષ્ઠાવાન અને insistant (આગ્રહી) કેમ છો?''

**સ્વામીશ્રીઃ** ''કેમ? ભગવાનની આજ્ઞા છે! અને શ્રીજીમહારાજ ને ગુણાતીત ગુરુપરંપરા બધા આહ્નિક કરતા, જેમાં આરતી ને ચેષ્ટા ને બધું આવે. અને આરતી તો મુખ્ય છે. આરતી ચૂકી જવાય એટલે તો બહુ મોટો અપરાધ કહેવાય.''

**પ્રશ્નઃ** ''પણ આમાં આપનો વાંક નહોતો. આપને સમય જણાવવામાં આવ્યો નહોતો છતાં આપે આપની જાતને કેમ દંડ કર્યો?''

**સ્વામીશ્રીઃ** ''હા, એ તો જાતને જ દંડ કરીએ તો જ કામ થાય ને! બીજાને દંડ કરવામાં શું મળે?... જાતને જ દંડ કરીએ એટલે ખટકો રહે.''

**પ્રશ્નઃ** ''ઑગસ્ટ ૨૦૧૯માં આપ આફ્રિકામાં હતા. શિબિર ચાલી રહી હતી. આખા દિવસનો ભરચક કાર્યક્રમ રહેતો. એવામાં એક દિવસ રાત્રે ચેષ્ટાગાન વગેરે પૂરું થયું ત્યારે



૧૦:૦૮ વાગી ચૂક્યા હતા. તે વખતે આપે આરામમાં જવાને બદલે 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથ હાથમાં લીધો ને વાંચવાનું શરૂ કર્યું. ૧૦:૩૦ વાગે સેવકે સૂવાની વિનંતી કરી તો આપે કહ્યુંઃ 'શું સૂવાનું?' ને પછી છેક ૧૦:૫૦ વાગ્યા સુધી વાંચ્યું. તો મોડું થઈ ગયું હોવા છતાં અને પાછો રાત્રે, વાંચવાનો આવો આગ્રહ કેમ?''

**સ્વામીશ્રીઃ** ''પછી સમય ક્યારે મળે છે? સમય જ મળતો નથી ને! દિવસે ક્યારે વાંચવાનું? આ ટાઇમ કાઢ્યો એટલે વંચાયું.''

**પ્રશ્નઃ** ''પણ પછી સૂવાનો સમય બગડે તો શું?''

સ્વામીશ્રી આમાં પણ કહેઃ ''શું સૂવાનું? અને આમાં તો મજા, ખૂબ આનંદ આવે છે.''

**પ્રશ્નઃ** ''આહ્નિકને આપણા જીવનમાં કેટલી priority (અગ્રિમતા) આપવી?''

**સ્વામીશ્રી:** ''આહ્નિકને તો ફર્સ્ટ નંબરની પ્રાયોરિટી! શ્રીજીમહારાજથી લઈને બધા ગુણાતીત સંતોએ આવું કર્યું છે.''

**પ્રશ્નઃ** ''૨૦૧૭ના વર્ષમાં આપ એટલાન્ટા હતા. દશાબ્દી મહોત્સવનો મુખ્ય કાર્યક્રમ સાંજે હતો, આપને ભીડો ઓછો પડે તે માટે સવારના આશીર્વચન આપવાનો કાર્યક્રમ નહોતો રખાયો. આમ છતાં આપે પણ પચ્ચીસ મિનીટ આશીર્વાદ આપ્યા. તો ઘણી વાર આપને ભીડો પડતો હોય છતાં એક પણ સભા ચુકાય નહીં એવો આગ્રહ કેમ રાખો છો?''

**સ્વામીશ્રીઃ** ''સહજ સ્વભાવે. ગમે છે ને કરીએ છીએ.''

**પ્રશ્નઃ** ''પણ આપને ભીડા જેવું લાગતું નથી?''

**સ્વામીશ્રીઃ** ''શું ભીડો? મજા આવે છે. ભીડાની વાત જ ક્યાં? વાંચવામાં, કથાવાર્તા કરવામાં આનંદ થાય છે.''

**પ્રશ્ન:** ''તો અમારા જીવનમાં આપના જેવું કથાવાર્તાનું અંગ પડે તે માટે શું કરવું?''

**સ્વામીશ્રી:** ''બધા ગુરુઓનું જીવન નજર સામે રાખવું કે એમને જરૂર નથી તોય કરે છે, તો આપણે તો કેટલી જરૂર છે અને કેટલું બધું કરવું પડે?''

**પ્રશ્ન:** ''૨૦૧૮ના વર્ષમાં આપ ગઢડા હતા. કાર્યક્રમોની વ્યસ્તતા હતી તેથી આપને તે દિવસે મુંડન સાથે ચેષ્ટા બોલી લેવાની સેવકોએ વિનંતી કરી, પણ આપે ન જ સ્વીકારી. અને સમય કાઢીને જ ચેષ્ટાગાન કર્યું, તો સૂતાં સૂતાં પોણા બાર વાગી ગયા! તો ચેષ્ટા બીજી કોઈ ક્રિયા સાથે બોલવી નહીં એવો આગ્રહ કેમ રાખો છો?''

**સ્વામીશ્રી:** ''પહેલેથી જ એવું છે - ચેષ્ટા વખતે બીજું કાંઈ કરવાનું નહીં. ચેષ્ટામાં શ્રીજીમહારાજના ગુણગાન આવે છે, એ તો ગમે છે. શ્રીજીમહારાજ પૃથ્વી પર આવીને, મનુષ્યદેહ ધરીને આવી ચેષ્ટા કરે એ તો વારંવાર આપણે યાદ કરીએ તોય ભક્તિભાવ વધે.''

**પ્રશ્ન:** ''આપ જ્યારે કોઈપણ આહ્‌નિક કરો ત્યારે હૃદયથી-ભક્તિભાવથી કરો છો. તો તે વખતે આપને શો અનુભવ થાય છે?''

**સ્વામીશ્રી:** ''જેમ આપણે વાત કરીએ છીએ એવી રીતે ભગવાન સાથે વાતચીત થાય એનો આનંદ થાય.''

**પ્રશ્ન:** ''આપને યુવકોને આહ્‌નિક વિષે બીજું કાંઈ કહેવું છે?''

**સ્વામીશ્રી:** ''આહ્‌નિકની દૃઢતા રાખીએ તો એ શ્રીજીમહારાજની, અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કહેવાય. એનો અર્થ એ કે - તમે ભગવાનમાં માનો છો એટલે એ બધું (આહ્‌નિક) થાય છે.''

•

**તા. ૨૭-૪-૨૦૨૧, નેનપુર**

આજે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરનો ૪૦મો પાટોત્સવ હતો. સ્વામીશ્રીની પૂજા દરમ્યાન શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરાવતાં કીર્તનો ગવાયાં. પૂજાંતે, શાસ્ત્રીજી મહારાજ અને તેઓના ભક્તોનું મહિમાગાન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''શાસ્ત્રીજી મહારાજની શૂરવીરતા હજુ ચાલુ છે અને ભવિષ્યમાંય ચાલુ રહેશે... શાસ્ત્રીજી મહારાજે ગામે ગામ સિંહ પકવેલા. શાસ્ત્રીજી મહારાજના યોગમાં શૂરવીરોની વણજાર, તે કાચા-પોચા નહીં. સ્વામીના ભક્તો બધા શૂરવીર... આપણે પણ એવા શૂરવીર થવું. કેવી રીતે? ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવને દબાવીને ભક્તિ કરવી, એ શૂરવીરતા છે. બીજી શૂરવીરતા હવે બતાવવાની રહી નથી. પોતાનાં જ ઇન્દ્રિયો-અંતઃકરણ સામે લડાઈ લેવાની છે ને તેમને પાછાં પાડવાનાં છે, જે આપણાં અનાદિ કાળથી શત્રુ છે અને આપણને ખબર નથી. તે જાસૂસ છે. તેઓની સામે આપણે લડવાનું છે. શૂરવીરતા દાખવીને આપણું કામ કરી લેવાનું છે.''

•

**તા. ૨૮-૪-૨૦૨૧, નેનપુર**

આજે શતપદી કરતાં સ્વામીશ્રી નોટિસબોર્ડ પાસે પધાર્યા. અહીં આજના ચિત્રને અનુરૂપ પ્રાર્થના થઈ કે ''સ્વામી! આપ તો અખંડ ભગવાનનું સુખ ભોગવો છે, અમને પણ આપના સુખે સુખિયા કરજો અને છતી દેહે ભગવાનનું સુખ આવે એવી કૃપા કરજો.''

''દોષો - સ્વભાવો ટળ્યા વગર ભગવાનનું સુખ આવે નહીં.''

સ્વામીશ્રીએ તેઓના જેવું સુખ મેળવવાનો રાજમાર્ગ દર્શાવ્યો.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ-પત્રો પરથી સંકલિત) ◆

**(અનુસંધાન પૃષ્ઠ ૨૮ પરથી)**

'આપ પત્ર વાંચતા હતા ત્યારે! આપની સ્થિતપ્રજ્ઞતા તો કહેવી પડે!'

'વૃત્તિ અખંડ ભગવાનમાં હોય પછી શું ખબર પડે!'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારમાં સ્થિતપ્રજ્ઞતાથીયે ઊંચી કક્ષાની તેઓની સ્થિતિ પ્રકાશિત થઈ ઊઠી. આ સ્થિતિમાં રહીને તેઓએ કરેલા પત્રવ્યવહારથી સૌ સુખી કેમ ન બને!

## ■ પત્રવ્યવહારમાં મહિમા અને મર્યાદા

લાગણીની લિપિમાં લખાતા સ્વામીશ્રીના પત્રોમાંથી તેઓની મહિમાદૃષ્ટિ અને મર્યાદાયુક્ત જીવન પણ નીતરતું જણાય છે.

તા. ૨૬-૬-૯૪ના રોજ ઓરલાન્ડોની સાયંસભામાં પત્રલેખન કરી રહેલા સ્વામીશ્રીએ એક યુવકને 'પૂજ્ય'નું સંબોધન લખ્યું. તે જોઈ પત્ર-પરિચારકને આશ્ચર્ય થયું, કારણ કે સ્વામીશ્રીએ જે યુવાનના નામ આગળ પૂજ્ય લખ્યું તે તો સ્વામીશ્રી કરતાં ત્રીજા ભાગની ઉંમર પણ નહોતો ધરાવતો. તેથી સેવકે કહ્યું: 'બાપા! આપ તો યુવકોને પણ 'પૂજ્ય' લખો છો.'

'આપણે બધા પૂજ્ય જ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આવી મહિમામંડિત દૃષ્ટિ સાથે પત્રો લખતા સ્વામીશ્રી પત્રોમાં મર્યાદાનો પણ એટલો જ ખ્યાલ રાખતા. મહિલાઓના પત્રોના જવાબ તેઓ જરૂર આપતા, પણ આ

પત્રો સ્વામીશ્રી વિશ્વાસુ હરિભક્ત દ્વારા લખાવતા.

આ રીતે મર્યાદા અને મહિમા સાથે પત્રવ્યવહારમાં અતિ ચોક્કસ રહેતા સ્વામીશ્રી પર સૌને ભરોસો હતો કે આપણા પત્રનો પ્રત્યુત્તર તેઓ જરૂર પાઠવશે જ.

તેથી જ જ્યારે અમદાવાદની એક બેંકમાં નોકરી કરતા સત્સંગી શ્રી રમેશભાઈ રાવલને તેઓના ઉપરી અધિકારીઓએ બદલીના સંદર્ભમાં 'તમે સારંગપુર (બોટાદ) ખાતે જશો ?' એમ પૂછ્યું ત્યારે આ હરિભક્તે કહેલું: 'હું પ્રમુખસ્વામી મહારાજને પૂછી જોઈશ. તેઓ હા પાડશે તો જઈશ.'

'તમે કઈ રીતે પૂછશો?'

'ટપાલ લખીશ.'

'આટલા મોટા સંતને તમારા આવા પ્રશ્નનો ઉત્તર લખવાની ફુરસત મળશે?'

'અમારા પ્રમુખસ્વામી મહારાજ તો દરેકના પત્રનો ઉત્તર આપે છે.' હરિભક્તે વિશ્વાસપૂર્વક કહેલું.

આવા જ વિશ્વાસ સાથે મુંબઈના જાણીતા આવકવેરા નિષ્ણાત અને સમાજસેવક શ્રી હીરાલાલ સોઢાએ જણાવેલું કે 'અતિ વ્યસ્ત હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજ કોઈના પણ પત્રનો જવાબ લખવાનું ચૂકતા નથી એ ખરેખર તેઓની મહાનતાનો પુરાવો છે. હું જ્યારે રાજકોટ હતો ત્યારે એક અન્ય સંપ્રદાયના અનુયાયીઓએ તે સંતની ઉપસ્થિતિમાં બે શબ્દો બોલવાનું મને કહ્યું ત્યારે મેં સ્પષ્ટ શબ્દોમાં કહેલું કે – આ સંત કાગળનો જવાબ આપવાનું ચૂકી ગયા હતા. જ્યારે મેં નજરે જોયેલું છે કે પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજ અનેક રોકાણોમાં રોકાયેલા હોવા છતાં પત્ર પૂરો વાંચીને તાત્કાલિક જવાબ દરેકને આપે છે. મને તેઓના હસ્તાક્ષર મળ્યા તે મારી જિંદગીનો લહાવો સમજું છું.'

આવો લહાવો અનેકને આપનારા સ્વામીશ્રીના પત્રો દ્વારા હજીયે તેઓનો પ્રેમપ્રવાહ વહી રહેલો સૌ અનુભવી રહ્યા છે.

### ■ 'અક્ષર'ના અક્ષરનો મહિમા

અંગ્રેજી પુસ્તક 'The 360⁰ Leader' માં લેખક શ્રી જોહ્‌ન મેક્સવેલ લખે છે કે, 'When you go to your mailbox at home, I bet one of the first things you do is shuffle through the various items. What are you on the lookout for? You're probably looking for something with a handwritten envelop, because it's usually a sign that what's inside is something personal from someone you know. We all desire a personal touch from someone who cares about us.'

અહીં કહેવાયું છે કે પોતાની કાળજી રાખનારા પ્રત્યેથી દરેક વ્યક્તિને હંમેશાં અંગત હૂંફની ઝંખના રહે છે. તેને સંતોષતું એક માધ્યમ છે – હાથથી લખાયેલા પત્રો. તેથી જ સ્વામીશ્રીના હસ્તાક્ષરમાં લખાયેલા પત્રો આજે પણ લાખો લોકોને અને પરિવારોને અનેરી આત્મીયતાનો અનુભવ કરાવી રહ્યા છે.

તેની સાથે સ્વામીશ્રીના પત્રો સૌને અનેરી શાંતિ પણ રળી આપનારા રહ્યા છે.

તેનો અનુભવ જણાવતાં તા. ૨૩-૧૦-૮૯ના રોજ સાવરકુંડલામાં ભરાયેલી એક જાહેરસભામાં નગરવાસી શ્રી રસૂલભાઈએ કાગળ પર ટપકાવેલા સ્વાનુભવનું વાંચન શરૂ કરેલું કે 'મારી લાતીમાં લાગેલી આગથી હું મૂંઝાયેલો હતો. તે વખતે મારા પાડોશી મનજીભાઈ અને ખોડીદાસભાઈએ પત્ર દ્વારા પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ મંગાવવા કહ્યું. તે મુજબ અટલાદરાથી આવેલા જવાબમાં સ્વામીજીએ લખેલું: 'તમારો કાગળ મળ્યો. અમોને દુઃખ થયું છે. અમે મહારાજને પ્રાર્થના કરી છે. હિંમત રાખજો. ધંધામાં થયેલી નુકસાની ભગવાન બીજી રીતે પૂરી કરી આપશે. આશીર્વાદ છે. રાજી રહેશો.' પ્રમુખસ્વામી બાપાના આ કાગળથી મને પ્રેરણા મળી. દિલાસો મળ્યો. મારું મકાન નવેસરથી થયું. ધંધો ચાલુ થયો. પૂજ્ય સ્વામીબાપાનો હું સદાને માટે ઋણી છું. આજે તેમનો આભાર માનું છું.'

અહીં આ ઋણાભિવ્યક્તિ એકની છે, પણ અનુભૂતિ તો દરેકની. પ્રેસિડેન્ટ અબ્દુલ કલામ, કેનેડાના સોલીસીટર જનરલ બોબ કપ્લાન અને વડાપ્રધાન શ્રી ટ્રુડોથી લઈને ઝૂંપડામાં રહેતા હરિજન બંધુઓ-ખેડૂતો-આદિવાસીઓ સુધી દરેકની એ જ અનુભૂતિ. સ્વામીશ્રીના અક્ષરે લખાયેલાં બે વાક્યોમાં ગજબની શક્તિ અને શાંતિ રહેતી.

તેની લહાણી કરતા સ્વામીશ્રી તા. ૨૪-૨-૯૦ની રાત્રે ધુવારણમાં પત્રલેખન કરી રહેલા ત્યારે તેઓની કલમ કાગળો પર સડસડાટ રેલાતી હતી. તે વખતે તેઓના અક્ષરોના મરોડ જોઈ એક સંતે કહ્યું: 'બાપા! આપના જેવા અક્ષર તો આ બ્રહ્માંડમાં કોઈના નહિ હોય.'

'આ તો દરસન-પરસન મોટો જગન. (આ) અક્ષરનાં દર્શન થાય એમાં જ્ઞાન થઈ જાય, શાંતિ થતી જાય ને પ્રશ્ન ઊકલી જાય.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

આ હતું તેઓના હસ્તાક્ષરનું સામર્થ્ય! 'અક્ષર'ના આવા અક્ષર આપણને મળ્યા એ આપણું સદ્‌ભાગ્ય. ◆

# યુ.એ.ઈ.માં અબુધાબી ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં યોજાયો કુંભી પૂજનવિધિ





યુ.એ.ઈ.ની રાજધાની અબુધાબીમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. મંદિરનિર્માણ અંતર્ગત તા. ૯ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ અબુધાબી ખાતે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં વેદોક્ત કુંભી પૂજનવિધિ સમારોહ યોજાયો હતો.

નકશીદાર પ્રથમ મહાકાય પથ્થર અને તેનાથી નાના બીજા પથ્થર ભારતથી અહીં લાવવામાં આવ્યા હતા. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી પણ ખાસ ભારતથી અહીં પધાર્યા હતા. પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે નિર્માણાધીન મંદિર પરિસરમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ બ્રહ્મવિહારીદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં વેદોક્ત મંત્રોચ્ચાર સાથે ઠાકોરજીનું પૂજન કરીને કુંભીપૂજનનો વિધિ કર્યો હતો. કોવિડ-૧૯ મહામારી કારણે નિર્ધારિત નીતિ-નિયમોને અનુસરીને મર્યાદિત અગ્રણી ભક્તોની ઉપસ્થિતિમાં જ આ વિધિ યોજાયો હતો. આ પ્રસંગે ભક્તોને સંબોધતાં બ્રહ્મવિહારીદાસ સ્વામીએ યુ.એ.ઈ. સરકાર અને ભારત સરકાર, દાતાઓ, મહાનુભાવો, શુભેચ્છકો અને સ્વયંસેવકોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ઈશ્વરચરણદાસ સ્વામીએ સૌને પ્રેરક વચનો કહીને મંદિર-નિર્માણનો મહિમા સમજાવ્યો હતો.



ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પણ ભારતથી ઓનલાઈન માધ્યમ દ્વારા આ ઉત્સવમાં સંમિલિત થયા હતા. તેઓશ્રીએ વીડિયો આશીર્વાદ પાઠવીને સૌમાં વિશેષ બળ પ્રેર્યું હતું. અત્રે ઉપસ્થિત હરિભક્તો, કન્સલ્ટન્ટ્સ અને કોન્ટ્રાક્ટર્સ સહુએ વૈશ્વિક એકતાનો પ્રતીક એવો આ ઐતિહાસિક અને આઇકોનિક આધ્યાત્મિક પ્રોજેક્ટ સમયસર, વિના વિઘ્ને સફળ રીતે પૂર્ણ થાય તેના માટે પ્રાર્થના કરી હતી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સમગ્ર પરિસરના બાંધકામનું નિરીક્ષણ કરતાં કરતાં સર્વત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પ્રસાદીભૂત પુષ્પો વરસાવીને વિશેષ પ્રાર્થના કરતાં સૌને માર્ગદર્શન આપ્યું હતું. ◆

# તીર્થભૂમિ ગઢપુર ખાતે યોજાઈ મેડિકો સ્પિરિચ્યુઅલ સ્ટુડન્ટ્સ કૉન્ફરન્સ





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં આશીર્વાદથી ગુરુહરિ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ચાલતી અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓના વટવૃક્ષની એક શાખા એટલે તબીબી સેવા; જ્યાં અનેક ફરતાં દવાખાનાં તથા હૉસ્પિટલો દ્વારા નિઃસ્વાર્થ-સેવાનો આદર્શ પૂરો પડાય છે. ઉપરાંત તબીબ વિદ્યાર્થીઓમાં નૈતિકતા, પ્રામાણિકતા, સેવાભાવનાના સિંચન દ્વારા સ્વસ્થ અને સદાચારી સમાજના સર્જન માટે પ્રતિવર્ષ 'Medico Spiritual Conference'નું બહુ આયામી પ્રેરક આયોજન કરવામાં આવે છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અંતર્ગત અનેકવિધ આધ્યાત્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન વિશ્વભરમાં થઈ રહ્યું છે. એ જ શૃંખલામાં તાજેતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોના પદરજથી પાવન થયેલી તીર્થભૂમિ ગઢપુર ખાતે Medico Spiritual Student Conference યોજાઈ હતી.

તા. ૧૪ અને ૧૫ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ યોજાયેલી આ શિબિરનો મધ્યવર્તી વિચાર હતો : 'ભાગ્ય જાગ્યા રે.. પ્રાપ્તિ સમજીએ. માણીએ. જીવીએ.' આ શિબિરમાં સમગ્ર ગુજરાતમાંથી મૅડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરતા એમ.બી.બી.એસ., બી.એ.એમ.એસ., બી.એચ.એમ.એસ. અને બી.ડી.એસ. વિદ્યાશાખાના ૩૮૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રવર્તમાન કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને આ શિબિરમાં જરૂરી પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં વિદ્યાર્થીઓએ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી પાસેથી જીવનલક્ષી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. સાથે સંસ્થાના વિદ્વાન અને વક્તા સંત પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામી, જનમંગલદાસ સ્વામી, આત્મતૃપ્તદાસ સ્વામી, જ્ઞાનવત્સલદાસ સ્વામી તથા જ્ઞાનનયનદાસ સ્વામીએ પ્રાપ્તિ એ જ ભાગ્ય, પ્રાપ્તિનો મહિમા, અક્ષરબ્રહ્મનો મહિમા, નિયમ-ધર્મયુક્ત જીવન અને સોશિયલ મીડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ વિષયક વિશેષ વક્તવ્યનો લાભ આપ્યો હતો. પ્રેરક વક્તવ્યોની સાથે સાથે સમૂહપૂજા, વર્કશોપ, સંવાદ, પેનલ ડિસ્કશન અને ગોષ્ઠી જેવા કાર્યક્રમોથી સભર આ શિબિર સૌ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક બની રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે 'પ્રમુખસ્વામી હેલ્થ સર્વિસીસ' દ્વારા સને ૧૯૯૪થી દર વર્ષે યોજાતી આ કૉન્ફરન્સનો અત્યાર સુધી ૩૩,૦૦૦થી વધુ ડૉક્ટર પરિવાર સાથે લાભ લઈ ચૂક્યા છે. ◆

# ટોકિયો ઓલિમ્પિકમાં ભાગ લેતા પૂર્વે જમૈકા દેશની ટ્રેક ટીમ ચીનો હિલ્સ ખાતેના બી.એ.પી.એસ. મંદિરની દર્શન-મુલાકાતે



તાજેતરમાં જાપાનની રાજધાની ટોકિયો મહાનગર ખાતે ઓલિમ્પિક-૨૦૨૧ યોજાયો હતો. તેમાં ભાગ લેવા જતા પૂર્વે તા. ૨૧ જુલાઈ ૨૦૨૧ના રોજ જમૈકા દેશની ટ્રેક ટીમ કેલિફોર્નિયા રાજ્યમાં આવેલા ચીનો હિલ્સ ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં દર્શન-મુલાકાતે પધારી હતી. આ ટીમમાં જમૈકાના શ્રેષ્ઠ દોડવીર ઓલિમ્પિયન યોહાન બ્લેક, રશીદ ડ્વાયર, જીવોન મિન્ઝી, રોન્ડા વ્હાઈટ, એનાસ્ટેસિયા લીરોય અને ટીમના અન્ય સભ્યો ટોકિયો જતી આખરી ફ્લાઈટના પૂર્વે પ્રાર્થના કરવા માટે ચીનો હિલ્સ ખાતે બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા હતા.

મંદિર પરિસરમાં પધાર્યા ત્યારે તેઓનો ભારતીય પરંપરા મુજબ સ્વાગત-સત્કાર કરવામાં આવ્યો હતો. ટીમે મંદિરમાં ભગવાન સ્વામિનારાયણનાં દર્શન અને શ્રી નીલકંઠવર્ણી પર જલાભિષેક કરીને પ્રાર્થના કરી હતી. તેમજ મંદિરનાં શિલ્પ-સ્થાપત્યને મન ભરીને માણીને હૃદયપૂર્વક પ્રશંસા કરી હતી. મંદિરમાં આવેલા પ્રદર્શન ખંડની પણ મુલાકાત લીધી હતી. સ્વયંસેવકો સાથે ચર્ચા કરીને વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સંસ્થા અને તેની સેવાઓનો વિશેષ મહિમા માણ્યો હતો.

દોડવીર યોહાન બ્લેક અને રોન્ડા વ્હાઈટે ઉપસ્થિત બી.એ.પી.એસ.ના ૭૫ જેટલા યુવકોને સંબોધ્યા હતા. યુવકોએ દોડવીરોને દોડ માટે કયું પરિબળ પ્રેરિત કરે છે અને ધ્યેય પ્રાપ્તિ માટે તેઓ કેવો અભિગમ ધરાવે છે તે

વિષયક પ્રશ્નો પૂછ્યા હતા. શ્રી બ્લેકે કહ્યું કે 'ધ્યેય સિદ્ધ થતાં સંતોષનો ઓડકાર ન લેશો, વધુ આગળ વધવાના પ્રયત્નો માટે મંડી પડો. વધુ શ્રેષ્ઠ કરવાના પરિશ્રમમાં લાગી જાવ. તમારા પોતાના કૌશલ્યમાં વિશ્વાસ રાખો અને આત્મશ્રદ્ધા જ તમને સફળતાના શિખરે પહોંચાડશે.' જ્યારે શ્રી વ્હાઈટે યુવાનોમાં પ્રોત્સાહન સીંચતાં જણાવ્યું કે 'સફળતાની ઈચ્છાને ક્યારેય શમવા ન દેશો. કોઈપણ સફળતા માટે આ જ મહામંત્ર છે. તમારી જાતને સતત ઢંઢોળતા રહો કે હું કરી શકીશ, મારે કરવું જ જોઈએ અને હું ચોક્કસ કરીશ. આ મક્કમતા જીવતી હશે ત્યાં સુધી તમને સફળ થતાં કોઈ નહીં રોકી શકે.' પ્રેરણાત્મક ચર્ચા પછી શ્રી વ્હાઈટ અને તેમના અન્ય સાથીઓને બાળકો અને યુવકોએ તેમના હસ્તાક્ષર સાથેના, ટોકિયો ઓલિમ્પિકમાં સફળતા ઈચ્છતા બે કાર્ડ અર્પણ કર્યા હતા.

મંદિરેથી વિદાય લેતાં પૂર્વે શ્રી બ્લેક અને શ્રી વ્હાઈટે મંદિર મુલાકાતના દિવ્ય અનુભવને શબ્દોમાં પરોવતાં કહ્યું કે 'અહીં આવીને પવિત્ર મંદિરમાં બાળકો અને યુવાનોની સાથે સમય વિતાવીને મારું હૃદય ગદ્ગદ થઈ ગયું છે. મંદિરનો પ્રત્યેક ભાગ અતિ ભવ્ય છે ને તે મારા હૃદયને સ્પર્શી ગયો છે. મેં મંદિરમાં પ્રથમ વખત પ્રવેશ કર્યો ત્યારે દરેકને પ્રાર્થનામય જોઈને અને ઈશ્વર પ્રત્યેની ગાઢ શ્રદ્ધા જોઈને હું મંત્રમુગ્ધ બની ગયો હતો. લોકોને એવું લાગે છે કે હું ઓલિમ્પિક્સમાં મેડલ જીતવાની આશાથી મંદિરમાં આવ્યો છું, પરંતુ વાસ્તવમાં હું મારા જમૈકા દેશની ઉન્નતિ અને નવી પેઢીના યુવકો માટે ઊજળા ભવિષ્ય માટે પ્રાર્થના કરવા આવ્યો છું. હૃદયને સ્પર્શી જાય તેવું અમારું સ્વાગત કરવા બદલ આપનો આભાર.' લાઈટ એન્ડ સાઉન્ડ શૉને માણ્યા બાદ આ ટીમે વિદાય લીધી હતી. ◆





**(અનુસંધાન પૃષ્ઠ ૧૭ પરથી)** હિંદુસ્તાની હતી અને લોજમાં શ્રી રામાનંદ સ્વામી ઉપર તેમણે લખેલો પત્ર હિંદી ભાષામાં જ છે. તે પછી જેમ જેમ કાઠિયાવાડ અને ગુજરાતમાં તેઓ ફરતા ગયા તેમ કાઠિયાવાડી તથા ગુજરાતી ભાષાની અસર થતી ગઈ અને પાછળથી લગભગ ગુજરાતી ભાષા જ તેમણે લખવા માંડી જણાય છે; જો કે પ્રસંગોપાત્ત હિંદુસ્તાની શબ્દો આવી જાય છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં અને ત્યારબાદ પણ સંપ્રદાયના મહાન ધુરંધર સંતો - સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્ગુરુ નિત્યાનંદ સ્વામી, સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી વગેરેના પત્રોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. સંપ્રદાયના ગ્રંથ ભંડારોમાં તેવા કેટલાક પત્રો આજે પણ સચવાયેલા જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે આ પત્રસંગ્રહમાં ક્યાંય પણ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પત્રો ઉપલબ્ધ નથી. જો કે તેમના શિષ્ય સમુદાયમાં અગ્રેસર રહેલા સદ્ગુરુ બાલમુકુંદદાસ સ્વામીના પત્રો પ્રાપ્ત થાય છે. સંપ્રદાયના ઈતિહાસમાં વરતાલ અને અમદાવાદના આચાર્યશ્રીઓ પૈકી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજના પત્રો સંપ્રદાયના ગ્રંથાગારોમાં વિશેષ સચવાયા છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પછી તેઓની ગુણાતીત ગુરુપરંપરામાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પત્રો પ્રાપ્ત થાય છે. ભગતજી મહારાજ સુશિક્ષિત નહોતા, આમ છતાં તેઓએ લખાવેલા પત્રોમાં 'દરજી પ્રાગજી ગોવિંદની શઈ' લખીને પોતાના હસ્તાક્ષર પાડી આપતા હતા. તેમના એ પ્રાસાદિક પત્રોમાં તે સમયની પરિસ્થિતિનું બયાન પ્રાપ્ત થાય છે.

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પછી ગુણાતીત ગુરુપરંપરામાં વિપુલ માત્રામાં પત્ર-સાહિત્ય પ્રાપ્ત થાય છે. આ પત્ર-સાહિત્ય માત્ર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ

સંસ્થા નહીં, પરંતુ સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય અને તત્કાલીન ધાર્મિક-સામાજિક ઇતિહાસની એક ખૂબ મોટી ધરોહર છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત – અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ-ઉપાસનાના સિદ્ધાંતના પ્રખર પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે લખેલા પત્રો અને એમના સમકાલીન સંતો-ભક્તો-આગેવાનોના પત્રોનો ભંડાર એક અમૂલ્ય ઐતિહાસિક ખજાનો છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે લખેલા અસંખ્ય પત્રોનો અભ્યાસ કરતાં લાગે છે કે તેમાં ઇતિહાસનાં અજોડ રત્નો પડ્યાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની સાથે રહીને જેમણે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનનું કાર્ય કરવામાં પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો એવા સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીના પત્રલેખનનું યોગદાન અનન્ય છે. શાસ્ત્રીજી મહારાજ અને તેમના સમકાલીન લોકોના પત્રોનો ખજાનો જાળવવા માટે નિર્ગુણદાસ સ્વામીએ ખૂબ જ મહિમાપૂર્વક પુરુષાર્થ કરેલો. તેઓએ પોતાના જ એક પત્રમાં તેનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે ‘અમારી પાસે પ્રાગજી ભક્ત ઉપરના તથા જાગા ભક્તજીના બીજા ઉપરના તથા બીજા આચાર્ય, હરિજન, કોઠારી વગેરેના જેટલા કાગળો ઉપયોગી છે તે મારી પાસે થોકડે થોકડા છે, રાખી મૂક્યા છે. તે વાંચવાથી આનંદ થઈ જઈ જૂની સર્વે વાત જાણ્યામાં આવે ને રૂબરૂમાં રહ્યા જેટલો આનંદ આવે.’

ક્રમે ક્રમે આ પત્રોનો ભંડાર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી પાસે આવતાં, તેનો એક સંકલિત ગ્રંથ ‘લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ’ નામે સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા બે ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં કુલ ૪૫૪ પત્રોનો સમાવેશ કરાયો છે, જેમાં શાસ્ત્રીજી મહારાજ ઉપરાંત ભગતજી મહારાજ, જાગા સ્વામી, આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ, વિજ્ઞાનદાસ સ્વામી, બાપાલાલ વૈદ્ય, નિર્ગુણદાસ સ્વામી, કોઠારી ગોરધનદાસ, કોઠારી પ્રભુદાસ, યોગીજી મહારાજ, ગુલઝારીલાલ નંદા, હરિપ્રસાદ ચોકસી વગેરે દ્વારા લખાયેલા પ્રાસાદિક પત્રો એક ભવ્ય ઇતિહાસને આપણી આંખો સમક્ષ ઉઘાડી આપે છે. પત્રો વાંચતાં જ આપણે શાસ્ત્રીજી મહારાજના સમયમાં ઉપસ્થિત હોઈએ તેવો અનુભવ થાય છે. આ પત્રોમાં અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાનાં પ્રમાણો પ્રાપ્ત થાય છે. આધ્યાત્મિક માર્ગે એકાંતિક સંત - ગુરુની આવશ્યકતા પ્રતીતિકર બને છે, ગુરુભક્તિ, દાસત્વભક્તિ તથા સ્વામી-સેવકભાવની દૃષ્ટિ ઊઘડે છે. આ બધા મહાપુરુષોની પોતાના પ્રાણપ્યારા ગુરુ પ્રત્યેની અનન્ય નિષ્ઠા, ગુરુને રાજી કરવાની તમન્ના અને પ્રચંડ પુરુષાર્થ આપણા હૃદયને ઝંકૃત કરી મૂકે છે.

કેવા ભયાનક અને કઠિન સંજોગોમાં ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પાયા નંખાયા અને મજબૂત થયા, કેવા વિકટ આર્થિક અને સામાજિક સંઘર્ષો હસતે મુખે સહીને સૌ સંતોએ અહોરાત્ર પુરુષાર્થ કર્યો, તેનું બયાન આપણાં રોમ રોમ ખડાં કરી દે છે. આ પત્રોમાં ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે એમની સર્વોપરી નિષ્ઠા તથા એમની પતિવ્રતા ભક્તિનું અનોખું દર્શન થાય છે.

સંજોગો ભલે વિકટ હતા પરંતુ ‘યજ્ઞપુરુષ છે સાથે’નો આત્મવિશ્વાસ આ પત્રોમાં પડઘાય છે. સમયે સમયે શાસ્ત્રીજી મહારાજે બાંધી આપેલી હિંમતની મૂડી સંતો-ભક્તોને કેવી શક્તિ આપતી હતી તેનું દર્શન પણ આ પત્રો દ્વારા થાય છે. અને સૌથી વિશેષ તો બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રવર્તનની અજોડ કટિબદ્ધતા! એક તરફ મોટી ઉંમરે તેમના શરીરે વાની ખૂબ તકલીફ, ન બેસાય, ન ચલાય, ન ઉઠાય, એવા શારીરિક સંજોગો, મુસાફરીની કે વાહનોની કોઈ વ્યવસ્થા-સુવિધા નહીં, પણ તેનાથી હાર્યા સિવાય તેઓએ ઉપાસના પ્રવર્તન માટે અને સંતો-ભક્તોને રાજી કરવા જે વિચરણ કર્યું છે તેમાં તેમની ભક્તવત્સલતા, દૃઢ નિષ્ઠા અને અનન્ય ઈષ્ટભક્તિ તેમજ ગુરુભક્તિની સુવાસ અનુભવાય છે. આ પત્રોમાં શાસ્ત્રીજી મહારાજની પોતાના પ્રિય શિષ્ય પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેની અનોખી કૃપાદૃષ્ટિ પણ માણવા મળે છે. તેમના સંબંધે ઉપાસના માટે એવા જ સમર્પિત નિર્ગુણદાસ સ્વામીના પત્રોમાં અજોડ નિષ્ઠાનું તેજ ઝળકે છે. છેલ્લા દિવસોમાં એમના કથળેલા સ્વાસ્થ્યમાં પણ વહેલી સવારે, મોડી રાત્રે, ક્યારેક આખી રાત જાગીને પુસ્તક કદના પત્રો એમણે ભક્તોને લખ્યા છે તે એમની શ્રદ્ધા અને ઉપાસના પ્રવર્તનની તમન્નાનું દર્શન કરાવે છે.

પત્રોના એ સંગ્રહમાં કષ્ટોના કાદવ વચ્ચે કમળની જેમ પ્રફુલ્લિત થઈને ખીલતા યોગીજી મહારાજની અનોખી પ્રતિભાનું દર્શન થાય છે.

સ્વામિનારાયણીય પત્ર-સાહિત્યની દુનિયામાં આ ગ્રંથ એક અજોડ સ્થાન ધરાવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના પત્રોનો ગ્રંથ અને ‘લિ. યજ્ઞપુરુષદાસ’ ગ્રંથ, એ બે

સ્વામિનારાયણીય પત્ર-સાહિત્યની વિરલ અનુભૂતિ કરાવે છે.

સ્વામિનારાયણીય પત્ર-સાહિત્યની પરંપરામાં જેના વિશે ખૂબ ઓછું કહેવાયું છે - એ છે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનું પત્રલેખન. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે લખેલા સાડા સાત લાખથી વધારે પત્રોમાં એમની સાધુતા, ભક્તિ, નિઃસ્વાર્થ સેવાવૃત્તિ અને ભક્તવત્સલતા નીતરે છે. લાખો ઘરોમાં ખૂબ આદરપૂર્વક સચવાયેલા પ્રમુખસ્વામી મહારાજના એ પત્રો તેમના નિઃસ્વાર્થ પ્રેમના દસ્તાવેજ સમા છે.

વર્તમાન સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ હજારો પત્રો લખીને પ્રેરણાઓની ગંગા અસંખ્ય લોકો સુધી પહોંચાડી છે.

ભવિષ્યમાં વિદ્વાનો આ વિશાળ પત્ર-ભંડાર પર સંશોધન કરીને તેમાંથી સંપ્રદાયના સિદ્ધાંત, ઈતિહાસ, પરંપરા અને એ મહાન પુરુષોની હૃદગત વાતોને બહાર લઈ આવશે ત્યારે આવનારી અનેક પેઢીઓને તેમાંથી અનોખી પ્રેરણા મળશે. સ્વામિનારાયણીય પત્ર ખજાનાનો અભ્યાસ આવનારી અનેક પેઢીઓમાં કંઈક નવું કરવાનું પ્રેરણામૃત સિંચતો રહેશે. ◆

---

**(અનુસંધાન પૃષ્ઠ ૫ પરથી)**

*ઉદ્‌ઘાટનનો અવસર હતો ત્યારે, સ્વામીશ્રી છેલ્લી ક્ષણ સુધી પત્રલેખન કરતા રહ્યા. રાષ્ટ્રના ગૌરવ સમો આ વિરલ અવસર, સ્વામીશ્રીના કીર્તિમાનને યુગો સુધી ઝળહળતું રાખે એવો આ અવસર. દેશ-વિદેશના લાખો લોકો પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે જેમાં જોડાયા હતા એવો આ અવસર. તેમાં સહભાગી થવા માટે ભારતના રાષ્ટ્રપતિશ્રી અને વડાપ્રધાનશ્રી પોતાના નિવાસેથી નીકળીને અક્ષરધામ તરફ આવવા રવાના થઈ ગયા તે સમાચાર મળ્યા ત્યાં સુધી સ્વામીશ્રી પત્રલેખન કરતા રહ્યા!*

*પત્રલેખન-વાંચનમાં સ્વામીશ્રી એટલા તન્મય બની જાય કે પોતાની જાતને વીસરી જાય. આવી તન્મયતાથી લખાયેલા સ્વામીશ્રીના એ પત્રો લોકો સુધી પહોંચે ત્યારે સૌને અનુભવાય કે આત્મીયતાનાં અમૃતઝરણાં અમ સુધી પહોંચ્યાં છે.*

*સ્વામીશ્રીના એ પત્રોની સાથે સ્વામીશ્રીની પ્રાર્થનાઓનો પ્રવાહ વહેતો રહેતો. ઘણી વખત સ્વામીશ્રી અગત્યના પત્રો કે દસ્તાવેજો ખાસ ઠાકોરજી આગળ દૃષ્ટિ પ્રસાદીના કરાવે અને ત્યાર પછી જ રવાના કરે. એવા પ્રેરણાદાયી પત્રો આવ્યા હોય તો સૌને પ્રેરણા મળે એ માટે પત્રવાંચન વખતે જ સામે બેઠેલા સૌને વાંચી સંભળાવે અને નિરૂપણ કરે.*

*ઘણી વખત કેટલાક લોકોને આશ્ચર્ય થતું કે આવા મહાન સંત, ભક્તોની રોજિંદી નાની-નાની બાબતોમાં કેવી રીતે રસ લઈ શકતા હશે! પોતાના ભૌતિક જીવનની રોજિંદી સંસારી સમસ્યાઓ લોકો સ્વામીશ્રી જેવા પરમ આધ્યાત્મિક મહાપુરુષ પાસે પત્રો દ્વારા ઠાલવે કે રૂબરૂ ઠાલવે તેનું આશ્ચર્ય અનેક લોકોને થતું.*

*એવા જ એક આશ્ચર્ય સાથે અમેરિકાના પ્રૉ. રેમન્ડ વિલિયમ્સે સ્વામીશ્રીને પૂછ્યું હતું:*

*'દેખીતી રીતે કૌટુંબિક કે ધંધાદારી બાબતો સાથે આપને કોઈ જ સીધો સંબંધ લાગતો નથી છતાં એવી બાબતોમાં તમે કેવી રીતે અને કયા હેતુથી સલાહ આપો છો?' ત્યારે મંદ સ્મિત સાથે સ્વામીશ્રીએ કહ્યું હતું:*

*'અમે હરિભક્તની પ્રવૃત્તિઓ અને વ્યવહારમાં રસ લઈએ તો પ્રેમનો સેતુ બંધાય અને એ ભગવાનની વધારે નજીક આવે. એમને પ્રેમથી ભગવાનમાં જોડવા એ હેતુ છે. એમના કુટુંબના અને ધંધાના પ્રશ્નોનો ઉકેલ આવશે તો તેમને અમારામાં હેત થશે. તો તેમને શાશ્વત મુક્તિ તરફ લઈ જવાશે. ભગવાન અને સંતની એ રીત જ છે કે ગુરુના પ્રેમથી ભક્તો સંપત્તિ અને જીવન પ્રત્યેના બંધનનો પણ ત્યાગ કરે. મુખ્ય હેતુ તો એ જ છે કે એ ભગવાન તરફ વળે. પ્રેમ વિના એ શક્ય નથી. જો હેત થાય તો શાશ્વત જીવનને પામી શકાય.'*

*હા, પ્રમુખસ્વામી મહારાજના પત્રોમાં એવો પ્રેમ ટપકતો હતો કે જેનું લક્ષ્ય પરમાત્મા તરફ લઈ જવાનું હતું. સ્વામીશ્રીની આત્મીયતા જાણે એક વિરાટ છત્ર, જેની શીતળ છાયા ભેદભાવ વિના સૌ કોઈ માણે છે. આજેય ઘરોઘર સચવાયેલા સ્વામીશ્રીના એ પત્રો શીતળતાની પ્રતીતિ કરાવી રહ્યા છે, જેમાં સ્વામીશ્રીની આધ્યાત્મિક પ્રતિભા, સૌ પ્રત્યેનું તેમનું વાત્સલ્ય અને માનવમાત્રનું ભલું કરવાની ભાવના છલકે છે.*

*પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી પર્વે 'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક તેઓની એ પત્ર-ભક્તિનું આચમન કરાવે છે. આવો તેને માણીએ...*

- સાધુ અક્ષરવત્સલદાસ ◆

### પૂજ્ય ધર્મસ્વરૂપદાસ સ્વામી, સારંગપુર, ઉં.વ. ૮૮, અક્ષરવાસ તા. ૩-૮-૨૦૨૧



સારંગપુર ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પૂજારીશ્રી તરીકે વર્ષો સુધી સેવા આપનાર સાધુતાસંપન્ન સંત પૂજ્ય ધર્મસ્વરૂપદાસ સ્વામીનો અક્ષરવાસ થયો છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના હસ્તે સન ૧૯૫૭માં પુષ્પદોલોત્સવે તેઓએ દીક્ષા પ્રાપ્ત કરી હતી. પૂર્વાશ્રમમાં મોણપુર(વલ્લભીપુર)ના વતની હતા. તેઓએ દીક્ષા લીધા બાદ વર્ષો સુધી સારંગપુરમાં સેવામય રહ્યા હતા. પોતાની સેવા તેઓ ખૂબ ખંતપૂર્વક અને મમત્વ સાથે કરતા. દેવદ્રવ્યનો ક્યારેય ખોટો વ્યય ન થાય તેની હંમેશાં તકેદારી રાખતા. પરમહંસોની ઝાંખી કરાવે તેવું તેઓનું તપ-ત્યાગ-વૈરાગ્યપૂર્ણ જીવન સંતો માટે અત્યંત પ્રેરણાદાયી હતું. વર્ષો સુધી તેઓ ફક્ત એક સમય જ ભોજન લેતા. સેવાની સાથે સાથે કથાવાર્તા-વાંચન-ભજનના અંગવાળા આ ભજનિક સાધુ રોજની ૨૦૦ માળા ફેરવતા. પોતાના દેહની ક્યારેય દરકાર, ફરિયાદ ન કરનાર તેઓનું જીવન જોઈ સદ્‌ગુરુ પૂજ્ય સંત સ્વામીએ તેઓને 'જડભરત'ની ઉપમા આપેલી. પોતાના ત્યાગી જીવનનાં પાંચ વર્ષ મહેસાણા મંદિરે પણ વીતાવેલાં. ત્યાં તેઓ કથાવાર્તા-ભજન કરતા. સંતો સાથે સત્સંગ વિચરણમાં પણ ઉત્સાહથી જોડાતા. તપસ્વી અને સત્પુરુષની રુચિ અનુસાર અપેક્ષા વિના સેવા-ભક્તિ કરી યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજના અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. છેલ્લી અવસ્થામાં બીમારીમાં પણ ક્યારેય ફરિયાદ ન કરનાર, અંતરથી અખંડ આનંદમય પૂજ્ય ધર્મસ્વરૂપદાસ સ્વામી ૮૮ વર્ષની વયે અક્ષરનિવાસી થયા છે. ત્યાગી જીવનનો ઉચ્ચ આદર્શ પૂરો પાડનાર પૂજ્ય ધર્મસ્વરૂપદાસ સ્વામીને હાર્દિક ભાવાંજલિ.

### પૂજ્ય વિરક્તસ્વરૂપદાસ સ્વામી, અટલાદરા, ઉં.વ. ૬૭, અક્ષરવાસ તા. ૮-૮-૨૦૨૧



પૂજ્ય વિરક્તસ્વરૂપદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા સન ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવમાં દીક્ષા પ્રાપ્ત કરી હતી. પૂર્વાશ્રમમાં નળા ગામના વતની. તેઓ સારંગપુર તથા બોચાસણમાં સંત તાલીમ લઈને અટલાદરા(વડોદરા) ખાતે આરંભ થયેલ છાત્રાલયમાં સન ૧૯૮૫-૮૬માં શરૂઆતમાં ભંડારી તરીકે સેવામાં જોડાયા હતા. ત્યારબાદ અટલાદરા ખાતે જ મંદિરના બાંધકામ વિભાગમાં ખૂબ જ ખંતથી વર્ષો સુધી સેવામાં જોડાયેલા રહ્યા. મંદિરના માસ્ટર પ્લાન તથા વડોદરા જિલ્લાનાં હરિમંદિરોનાં બાંધકામની સેવા તેઓ ખૂબ ચીવટપૂર્વક મમત્વથી કરતા. ગોંડલ મંદિરના અક્ષરદ્વારનું તથા ગાંધીનગર અક્ષરધામના બાંધકામનું કાર્ય ચાલુ હતું તે સમયે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેઓ બંસીપહાડપુર(રાજસ્થાન) ખાતે પણ પથ્થરનાં કાર્ય માટે સેવામાં જોડાયા હતા. તેઓને છેલ્લા ઘણા સમયથી બીમારીને કારણે અટલાદરા ખાતે બી.એ.પી.એસ. હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતા, આમ છતાં અસહ્ય શારીરિક પીડાની ક્યારેય કોઈને ફરિયાદ કરી નહોતી. બીમારી વચ્ચે કથાવાર્તા-વાંચન-ભજનમાં તેઓ પ્રવૃત્ત રહેતા. ખૂબ જ બાહોશ અને સેવાભાવી એવા પૂજ્ય વિરક્તસ્વરૂપદાસ સ્વામીએ સમર્પણ અને સેવાભાવનાથી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા ગુરુહરિ મહંત સ્વામી મહારાજની અપાર પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીને હાર્દિક ભાવાંજલિ.

### ભક્તરાજ શ્રી અરુણભાઈ રામભાઈ પટેલ, સાઉથ લંડન, ઉં.વ. ૮૫, અક્ષરવાસ તા. ૨૭-૭-૨૦૨૧



'અરુણકુમાર' તરીકે ઓળખાતા લંડન સત્સંગમંડળના અગ્રણી કાર્યકર અને સંનિષ્ઠ સેવક સદ્‌ગતશ્રી, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અત્યંત કૃપાપાત્ર ભક્તરાજ હતા. લંડન નિસડન મંદિરમાં એકાઉન્ટ્સ, પરિવહન, સિક્યોરિટી, સત્સંગપ્રવૃત્તિ વગેરે વિવિધ સેવાપ્રવૃત્તિઓમાં તેઓ વર્ષોથી સક્રિયપણે જોડાયેલા રહ્યા. અનેકને સત્સંગનો રંગ લગાડવાની તેમની ધગશ અનોખી હતી. કથાવાર્તાનો વિશેષ મહિમા તેઓના જીવનમાં સંપૂર્ણપણે વણાયેલો હતો. લંડનના કોઈપણ હરિભક્ત ધામમાં જાય ત્યારે તેઓ અવશ્ય પહોંચી જતા. મહિમાપૂર્વક સેવા કરવાની ધગશથી સત્સંગપ્રવૃત્તિને વેગ આપનારા અને પ્રાપ્તિના કેફથી છલકાતા આ હરિભક્તની નિષ્ઠાસભર સેવાની પ્રશંસા પ્રમુખસ્વામી મહારાજે પણ ઘણીવાર કરી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ પ્રત્યે અનોખી પ્રીતિથી જોડાયેલા તેઓએ છેલ્લા શ્વાસ સુધી ભજન-ભક્તિ, કથાવાર્તા, સેવા દ્વારા પોતાનું જીવન ધન્ય કરી દીધું હતું. તેમની વિદાયથી એક નિષ્ઠાવાન સમર્પિત ભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## ભક્તરાજ શ્રી નટવરલાલ હરિલાલ ભોજાણી, જૂનાગઢ, ઉં.વ. ૮૫, અક્ષરવાસ તા. ૨૪-૭-૨૦૨૧



જૂનાગઢ સત્સંગમંડળના નિષ્ઠાવાન હરિભક્ત શ્રી નટવરલાલ ભોજાણીને જૂનાગઢ સત્સંગમંડળના અગ્રણી તરીકેની જવાબદારી વર્ષો પૂર્વે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સોંપી હતી. ત્યારથી લઈને છેલ્લા શ્વાસ સુધી જૂનાગઢના ગ્રામ્ય વિસ્તારમાં અગ્રણી કાર્યકર તરીકે તેમજ જૂનાગઢ મંદિર નિર્માણમાં પણ ઉત્સાહથી સેવા પ્રદાન કરી હતી. જૂનાગઢમાં અગ્રણી બિઝનેસમૅન તરીકે વિશેષ જાણીતા નટવરભાઈએ પોતાના સંપર્કમાં આવનાર અધિકારીઓ, અગ્રણી મહાનુભાવો અને વેપારીઓને સત્સંગનો યોગ કરાવ્યો હતો. છેલ્લાં પાંચ વર્ષથી બીમારી હોવા છતાં અનન્ય કેફથી ગોષ્ઠિ-સંપર્ક કરતા હતા. પારિવારિક દુ:ખદ પ્રસંગોમાં પણ ખુમારીથી સત્સંગ અને સમજણ રાખીને ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## ભક્તરાજ શ્રી હિતેશભાઈ નારણભાઈ ગઢવી, અમદાવાદ, ઉં.વ. ૫૭, અક્ષરવાસ તા. ૧૪-૮-૨૦૨૧



અમદાવાદના સંનિષ્ઠ સત્સંગી અને ગુજરાત યુનિવર્સિટીના આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર શ્રી હિતેશભાઈ ગઢવીને સત્સંગના સંસ્કારો વારસામાં મળ્યા હતા. તેઓના પિતાશ્રી નારણભાઈ ગઢવીએ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ખૂબ સેવાઓ કરી પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. પિતા પાસેથી મળેલા આ સંસ્કારોને કારણે હિતેશભાઈના જીવનમાં સત્સંગની નિષ્ઠા, સંસ્થા પ્રત્યેનું મમત્વ, સત્સંગીનો પક્ષ અને સંતો-હરિભક્તોના મહિમાની ભાવના દૃઢપણે વણાયેલી હતી. સમયે સમયે તેઓએ બી.એ.પી.એસ. સંસ્થામાં નોંધપાત્ર સેવાઓ આપી હતી. જીવનના અંત સુધી નિયમિત રવિ-સત્સંગ સભાના નિયમનું સારધાર પાલન કરીને તેઓએ ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કરી લીધો હતો. તેઓના અક્ષરવાસથી અમદાવાદ સત્સંગ મંડળે એક નિષ્ઠાવાન સેવક ગુમાવ્યા છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.


પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય જીવનગાથાને પ્રસ્તુત કરતી અદ્‌ભુત ગ્રંથશ્રેણી

# ભગવાન શ્રી સ્વામિનારાયણ

### ભાગ ૧ થી ૫

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની જીવનગાથા એટલે દિવ્યતાનો મહાસાગર.
પ્રાગટ્યથી લઈને ૪૯ વર્ષના શ્રીહરિના દિવ્ય જીવનમાં પળે પળે એમના કરુણાસભર વ્યક્તિત્વ અને પરબ્રહ્મ સ્વરૂપનો રણકાર સંભળાય છે. તેમનાં દિવ્ય ચરિત્રોનો આસ્વાદ અંતર-મનને ઝંકૃત કરે છે.
સંપ્રદાયના પ્રખર વિદ્વાન શ્રી હર્ષદભાઈ દવેની રસાળ કલમે લખાયેલાં આ અદ્‌ભુત જીવનચરિત્રો સંપ્રદાયના ઇતિહાસના એક અદ્‌ભુત રસથાળ સમા ગ્રંથો છે.
સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત આ ગ્રંથોને વાંચીએ, તેનું મનન કરીએ અને આપણા જીવનને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની ભક્તિથી છલકાવીએ...



# શલભાસન



**યોગ, વ્યક્તિને ભગવાનમાં જોડવાની એક પ્રક્રિયા છે. જેનું એક મહત્ત્વનું પગથિયું છે - આસન, જે શરીરને સ્થિરતા આપે, મનને શાંતિ આપે, સ્વાસ્થ્યની વૃદ્ધિ અને તન-મનની સ્ફૂર્તિ આપે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ નિયમિત યોગ-પ્રાણાયામ કરીને પ્રેરણા આપતા. સાધુ અક્ષરજીવનદાસ દ્વારા લિખિત ‘યોગ દ્વારા આરોગ્ય’ પુસ્તકના આધારે ‘પ્રકાશ’માં દરેક અંકે માણતા રહીશું યોગની કેટલીક રજૂઆતો.**

**પ્રયોગઃ**

● જમીન ઉપર સાદડી પાથરીને ઊંધા સૂઈ જાઓ. શ્વાસ પૂર્ણપણે કાઢીને હડપચીને જમીનનો સ્પર્શ કરાવો.

● બન્ને હાથની મુઠ્ઠી બાંધીને કમરની પાસે સાથળ નીચે રાખો. ત્યારબાદ ધીરે ધીરે શ્વાસ ભરી છાતી તથા મસ્તકને જમીન ઉપર રાખો.

● હાથના બળ વડે એક પગને યથાશક્તિ એક-દોઢ હાથની ઊંચાઈ સુધી લઈ જઈને સ્થિર કરો. ૧૦ સેકન્ડ પછી ધીરે ધીરે પગને જમીન ઉપર રાખો. શ્વાસ કાઢો.

● આવી જ રીતે બીજા પગને ઉઠાવો. ત્યારબાદ બન્ને પગને એક સાથે જ ઉઠાવો. આ સ્થિતિમાં થોડો સમય રહીને ફરી પૂર્વવત્ સ્થિતિમાં આવી જાઓ.

● શ્વાસ ભરો.

● ફરી ફરી આ આસનનો અભ્યાસ કરો.

● બન્ને પગને ૪૫ અંશના ખૂણે ઊંચા કરવા માટે થાપાની માંસપેશીઓમાં ખેંચાણ ઉત્પન્ન થાય અને શરીરનો ફક્ત છાતી અને થોડો પેટનો ભાગ જમીનને સ્પર્શે, બાકીનું શરીર ઊંચું રહે તે શલભાસનની પૂર્ણસ્થિતિ છે.

● વધુ અભ્યાસ પછી આ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

**પ્રભાવઃ**

● આ આસન પાચનક્રિયાને ઉત્તેજિત કરે છે, વાયુ વિકાર અને પેટની ચરબી ઓછી કરે છે.

● મેરુદંડ પાછળ ખેંચાવાથી લચીલો બને છે. જાંઘ, પેટ, હાથ વગેરે ભાગોને લાભ થાય છે. પેટનાં આંતરડાં મજબૂત થાય છે; અને બધાં જ પ્રકારનાં પેટનાં દર્દો દૂર થઈ જાય છે.

● આ આસનના નિયમિત અભ્યાસથી મેરુદંડની ગાદી ખસી ગઈ હોય તો વગર આરામે અને વગર શસ્ત્રક્રિયાએ મટી જાય છે. મૂત્રાશય પણ સ્વસ્થ રહે છે.


● આ આસનથી સાયેટિકામાં રાહત થાય છે. પગની તથા પીઠની માંસપેશીઓ સુદૃઢ થાય છે, પરંતુ આ માટે યોગશિક્ષકનું પ્રત્યક્ષ માર્ગદર્શન લેવું.

● વાત, પિત્ત, કફ જેવા અન્ય વિકારો તથા મધુપ્રમેહ જેવા ઘાતક રોગના નિવારણ માટે આ આસન ઉપયોગી થાય છે. કબજિયાત દૂર કરવામાં મદદ કરે છે. હાથના કાંડાની પેશીઓને મજબૂત બનાવે છે.

**સૂચનાઃ**

● કમર દુખતી હોય ત્યારે તથા સારણગાંઠ થઈ હોય તેવા લોકોએ આ આસન ન કરવું. ◆











## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અંતર્ધાન દિને ગુરુવંદના

તા. ૧૭-૮-૨૦૨૧, શ્રાવણ સુદ ૧૦ના પવિત્ર દિવસે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને અંતર્ધાન થયે પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હતાં. આ પ્રસંગે સંધ્યા સમયે યોજાયેલી ઓનલાઇન સ્મૃતિ સભામાં સંતો-ભક્તો-મહાનુભાવો અને સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિઓથી સૌને ભક્તિભીના કર્યા હતા. આજના દિવસે પ્રમુખસ્વામી મહારાજ તેમજ શાસ્ત્રીજી મહારાજનાં સ્મૃતિ સ્થાને પધારીને, તથા પ્રમુખસ્વામી મહારાજના કક્ષમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દેશ-વિદેશના લાખો ભક્તો-ભાવિકો વતી વંદના કરીને પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવઅર્ઘ્ય અર્પ્યું હતું.

Swaminarayan Prakash Gujarati, September-2021, Published on 1-9-2021. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.







## તીર્થધામ સારંગપુરમાં મહંત સ્વામી મહારાજ

એક વરસ અને પાંચ મહિના પછી તા. ૧૦-૮-૨૦૨૧ના રોજ સારંગપુર પધારેલા ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં દર્શન અને સ્વાગતનો એક અનોખો દિવ્ય માહોલ સર્જાયો હતો. સ્વામીશ્રીએ ઉપસ્થિત સંતો-ભક્તોને પ્રત્યક્ષ દર્શનનો લ્હાવો આપીને સૌ પર આશીર્વાદ વરસાવ્યા હતા.

**Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas**